

રાજકોટમાં વિજય રૂપાણીની રાજકીય સન્માન સાથે અંતિમવિધિ

PAGE NO. 8

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH



ઇન્ડોનેશિયામાં જવાળામુખી ફાટતાં હજારોનું સ્થળાંતર, ઉડ્ડયનો રદ

PAGE NO. 18

FRIDAY, 20 JUNE, 2025 Vol. 23, No. 24 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

### ઇઝરાયલ-ઈરાન વચ્ચે ભીષણ બનતું યુદ્ધ : હુમલા બાદ ઈરાને પણ વળતો પ્રહાર કર્યો

# ઈઝરાયલ પર ઈરાને બેલેસ્ટિક મિસાઈલ ઝીંકી

## ઇઝરાયેલમાં ડિફેન્સ એરિયામાં આવેલી હોસ્પિટલ ઉડાવી, સ્ટોક એક્સચેન્જ બિલ્ડીંગને વ્યાપક નુકસાન

**જેરુસલેમ**

બુધવારે ઈરાને ફરી એકવાર બેલેસ્ટિક મિસાઈલથી હુમલા કરીને ઈઝરાયલને હચમચાવી નાખ્યું હતું. જેમાં ઈરાને ઈઝરાયલમાં આવેલી સોરોકા હોસ્પિટલને નિશાન બનાવી હતી. 4 બેલેસ્ટિક મિસાઈલ ઝીંકીને ઈરાને અહીં મોટાપાયે વિનાશ વેર્યો હતો. હુમલા બાદના દૃશ્યો પણ સામે આવ્યા હતા જેમાં હોસ્પિટલને થયેલું મોટું નુકસાન થયું હતું.

ઈઝરાયલના વિદેશ મંત્રાલયે ઈરાનના હુમલા અંગે પ્રતિક્રિયા આપતાં કહ્યું કે બીર્શેબામાં સોરોકા હોસ્પિટલ પર ઈરાને બેલેસ્ટિક મિસાઈલ વડે હુમલો કર્યો હતો. અમે તમામ લોકોની સુરક્ષા માટે જે થઈ શકશે તે કરીશું. તહેરાન પર ઈઝરાયલના હુમલાનો જવાબ આપતાં ઈરાને ઈઝરાયલની બીર્શેબા નામની હોસ્પિટલ પર હુમલો કર્યો હતો. જેમાં છ લોકો ગંભીર રૂપે ઘવાયા હતા. 20થી વધુને આશિંક ઈજા થઈ હતી. હોસ્પિટલ સંપૂર્ણપણે ધરાશાયી થઈ ગઈ હતી. આ હોસ્પિટલ ઈઝરાયલ ડિફેન્સ ફોર્સના કમાન્ડ એરિયામાં હતી. જેથી તેને ટાર્ગેટ બનાવવામાં આવી છે.



### ખામેનેઈની સત્તાના પાયા હલાવી નાંખીશું : ઈઝરાયલ

ઈઝરાયલના રક્ષા મંત્રી કાટ્ઝે ખામેનેઈને ધમકી આપી છે. મીડિયા અનુસાર, ઈઝરાયલના રક્ષામંત્રી કાટ્ઝે કહ્યું છે કે, હોસ્પિટલ પર હુમલા માટે ખામેનેઈ જવાબદાર છે. અને તેની સજા ખામનેઈને મળશે. તે યુદ્ધ ઈચ્છે છે. હવે અમે પણ નવી રીતો અપનાવી ઈરાન પર હુમલો કરીશું. અલી ખામેનેઈની સત્તાને હચમચાવી દઈશું. તેના માટે જે કરવુ પડે તે કરીશું.

### ચીન-રશિયાએ બંને દેશો યુદ્ધવિરામ કરી અપીલ

યુદ્ધ અંગે ચીનના રાષ્ટ્રપતિ જિનપિંગે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે ટેલિફોનિક વાતચીત કરી હતી. ચીની મીડિયા પાસેથી મળતી માહિતી મુજબ રાષ્ટ્રપતિ જિનપિંગે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે મધ્ય પૂર્વ વિસ્તારની વર્તમાન પરિસ્થિતિ તથા યુદ્ધ અંગે વાતચીત કરી હતી. સાથે બંને દેશોને યુદ્ધ વિરામ કરવા અપીલ કરી હતી.

## ચાબહાર પોર્ટ અને ભારતનું રોકાણ ખતરામાં

**નવી દિલ્હી**

ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેનો સંઘર્ષ હવે વધુ ઘાતક બની રહ્યો છે, જેમાં બંને દેશો એકબીજા પર મિસાઈલોથી વાર કરી રહ્યા છે. ઈઝરાયેલી મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ઈરાને ઈઝરાયેલી સ્ટોક એક્સચેન્જ અને હોસ્પિટલો પર હુમલો કર્યો છે, જેમાં 25થી વધુ મિસાઈલો છોડવામાં આવી હતી. આ બંને દેશો વચ્ચે ચાલી રહેલા સંઘર્ષને કારણે ઈરાનમાં ભારતના 550 મિલિયન ડોલર એટલે કે લગભગ 4771 કરોડ રૂપિયા દાવ પર લાગેલા છે. હકીકતે ઈરાનમાં ભારતના વ્યાપારિક અને વ્યૂહાત્મક હિતો મુખ્યત્વે ચાબહાર પોર્ટ પર કેન્દ્રિત છે, જે ઈન્ડિયા પોર્ટ ગ્લોબલ લિમિટેડ (IPGL) દ્વારા સંચાલિત એક મહત્વપૂર્ણ સંપત્તિ છે.

આ પોર્ટ ભારતને પાકિસ્તાનને બાયપાસ કરીને અફઘાનિસ્તાન અને મધ્ય એશિયા માટે એક વ્યૂહાત્મક માર્ગ પૂરો પાડે છે. જોકે, ઈરાન-ઈઝરાયેલના વધતા સંઘર્ષને કારણે આ પોર્ટ પર સંકટ આવી શકે છે,મે 2024 સુધીમાં, ભારતે ચાબહારમાં શાહિદ બેહેશ્તી ટર્મિનલના મેનેજમેન્ટ માટે 10 વર્ષનો કરાર મેળવ્યો છે. IPGL ઈરાનના આરિયા બાનાડર સાથે ભાગીદારીમાં તેના સંચાલનની દેખરેખ રાખે છે. આ પોર્ટના વિકાસમાં ભારતનું મોટું રોકાણ છે, જેમાં 200 મિલિયન અમેરિકી ડોલરથી વધુનો સીધો રોકાણ અને એક ટર્મિનલના વિકાસ માટે 700 કરોડ રૂપિયાનું રોકાણ કરવાની જાહેરાતનો સમાવેશ થાય છે.

### ઇઝરાયલનો સાયબર અટેક

# ઈરાનની 781 કરોડથી વધુની રકમ ગાયબ

### હુમલાની અનેક ક્રિપ્ટોકરન્સી પર અસર

**તહેરાન**

યુદ્ધમાં ઈઝરાયલે ઈરાનની આર્થિક કમર ભાંગવા સાયબર એટેકનો સહારો પણ લીધો છે. ઈઝરાયલના હેકર્સે લગભગ નવ કરોડ ડૉલર એટલે કે રૂપિયા 781 કરોડથી વધુની રકમ ગાયબ કરીને ઈરાનને મોટો ઝાટકો આપ્યો છે.

‘ગોન્જેશકે દારાન્ડે’ નામના હેકર્સ ગૃપે ઈરાન પર થયેલા સાયબર એટેકની જવાબદારી લીધી હતી. હેકર્સના ગૃપે ઈરાનના ક્રિપ્ટોકરન્સી એક્સચેન્જ ‘નોબિટેક્સ’ના સોર્સ કોડને પણ જાહેર કરી દીધો છે. આ ગૃપે ટેલિગ્રામ પર લખ્યું કે, “નોબિટેક્સમાં બાકી રહેલી સંપત્તિઓ હવે સંપૂર્ણપણે સાર્વજનિક થઈ ગઈ છે.”

બ્લોકચેન વિશ્લેષક ફર્મ એલિપ્ટિકે પોતાના એક બ્લોગમાં જણાવ્યું હતું કે, આ સાયબર અટેક દ્વારા ઈરાનને રાજકીય સંદેશ આપવામાં આવ્યો છે. હેકર્સે નોબિટેક્સને રાજકીય સંદેશ મોકલવા માટે આ ક્રિપ્ટોકરન્સીના આ ચલણને સંપૂર્ણપણે હટાવી લીધું છે. નોબિટેક્સમાંથી ચોરાયેલા પૈસા ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડના ટીકા કરતા સંદેશાઓ સાથે જોડાયેલા સરનામાં પર મોકલવામાં આવ્યા હતા. ‘ગોન્જેશકે દારાન્ડે’ હેકર્સ ગૃપે એક્સ પર એક પોસ્ટ કરીને નેટબિક્સ પર પશ્ચિમી પ્રતિબંધોથી બચવા અને આતંકવાદીઓને પૈસા મોકલવામાં ઈરાન સરકારની મદદ કરવાનો આરોપ લગાવ્યો છે.


નોબિટેક્સે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને જણાવ્યું કે, અમારી એપ્લિકેશન તથા વેબસાઈટ કામ કરી રહીં નથી. કારણ કે અમે અમારી સિસ્ટમમાં અનધિકૃત એક્સેસની ગતિવિધિ જોવા મળી છે. તેથી નોબિટેક્સે પણ આ સાયબર હુમલાની પુષ્ટી કરી હોય એવું લાગી રહ્યું છે. અમેરિકન ચેનાલિસિસ ફર્મના નેશનલ સીક્યુરિટી ઈન્ટેલિજન્સના પ્રમુખ એન્ડ્ર્યૂ ફિરમૈને જણાવ્યું કે, નોબિટેક્સ એક્સચેન્જ પર બિટકોઈન, ઈથેરિયમ, ડોગેકોઈન સહિતની અનેક ક્રિપ્ટોકરન્સી આ સાયબર હુમલાનો ભોગ બની ગઈ છે.









# હેમિલ્ટનથી ગુમ ભારતીય વિદ્યાર્થી ટોરોન્ટોમાં મૃત હાલતમાં મળ્યો

## પોલીસે વીડિયો કોલ કરી ભારતમાં રહેતા પરિવાર પાસે ઓળખ કરાવી : યુવાનના પરિવારે ઘટના અંગે આશંકા સેવી

**હેમિલ્ટન**

લગભગ એક મહિના પહેલા ગુમ થયેલો અને હેમિલ્ટનનો 22 વર્ષીય વિદ્યાર્થી ટોરોન્ટોમાં મૃત હાલતમાં મળી આવ્યો હતો. સાહિલ કુમાર છેલ્લે 16 મેના રોજ બપોરે ટોરોન્ટોના ડાઉનટાઉનમાં યોંગ અને ડુંડાસ સ્ટ્રીટ નજીક દેખાયો હતો. તાજેતરમાં ભારતથી આવેલા સાહિલ કુમાર એપ્રિલમાં હેમિલ્ટન ગયા હતા અને આ વસંતઋતુની શરૂઆતમાં હમ્બર કોલેજમાં વેબ ડિઝાઈન પ્રોગ્રામ શરૂ કરવાના હતા. ટોરોન્ટો પોલીસે જણાવ્યું હતું કે, સાહિલ કુમારનો મૃતદેહ ગુમ થયાના 10 દિવસ પછી 26 મેના રોજ મળી આવ્યો હતો. આ કેસ ગુનાહિત બાબતનો લાગતો નથી. જોકે, સાહિલ કુમારના પરિવારનું કહેવું છે કે, તેના મૃત્યુની આસપાસના સંજોગો જવાબો કરતાં ઘણા વધુ પ્રશ્નો ઉભા કરે છે.



તે ખુશ હતો. તેને કોઈ સમસ્યા સૂઈ ગયો હશે. પરંતુ જ્યારે તેમને ખબર પડી કે તે સૂઈ ગયો નથી, ત્યારે તેઓએ ફોન કરવાનું શરૂ કર્યું અને આખરે પોલીસ રિપોર્ટ નોંધાવ્યો હતો. તે 20 મેના રોજ જારી કરવામાં આવ્યો હતો. 27 મેના રોજ તેમને એક સંદેશ મળ્યો હતો. જેમાં પુષ્ટિ મળી કે કુમાર પાણીમાં મૃત હાલતમાં મળી આવ્યો છે. પોલીસ સાથેના વીડિયો કોલ દરમિયાન વિદેશમાં પરિવાર દ્વારા તેનો મૃતદેહ ઓળખવામાં આવ્યો હતો. તેના કાકાના જણાવ્યા મુજબ સાહિલને તરવાનું પણ આવડતું હતું, ‘તે બીચ પર કેમ જશે? શું થયું?’ પરંતુ અમને કોઈ સ્પષ્ટ જવાબ મળ્યો નથી. ટોરોન્ટો પોલીસે કુમારનો મૃતદેહ ક્યાં મળ્યો હતો તે સ્થળ અથવા તેમના મૃત્યુની આસપાસના ચોક્કસ સંજોગો અંગે કોઈ ટિપ્પણી કરી નથી.

પરિવારનું કહેવું છે કે, મૃતદેહ મળ્યા પછી વાતચીત મોટાભાગે બંધ થઈ ગઈ હતી.

# ભારત-કેનેડાના સંબંધોમાં સુધારાના સંકેત : મોદી અને કાર્ને વચ્ચે વાતચીત

## વેપારી અને રાજદ્વારી સબંધોને વધુ ગાઢ બનાવવા તાકીદે પગલાં લેવાના નિર્દેશ

**ટોરોન્ટો**

ભારત અને કેનેડાના ડેલિગેટ્સ એકબીજાની રાજધાનીઓમાં હાઈ કમિશનરો (રાજદૂતો) ની ફરીથી નિમણૂક કરવા સંમત થયા છે. આ નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે કેનેડાના પૂર્વ વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોના કાર્યકાળ દરમિયાન બંને દેશો વચ્ચેના સંબંધો બગડ્યા હતા. કનાનાસ્કિસમાં G7 સમિટ દરમિયાન કેનેડાના નવા વડાપ્રધાન માર્ક કાર્ની અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચેની દ્વિપક્ષીય બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. મીટિંગ વિશે માહિતી આપતાં ભારતના વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ જણાવ્યું હતું કે, ‘બંને દેશોના વડાપ્રધાનો આ મહત્વપૂર્ણ સંબંધમાં સ્થિરતા લાવવા માટે ક્રમિક પગલાં લેવા સંમત થયા હતા. પહેલું પગલું એ હશે કે બંને દેશોના હાઈ કમિશનરોને ટૂંક સમયમાં એકબીજાની રાજધાનીઓમાં પાછા મોકલવામાં આવશે. સમય જતાં અન્ય રાજદ્વારી પગલાં લેવામાં આવશે.’ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને માર્ક કાર્ની વચ્ચેની બેઠકમાં બંને દેશો વચ્ચે અટકેલી વેપાર વાટાઘાટો પર પણ ચર્ચા કરવામાં આવી હતી. વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ જણાવ્યું હતું કે, ‘હાલમાં વેપાર વાટાઘાટો સ્થગિત હોવાથી, બંને નેતાઓએ તેમના અધિકારીઓને શક્ય તેટલી વહેલી તકે પ્રક્રિયા ફરી શરૂ કરવા સૂચના આપવાનો નિર્ણય લીધો છે.

# સાસ્કેચવાનના રિવર લેન્ડિંગ ખાતે કેનેડા ડેની ઉજવણી કરવા તૈયારી

## નદીના પાણીનું સ્તર ઓછું હોવાથી ફટાકડા પ્રદર્શનના સ્થળોમાં પરિવર્તન

**સાસ્કેચવાન**

આ વર્ષે સાસ્કેચવાનના રિવર લેન્ડિંગ ખાતે કેનેડા ડે ઉજવણી થોડી અલગ દેખાશે, જેમાં રોટરી પાર્કથી ફટાકડા ફોડવામાં આવશે. સામાન્ય રીતે બ્રોડવે બ્રિજ પરથી ફટાકડા ફોડવામાં આવે છે. જોકે, પુલ ઉપર બાંધકામ સાથે આયોજકોએ નદી પર બાર્જમાંથી ફટાકડા ફોડવાની યોજના બનાવી હતી. કેનેડા ડે ઉજવણીના ડિરેક્ટર શાદ અલીએ જણાવ્યું હતું કે, દક્ષિણ સાસ્કેચવાન નદીમાં ઉચ્ચ કાંપ અને નીચા પાણીના સ્તરને કારણે હવે આ શક્ય નથી. તેથી, તેનો અર્થ એ છે કે આપણે ખરેખર ઓછા પાણીવાળી જગ્યા પર ફટાકડા ફોડી શકીશું નહીં. કેનેડા ડે પર રોટરી પાર્ક હાજરી આપનારાઓ માટે બંધ રહેશે અને પરિણામે કેનેડા ડે પર રસ્તા પર પ્રતિબંધ રહેશે. આનાથી તે વિસ્તારના રહેવાસીઓને અસર થશે નહીં, જેમને તેમના ઘરે પહોંચવા માટે પાસ મળશે. પ્રોગ્રામિંગ રિવર લેન્ડિંગ વિસ્તારની આસપાસ માર્કેટ સ્ક્વેર અને ગેધર લોકલ માર્કેટમાં કેન્દ્રિત રહેશે. ફટાકડા શો રાત્રે 10:30 વાગ્યે થશે, અન્ય બધી પ્રવૃત્તિઓ બપોરથી શરૂ થશે. બધી વિગતો સાસ્કેચવાનની કેનેડા ડે વેબસાઈટ પર ઉપલબ્ધ હશે. આ વર્ષે એક કરતાં વધુ જૂથો માટે પાણીનું નીચું સ્તર અને વધુ કાંપ એક પડકાર રહ્યો છે.













# GTAમાં ભારતીય બિઝનેસમેન પાસે ખંડણી ઉઘરાવતી ગેંગ પાંજરે

## આરોપીઓ સામે 100 આરોપ મૂકાયા, ઝડપથી નાણાં રળવાની લાયમાં ટોળકી ખોટા રસ્તે વળી હોવાનો પોલીસનો દાવો

**પીલ**

કેનેડાના 'પીલ' અને 'ગ્રેટર ટોરોન્ટો એરિયા' (GTA)માં ભારતીય બિઝનેસમેનને લક્ષ્ય બનાવીને ખંડણી ઉઘરાવવાના અને વીમા કૌભાંડ કરવાના અનેક ગુના બન્યા છે, જેમાં ભારતીયો જ સંડોવાયેલા હોવાનું માલુમ પડ્યું છે. કેનેડાની પોલીસે તાજેતરમાં 18 ગુનેગારોની ધરપકડ કરીને એમની સામે 100 જેટલા આરોપો લગાડ્યા છે.

પોલીસના જણાવ્યા મુજબ ઝડપથી નાણાં રળવાની લાયમાં ઊંધે પાટે ચઢી ગયેલી આ ટોળકીએ સમૃદ્ધ ભારતીય બિઝનેસમેનને લક્ષ્ય બનાવવાની યોજના ઘડી હતી. ભારતીય મૂળના બે યુવાનો પરિતોષ ચોપરા અને ઈન્દ્રજીત ધામી 'હમ્બલ રોડસાઈડ' અને 'સર્ટિફાઈડ રોડસાઈડ' નામની ટૉઈંગ કંપની ચલાવતા હતા અને કંપનીના કામની આડમાં ગોરખધંધા કરતા હતા.

આ કામમાં તેમના બીજા 16 સાથીદાર હતા. આ તમામ સામે ખોટી રીતે વાહનો ટૉ કરવા, ડ્રાઈવરોને ધાકધમકી આપવી, વાહનોનો વીમો પકવવા બનાવટી અકસ્માતો કરાવવા, ચાલુ વાહને બંદૂક ચલાવવા, આગ લગાડવી જેવા 100 આરોપો લગાડવામાં આવ્યા છે. આ ગેંગ



કેનેડાના બ્રામ્પટન શહેરની છે. એકાદ ડઝન નકલી અકસ્માત કરાવીને આ ગેંગે કુલ 1 મિલિયન કેનેડિયન ડોલર (6.3 કરોડ રૂપિયા) જેટલી રકમની છેતરપિંડી વીમા કંપનીઓ સાથે કરી હતી. જુલાઈ 2024માં તેમની વિરુદ્ધ પોલીસ તપાસ શરૂ કરાઈ હતી અને 10 જૂનના રોજ ગુનેગારોની ધરપકડ કરાઈ હતી. પોલીસે ગુનેગારોની 4.2 મિલિયન ડોલરથી વધુની સંપત્તિ જપ્ત કરી હતી, જેમાં 2.8 મિલિયન ડોલરની કિંમતના 18 નંગ ટૉ ટ્રક, 4 મોંઘા વ્યક્તિગત વપરાશ માટેના વાહનો, 5 ચોરાયેલી કાર, 6 બંદૂક, 586 ગોળી, 2 બુલેટપ્રૂફ જેકેટ અને અન્ય શસ્ત્રોનો સમાવેશ થાય છે. આ કેસમાં પોલીસ તપાસ હજુ ચાલુ જ છે, પરંતુ પોલીસને આશા છે કે, આગામી દિવસોમાં હજુ વધુ કેટલાક ગુનેગારો ઝડપી લેવામાં આવશે.

### ટોળકીએ તેના પ્રોજેક્ટને 'પ્રોજેક્ટ આઉટસોર્સ' નામ આપ્યું હતું

આરોપી ટોળકીએ તેના પ્રોજેક્ટને 'પ્રોજેક્ટ આઉટસોર્સ' નામ આપ્યું હતું. 'પ્રોજેક્ટ આઉટસોર્સ' અંતર્ગત ધરપકડ કરાયેલા લોકોમાં 'કિંગ સિટી'ના 37 વર્ષના મહિલા આરોપી 'હાલેહ જાવડી તોરાબી' સિવાય બાકીના તમામ બ્રામ્પટનના રહેવાસી છે. આ લોકોમાં ઈન્દ્રજીત ધામી (ઉ. 38), પરિતોષ ચોપરા (32), ગુરબિંદર સિંહ (28), કુલવિંદર પુરી (25), પરમિન્દર પુરી (31), ઈન્દ્રજીત બાલ (29), વરુણ ઓલ (31), કેતન ચોપરા (30), નોર્મન તાઝેહકાંડ (32), પવનદીપ સિંહ (25), દિપાંશુ ગર્ગ (24), રાહુલ વર્મા (27), મનકીરત બોપરાઈ (22), સિમર બોપરાઈ (21), જોવાન સિંહ (23), અભિનવ ભારદ્વાજ (25), કરણ બોપરાઈ (26) સામેલ છે. આ 18 લોકોને એકથી વધુ ગુના હેઠળ પકડવામાં આવ્યા છે. આ પૈકીના અનેક અન્ય કોઈ કારણસર જેલમાં હતા અને જામીન પર છૂટેલા હતા. આ હકીકત સામે આવતાં હવે કેનેડાની જેલોમાંથી ગુનેગારોને અપાતી જામીનના નિયમો કડક કરવાની માંગ ઊઠી છે.

# ટોરોન્ટોમાં યુવાનની છરીના ઘા મારીને હત્યા

**ટોરોન્ટો :** ટોરોન્ટો પોલીસનું કહેવું છે કે, મંગળવારે રાત્રે શહેરના પૂર્વ છેડે એક વ્યક્તિએ બીજી વ્યક્તિને છરીના ઘા માર્યા બાદ એ વ્યક્તિનું મોત થયું હતું. છરીના હુમલાના અહેવાલો માટે રાત્રે લગભગ 11:03 વાગ્યે ડેનફોર્થ અને હિલિંગ્ડન એવન્યુમાં ઈમરજન્સી ક્રૂને બોલાવવામાં આવ્યા હતા. પોલીસે જણાવ્યું હતું કે, 20 વર્ષનો એક વ્યક્તિ છરીના ઘા સાથે મળી આવ્યો હતો અને તેને જીવલેણ ઈજાઓ સાથે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. તે વ્યક્તિનું મોત તેને થયેલી ગંભીર ઈજાઓથી થયું હતું. હોમિસાઈડ યુનિટે હવે તપાસ હાથ ધરી છે. તપાસકર્તાઓ એક શંકાસ્પદ વ્યક્તિની શોધ કરી રહ્યા છે, જેની લગભગ પાંચ ફૂટ પાંચ ઈંચ ઊંચાઈ અને પાતળું શરીર હતું અને ગ્રે હૂડી અને ઘેરા રંગનું પેન્ટ પહેરેલું હતું. જો કોઈ પાસે માહિતી હોય તો તેને પોલીસનો સંપર્ક કરવા વિનંતી છે.









તંત્રી સ્થાનેથી

# ઇઝરાયેલ-ઈરાન વચ્ચે યુદ્ધ : દુનિયાને માથે મંડરાતો ત્રીજા વિશ્વ યુદ્ધનો ખતરો



તંત્રી - સ્વદેશ

મધ્ય પૂર્વમાં ઇઝરાયેલ અને ઈરાન વચ્ચેનો તણાવ હવે ભીષણ યુદ્ધમાં ફેરવાઈ ગયો છે. ઇઝરાયેલ અને ઈરાન એકબીજાને નષ્ટ કરવા મરણીયા બની ગયા છે. ૧૩ જૂનની સવારે ઇઝરાયેલે ઈરાન ઉપર લશ્કરી હુમલો કરીને લશ્કરી થાણાં અને પરમાણુ થાણાંઓનો નાશ કર્યો હતો. ચારેક દિવસ પહેલાં ઇઝરાયેલે ૨૦૦ લડાયક વિમાનો સાથે ૩૦૦ હવાઈ હુમલા કરતા ઈરાનમાં અરાજકતા ફેલાઈ ગઈ હતી. આ હુમલામાં ઈરાનનાં ૧૦૦થી વધુ લોકો મૃત્યુ પામ્યાં હતાં. ઇઝરાયેલે આ હુમલામાં ઈરાનના આર્મી ચીફ અને ટોચના પરમાણુ વૈજ્ઞાનિકોને મારી નાખ્યાનો દાવો પણ કર્યો હતો.

ઇઝરાયેલનું ઓપરેશન રાઈઝિંગ લાયન અથવા ઈરાન પરનો હુમલો અભૂતપૂર્વ છે. ઈરાન માટે ૧૯૮૦-૧૯૮૮ના ઈરાન-ઈરાક યુદ્ધ પછી આ તેની ધરતી પરનો સૌથી મોટો હુમલો હતો. ઇઝરાયેલની ગુપ્તચર એજન્સીએ ઈરાનની સુરક્ષા સંસ્થાના હૃદયમાં સફળતાપૂર્વક ઘૂસણખોરી કરી અને સાબિત કર્યું કે, ઈરાનમાં કોઈ સુરક્ષિત નથી. આ હુમલાઓ દરમિયાન મોસાદ ઈરાનની અંદરથી ડ્રોન લોન્ચ કરવામાં સક્ષમ હોવાનું કહેવાય છે. આ સમગ્ર ઓપરેશનનાં પ્રારંભિક લક્ષ્યો નટાન્ઝમાં પરમાણુ કેન્દ્ર અને IRGC સંબંધિત સ્થાનો હતાં. વાસ્તવમાં ઇઝરાયેલનો ઉદ્દેશ ઈરાનના પરમાણુ કાર્યક્રમને રોકવાનો હતો. ઇઝરાયેલ અને ઘણા પશ્ચિમી દેશોને શંકા છે કે, ઈરાન ગુપ્ત રીતે બ્રેકઆઉટ ક્ષમતા પર કામ કરી રહ્યું છે, જેનો અર્થ એ છે કે ઈરાન પરમાણુ શસ્ત્રો બનાવવાની બહુ નજીક પહોંચી ગયું છે.

એક દાયકા કરતાં વધુ સમયથી ઇઝરાયેલ ઈરાનની પરમાણુ પ્રગતિને ધીમી પાડવા અને પાછળ ધકેલવાનો પ્રયાસ કરી રહ્યું છે. જો કે, ઈરાન આ વાતનો ઈનકાર કરે છે અને હંમેશા આગ્રહ રાખે છે કે તેનો કાર્યક્રમ એક નાગરિક પરમાણુ કાર્યક્રમ છે, જેના માટે તેને રશિયા તરફથી મદદ મળી છે અને તે સંપૂર્ણપણે શાંતિપૂર્ણ હેતુઓ માટે છે. પણ ઇઝરાયેલ આ વાત માનવા તૈયાર નથી. ગત સોમવારે ઈઝરાયલે હુમલો કર્યા બાદ ઈરાને પોતાનું હવાઈ ક્ષેત્ર બંધ કરી દેશભરમાં કટોકટી લાદી દીધી હતી. તે પછી ઈરાને ૧૦૦ બેલિસ્ટિક મિસાઈલો ઝીંકીને ઈઝરાયલનું ફીણ કાઢી નાંખ્યુ, આ હુમલામાં ઈઝરાયલનો વિખ્યાત આયર્ન ડોન તોડી પડાયો હતો. સાથે જ તેનાં મુખ્ય શહેર તેલ અવીવમાં અરાજકતા ફેલાઈ ગઈ હતી. ઈરાન આટલેથી અટક્યું ન હતુ અને તેણે ગુરુવારે વધુ ઘાતક મિસાઈલ હુમલો કરી દીધો હતો. ઈઝરાયલના તેલ અવીવ અને બીરશેબા સહિત 4 શહેરો ઈરાનના નિશાને છે. ઈરાનની મિસાઈલ દક્ષિણ ઈઝરાયલના બીરશેબા શહેરમાં એક હોસ્પિટલ પર પડી છે. આ ઉપરાંત ઈરાને રામત ગાન અને હોલોન પર પણ હુમલો કર્યો છે. સૌથી વધુ નુકસાન તેલ અવીવમાં થયું હતુ. કેટલાક મીડિયાએ તો ઈરાને ઈઝરાયલના સ્ટોક એક્સચેન્જને નુકસાન પહોંચાડ્યું હોવાનો દાવો પણ કર્યો હતો.

આ હુમલા પછી ઉશ્કેરાયેલા વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ સોશિયલ મીડિયા ઉપર લખ્યું હતુ કે, ઈરાનના આતંકવાદી સરમુખત્યાર (આયાતુલ્લા અલી ખામેની)ના સૈનિકોએ સરોકા હોસ્પિટલ અને નાગરિક વસ્તી પર મિસાઈલ છોડી છે. હવે તેમને તેની સંપૂર્ણ કિંમત ચૂકવવી પડશે. બીજી તરફ અમેરિકા પણ આ યુદ્ધમાં કુદવાની તૈયારી કરી રહ્યું છે. ટ્રમ્પ કહી ચુક્યા છે કે, ઈરાન હવે આગળ વધશે તો અમેરિકા પણ પગલા લઈ શકે છે. અમેરિકન અધિકારીએ જણાવ્યું હતું કે અમેરિકા મિસાઈલોને અટકાવવા અને પ્રદેશમાં અમેરિકાના લશ્કરી બેઝને વધુ સારી સુરક્ષા પૂરી પાડવા માટે તેની સિસ્ટમોને ઇઝરાયેલની નજીક ખસેડી રહ્યું છે. આ ઘટનાક્રમ વચ્ચે જ વોશિંગ્ટન ડીસીમાં 'ડુમ્સડે પ્લેન' જોવા મળ્યું હતુ. ઇઝરાયલ-ઈરાન સંઘર્ષ વચ્ચે આ કોઈ મોટા સંકેત તરફ ઈશારો કરી રહ્યું છે. વોશિંગ્ટન ડીસી જોઈન્ટ બેઝ એન્ડ્રુઝ તરફ ઉડતા ડૂમ્સડે પ્લેનને જોઈને ખળભળાટ મચી ગયો છે. અમેરિકાના E-4B નાઈટવોચ એરક્રાફ્ટને 'ડુમ્સડે પ્લેન' તરીકે ઓળખવામાં આવે છે. મંગળવારે તે લુઈસિયાનાથી અમેરિકાના મેરીલેન્ડ સુધી અણધારી રીતે ઉડતું જોવા મળ્યું હતુ. કહેવાય છે કે, આ વખતે અમેરિકા ઈઝરાયલમાં સેના મોકલવાની વેતરણમાં છે. ઇઝરાયેલ-ઈરાન યુદ્ધે હવે ઈરાન અને અમેરિકા વચ્ચેની રાજદ્વારી વાટાઘાટો પર અસર કરી છે. ઈરાન કહે છે કે, તાજેતરના હુમલા પછી અમેરિકા સાથે રાજદ્વારી વાટાઘાટો ચાલુ રાખવાની શક્યતાનો અંત આવ્યો છે. ઈરાને ઇઝરાયલી હુમલા માટે અમેરિકાને જવાબદાર ઠેરવ્યું છે. આ ઘટનાથી રશિયાએ પણ પ્રતિક્રિયા આપી છે. સમાચાર એજન્સી AFP અનુસાર રશિયન વિદેશ મંત્રાલયના પ્રવક્તા મારિયા ઝખારોવાએ કહ્યું કે, અમે અમેરિકાને આ સંઘર્ષમાં લશ્કરી હસ્તક્ષેપ સામે ચેતવણી આપીએ છીએ. જે રીતે ઇઝરાયલ ઈરાનના પરમાણુ માળખા પર હુમલો કરી રહ્યું છે, તેનો અર્થ એ છે કે, વિશ્વ હવે વિનાશથી થોડા મિલીમીટર દૂર છે. રેડિયેશનની અસર દુનિયામાં પહોંચશે અને મોટી તબાહી સર્જાશે. દરમિયાન રશિયાના નાયબ વિદેશ પ્રધાન સરગેઈ રયાબકોએ પણ અમેરિકાને ચેતવણી આપી હતી.

હકીકતમાં ઈરાનના પરમાણુ કાર્યક્રમને રોકવા માટે ૨૦૧૫માં બરાક ઓબામાના શાસન કાળમાં એક કરાર થયો હતો. ડોનાલ્ડ ટ્રમ્પે તેને દુનિયાનો સૌથી ખરાબ સોદો ગણાવ્યો હતો અને રાષ્ટ્રપતિ બન્યા પછી અમેરિકાને આ સોદામાંથી બહાર કાઢી નાખ્યું હતું. ઈરાને પણ ૨૦૧૮માં આ કરારનું પાલન કરવાનું બંધ કરી દીધું હતું. ઈરાનની બહાર કોઈ એવું નથી ઈચ્છતું કે, ઈરાન પરમાણુ બોમ્બ ધરાવે. ઈઝરાયલ એક નાનો દેશ છે, જેની વસ્તી લગભગ ૯૫ લાખ છે. ઈઝરાયલ માને છે કે, ઈરાન પાસે પરમાણુ શસ્ત્રો હોવા તેના અસ્તિત્વ માટે ખતરો છે. એટલે ઈઝરાયલ ઈરાનને સતત નબળુ પાડવા પ્યાસો કરતુ રહે છે. બીજી બાજુ આંતરરાષ્ટ્રીય પ્રતિબંધો છતાં ઉત્તર કોરિયાએ પરમાણુ શસ્ત્રો અને બેલિસ્ટિક મિસાઈલોનો વિશાળ ભંડાર એકઠો કર્યો છે. જેને કારણે કોઈ પણ દેશ ઉત્તર કોરિયા પર હુમલો કરતાં પહેલાં બે વાર વિચાર કરશે. ઇઝરાયેલના ઓપરેશન રાઈઝિંગ લાયનથી ઈરાનને ગમે તેટલું નુકસાન થાય, જો ઈરાનનું વર્તમાન શાસન બચી જાય, તો તે પરમાણુ બોમ્બ બનાવવાની અને તેનું પરીક્ષણ કરવાની તેની દોડને વેગ આપી શકે છે. જો આવું થાય, તો મધ્ય પૂર્વમાં પરમાણુ શસ્ત્રોની સ્પર્ધા શરૂ થઈ શકે છે. જેમાં સાઉદી અરેબિયા, તુર્કી અને ઈજિપ્ત પણ જોડાઈ શકે છે. આવા સમીકરણો વચ્ચે ઈરાન અને ઈઝરાયલ વચ્ચેનું યુદ્ધ દુનિયા માટે ચિંતાજનક છે.

બીજી તરફ નિષ્ણાતો માને છે કે, વિશ્વ યુદ્ધ થશે કે નહીં, તેનો જવાબ રશિયા અને ચીન જેવા દેશોના વલણ પર છે. અમેરિકા ઈઝરાયેલનું મુખ્ય સાથી છે. અનુસંધાન પાના નં. 14

manoj1968@yahoo. ca

SUPER VISA MEDICAL INSURANCE
FOR PARENTS & GRAND PARENTS
WE REPRESENT ALL MAJOR INSURANCE COMPANIES OF CANADA

SUPER VISA
- Life Insurance
- Mortgage Insurance
- Disability Insurance
- Critical Illness Insurance

VISITOR VISA
- Visitor Insurance
- RRSP (Retirement Plan)
- RESP (Education Plan)

Secure your children's future and enroll in RESP & get thousands of dollars in Govt. Grants.
Guaranteed Money Back Plans / Non medical Plans are available
Persons with medical problems like Blood Pressure, Cholesterol Diabetes, Heart Problem can get insurance (Conditions apply)





MADHUSUDAN LAMA 647-833-4477
HETAL SHAH 416 -522-1676
ANIRUDH LAMA 416-822-2570

DESIGNED BY GUJARAT NEWSLINE

EFS Economical Financial Services
Ph : 416-746-4142
1694, Albion Road, Unit # 1, Etobicoke, ON, M9V 188
Email : info@economicalfinancial.com
Web : www.economicalfinancial.com



DIVINE YOGA
By Geeta
Children Yoga Class
Adult Yoga Class
Yoga Class Every Saturday and Sunday 8:30-9:30 AM
Join today on ZOOM!
: Classes Available :
One to One Individual and Therapeutic



Geeta Tailor
416-456-2261
Contact Geeta at
divineyogabygeeta@gmail.com
IG & FB: @divineyogabygeeta

# લાખણીમાં વૃદ્ધ દંપતીની હત્યાનું કારણ લૂંટ : પાડોશી જ આરોપી

## દેવું થઈ જતા પાડોશીએ જ લૂંટની યોજના ઘડી, વૃદ્ધ દંપતીની હત્યા બાદ 2.50 લાખ લૂંટ્યા અને કળા ન નિકળતા પગ પણ કાપી નાખ્યા

**લાખણી**

બનાસકાંઠાના લાખણી તાલુકામાં આવેલા જસરા ગામમાં વૃદ્ધ દંપતીની હત્યા થઈ હતી. લાખણીના જસરા ગામમાં રહેતા વૃદ્ધ દંપતી એસએમસીના પીઆઈ એવી પટેલના માતા પિતા હતાં. તેમની હત્યાનો ભેદ પોલીસે ઉકેલી લીધો છે. પીઆઈ એ.વી પટેલના પિતા વર્ધાજી પટેલ અને માતા હોશીબેન પટેલની હત્યાની હત્યા ધનની લાલચે થઈ હોવાનું પોલીસ જણાવ્યું છે. પોલીસે આપેલી વિગતો પ્રમાણે પાડોશીએ દેવું થઈ જતા વૃદ્ધ દંપતી એકલા રહેતા હોવાનો લાભ લઈ હત્યા બાદ 2.50 લાખની લૂંટ કરી કરી હતી. પગમાં પહેરેલા કળા નિકળતા ન હોવાથી પગ પણ કાપી નાખ્યા હતાં.

આ હત્યાનો ભેદ પોલીસે ઉકેલી પાડ્યો છે. દંપતીની હત્યાના કેસને ઉકેલવા માટે પોલીસે 9 ટીમો બનાવી હતી. માત્ર 72 કલાકમાં પોલીસે હત્યાનો ભેદ ઉકેલીને હત્યારાઓને દબોચી લીધા



છે. આગથળા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા જસરા ગામમાં હત્યાની આ ઘટના બની હતી. હત્યાના કેસમાં પોલીસે સુરેશભાઈ શામળાભાઈ પટેલ (રહે.જસરા), શામળાભાઈ રૂપાભાઈ પટેલ (રહે.જસરા), ઉમાભાઈ ચેલાજી પટેલ (રહે.રામપુરા, દામા) અને દીલીપજી મફાજી ઠાકોર ઉર્ફે ભુવાજી (રહે.રામપુરા, દામા) ની ધરપકડ કરી છે. ગઈ કાલે રાત્રે 8 વાગે પ્રેસ કોન્ફરન્સ દ્વારા બનાસકાંઠા એસપી અક્ષયરાજ મકવાણાએ આ કેસની સંપૂર્ણ વિગતો આપી હતી. મુખ્ય સૂત્રધારા આરોપી સુરેશભાઈ શામળાભાઈ પટેલ એ બ્લેક મેઝિકનો જાણકાર છે, તેણે પોતાના મામા અને પિતાને સાથે રાખીને આ હત્યાને અંજામ આપ્યો હતો. એટલું જ નહીં પરંતુ આ કેસમાં સુરેશના ગુરૂ દીલીપજી મફાજી ઠાકોર જે ભુવો છે, તેણે આ હત્યા કેસમાં સાથ આપ્યો હતો. આરોપીઓએ હત્યા દરમિયાન અવાજ બહાર ના જાય તે માટે ટેક્ટર અને થ્રેસર ચાલુ રાખ્યું હતું. આ હત્યાનું આખુ કાવતરૂ માત્ર ધન માટે જ હતું. કોઈને મારીને તેના દાગીનાની વિધિ કરવામાં આવે તો વધારે ધન લાભ થાય તેવી અંધશ્રદ્ધાથી આ હત્યા કરવામાં આવી હતી. જો કે, હત્યા કર્યા બાદ દાગીના વેચી દીધા હોવાનું પણ પોલીસે જણાવ્યું છે. પોલીસે તમામ આરોપીઓની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી દીધી છે.

# ગાંજાના કેસમાં તાંદલજાના અબ્દુલ અને પુત્ર બાદ પત્ની પણ પકડાઇ

## ડ્રગ્સના ધંધા સાથે સંકળાયેલા હોવાથી અગાઉ કેસ થયો હતો

**વડોદરા**

તાંદલજા વિસ્તારમાં બેસીલ સ્કૂલ પાસે શકીલા પાર્કમાં રહેતા અબ્દુલ ઈબ્રાહીમ પટેલ અને તેના પરિવારના કેટલાક સભ્યો ડ્રગ્સના ધંધા સાથે સંકળાયેલા હોવાથી અગાઉ પણ પોલીસે કેસ કર્યા હતા. ગઈ તા.૨૮મી મે એ એસઓજીએ અબ્દુલ અને તેની સાથે ધુરવ બાબુભાઈ ચૌધરીને ટુવ્હીલર પર બેસી હાઈબ્રિડ ગાંજાની પડીકીઓ વેચતા ઝડપી પાડી કેસ નોંધાવ્યો હતો. પોલીસે રૂ.૧૫લાખની કિંમતનો ૫૦૦ ગ્રામ ગાંજો કબજે કર્યો હતો.ત્યાર પહેલાં પણ પોલીસે અબ્દુલને ગાંજાના કેસમાં પકડયો હતો.જ્યારે તેના પુત્ર સામે પણ ૨૨ લાખના ગાંજાનો કેસ કર્યો હતો. ૧૫ લાખના ગાંજાના કેસમાં પોલીસે અબ્દુલની પૂછપરછ કરતાં પુત્ર આદીબ સુરતથી ગાંજો લાવ્યો હોવાની અને માતા ઝરીનાને આપ્યો હોવાની વિગતો ખૂલતાં બંનેને વોન્ટેડ જાહેર કર્યા હતા.આદીબ પકડાઈ ગયા બાદ એસઓજીએ તેની માતાને પણ ઝડપી પાડી છે.

# મંત્રીના બે પુત્રોને સંડોવતા દાહોદના કરોડના મનરેગા કૌભાંડમાં હમીદઅલીની ધરપકડ

## DRDAમાં વર્ક મેનેજરની પોસ્ટ પરંતુ ઇન્ચાર્જ ડેપ્યૂટી ડીપીસીનો હોદ્દો આપી દીધો

**દાહોદ**

દાહોદના૭૧ કરોડના મનરેગા કૌભાંડમાં પોલીસે ડીઆરડીએ કચેરીના કરાર આધારિત વધુ એક કર્મચારીની ધરપકડ કરી 4 દિવસના રિમાન્ડ મેળવ્યા છે. પકડાયેલા કર્મચારીનો ડીઆરડીએ કચેરીમાં વર્ક મેનેજર તરીકે પોર્ટફોલિયો હોવા છતા તે લાયકાત વગર ઈન્ચાર્જ ડેપ્યુટી ડીપીસી તરીકે કચેરીમાં કામ કરતો હતો. દાહોદ જિલ્લામાં વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૪ વચ્ચે દેવગઢ બારીયાના કુવા રેઢાણા તેમજ ધાનપુરના સીમામોઈ ગામોમાં કાગળ ઉપર મનરેગાના કામો પૂર્ણ બતાવી રૂા.૭૧ કરોડની ચૂકવણી એજન્સીઓને કરી સરકાર સાથે છેતરપિંડી કરતા પોલીસે ગુનો દાખલ કરી કર્મચારી તેમજ બંને મંત્રી પુત્ર સહિત ચાર પ્રોપરાઈટરો કુલ ૧૧ની ધરપકડ કરી હતી. પોલીસે આ કેસમાં દાહોદમાં ગ્રામ વિકાસ એજન્સી ડીઆરડીએ કચેરીના તત્કાલીન ડેપ્યુટી ડીપીસી એટલે કે ડિસ્ટ્રિક્ટ પ્રોગ્રામ કોઓર્ડિનેટર એસબીએમ શાખામાં ફરજ બજાવતા હમીદઅલી આલમની ધરપકડ કરી હતી. હમીદઅલી આલમ ૧૧ મહિનાના કરાર આધારિત વર્ક મેનેજર તરીકે પોસ્ટેડ હતો.પરંતુ ડીઆરડીએ કચેરી દ્વારા તેની લાયકાતથી ઉપર ડેપ્યૂટી ડીપીસી તરીકે વિભાગ આપી દેવાયો હતો. થોડા સમય અગાઉ હમીદઅલીનો જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં વિરોધ થતાં ડીઆરડીએ કચેરી દ્વારા તેને ડીપીસીમાંથી હટાવી મૂળ જગ્યા વર્ક મેનેજર તરીકે પરત મોકલી દીધો હતો.

# ગુજરાત પેટા ચૂંટણી : કડીમાં બે જૂથ સામસામે આવતાં વિવાદ, પોલીસે મામલો થાળે પાડ્યો

## આપના ધારાસભ્યમાં ભાજપમાં જોડાઈ જતા ધારાસભ્યની બેઠક ખાલી પડી હતી

**કડી**

ગુજરાતમાં કડી અને વિસાવદની બેઠક પર ગુરૂવારે પેટાચૂંટણીનું આયોજન કરાયું હતું. કડી વિધાનસભા બેઠકની પેટાચૂંટણી દરમિયાન કડી શહેરની શાંતાબેન માણેકલાલ પટેલ પ્રાથમિક શાળા ખાતે આવેલા બુથ નંબર 134 અને 154 પર બે જૂથો સામસામે આવી જતાં મામલો ગરમાયો હતો. સામાન્ય બાબતે રજૂઆત કરવાના મુદ્દે થયેલી આ બબાલના કારણે ઘટનાસ્થળે મામલો બિચક્યો હતો. જોકે, સુરક્ષાના ધોરણને ધ્યાને રાખી તાત્કાલિક પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો અને સમગ્ર ઘટનાને થાળે પાડવામાં આવી હતી.

કડીમાં પૂર્વ ધારાસભ્ય કરસન સોલંકીના મૃત્યુના કારણે કડી વિધાનસભા બેઠક ખાલી થઈ હતી. આ બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત છે. આ સિવાય વિસાવદરમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્યે રાજીનામું આપી ભાજપમાં સામેલ થઈ ગયા હતાં, જેના કારણે વિસાવદર બેઠક ખાલી થઈ હતી.

### આચારસંહિતા ભંગનો આક્ષેપ: કોંગ્રેસે ભાજપ વિરુદ્ધ ફરિયાદ કરી

કોંગ્રેસના પ્રવક્તા મનિષ દોશીએ પત્રકાર પરિષદ યોજીને જણાવ્યું હતું કે, પેટાચૂંટણીમાં ભાજપ દ્વારા મતદારોને લોભાવવા ભોજનનું આયોજન કરાયું હતું. જેમાં મતદારોને ભાજપની તરફેણમાં મત આપવા માટે કહેવાયું હતું. જે આચારસંહિતાનો સીધો ભંગ છે. આ અંગે પંચમાં ફરિયાદ કરી છે.

# કેન્દ્રિય અધિકારી પાસે રૂપિયા પડાવનાર ડોક્ટર દ્વારા બીજાના સિમકાર્ડનો ઉપયોગ

**વડોદરા**

યુનાની સારવારના નામે રૂપિયા પડાવી લેવાના બહાર આવેલા ષડયંત્રમાં સમા પોલીસે રાજસ્થાનના કથિત ડોક્ટર વારસીની તપાસ શરૂ કરતાં તે બીજાના નામે સિમકાર્ડનો ઉપયોગ કરતો હોવાની વિગતો ખૂલી છે.

સમા સાવલી રોડ પર રહેતા કેન્દ્ર સરકાર હસ્તકની પાવર ગ્રીડ નિકેતન કંપનીના ચીફ મેનેજરને સ્કીનની સારવારના નામે ફસાવી યુનાની ડોક્ટર વારસીએ રૂ.૨૫ લાખ થી વધુ રકમ પડાવી લીધી હતી.પરંતુ તેમને કોઈ ફેર નહિ પડતાં અને વારસીએ દવા મંગાવશો તો મોકલી આપીશ તેમ કહી હાથ ઉચા કરી દેતાં અધિકારીએ સમા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

આ ફરિયાદને આધારે સમાના પીઆઈ મનિષ રાઠોડે રાજસ્થાનથી વારસીના કહેવાથી દવાની ડિલિવરી આપી રૂપિયા ઊઘરાવી જતા સાબીર મોહંમદ ફરીદ હુસેન(લાડપુરા, કોટા, રાજસ્થાન)અને આસિફ હનિફભાઈ શેખ(નવા ખેડા,કોટા,રાજસ્થાન મૂળ પાલી)ને ઝડપી પાડયા હતા.

બંનેના રિમાન્ડ પુરા થતાં કોર્ટે તેમને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપવાનો હુકમ કર્યો છે.હવે વારસી મળે ત્યારપછી જ પોલીસને ભોગ બનેલાઓની વધુ વિગતો જાણવા મળશે.

# વિદેશમાં નોકરી અપાવવાના બહાને બે યુવાનો સાથે રૂ. 41 લાખની છેતરપિંડી

**ગાંધીનગર**

વિદેશમાં નોકરી અપાવવાના બહાને વધુ એક છેતરપિંડી બહાર આવી છે. જેમાં ગાંધીનગરના યુવાન તેમજ અન્ય એક યુવાનને યુકેમાં નોકરી અપાવવાના બહાને ૪૧ લાખ રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી છે. જે સંદર્ભે સીઆઈડી ક્રાઈમમાં ગુનો દાખલ કરવામાં આવતા પોલીસે અમદાવાદ અને આંધ્રપ્રદેશના બે શખ્સોની શોધખોળ શરૂ કરી છે.

હાલમાં ગુજરાતમાં યુવાનોને વિદેશમાં નોકરી અપાવવાના બહાને તેમની પાસેથી લાખો રૂપિયા પડાવવામાં આવી રહ્યા છે ત્યારે વધુ બે યુવાનો આ જ પ્રકારની છેતરપિંડીનો ભોગ બન્યા છે. જે અંગે મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરના સેક્ટર ૨- બી પ્લોટ નંબર ૧૫૩ / ૨માં રહેતા અને ગાંધીનગર કોર્પોરેશનમાં આસિસ્ટન્ટ સીટી એન્જિનિયર તરીકે કામ કરતા સુરેશભાઈ વિઠ્ઠલભાઈ દત્ત દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી હતી કે, જાન્યુઆરી ૨૦૨૩માં પ્રકાશ ગોવિંદભાઈ રાઠોડ તેમના ઘરે આવ્યા હતા અને તેમના પુત્ર અંકિતને યુ.કે. વર્ક પરમિટ વિઝા પર વિદેશ મોકલીને નોકરી અપાવવાનો ભરોસો આપ્યો હતો. પ્રકાશ રાઠોડે યુનાઈટેડ કિંગડમની કંપનીનો કોસ લેટર આપ્યો હતો અને તેના આધારે અંકિતના યુ.કે. વર્ક વિઝા મેળવી આપ્યા હતા. આ કામ માટે ૨૨.૫૦ લાખ આપ્યા હતા.

# ભગવાન બુધ્ધની અસ્થિઓના દર્શન કરવા થાઈલેન્ડના ધર્મગુરુઓ MSUની મુલાકાતે

**વડોદરા**

થાઈલેન્ડના ટોચના ધર્મગુરુ અને થાઈ બુધ્ધિસ્ટ સંઘના કાર્યકારી વડા એમિનન્સ સોમદેજ સહિત છ બૌધ્ધ ધર્મગુરુઓના પ્રતિનિધિ મંડળે એમ.એસ.યુનિવર્સિટીની મુલાકાત લીધી હતી તેમજ યુનિવર્સિટીના આર્કિઓલોજી વિભાગમાં સચવાયેલા ભગવાન બુધ્ધના અસ્થિની પૂજા અર્ચના અને દર્શન કર્યા હતા.

આ પ્રતિનિધિ મંડળમાં ઈન્ટરનેશનલ બુધ્ધિસ્ટ કાઉન્સિલના પ્રમુખ ટોંગથોંગ ચંદ્રાસુનો પણ સમાવેશ થતો હતો.પ્રતિનિધિમંડળની સાથે આવેલા ભારત સરકારના સાંસ્કૃતિક મંત્રાલયના સેક્રેટરી કર્નલ સક્સેનાએ કહ્યું હતું કે, તાજેતરમાં



વડાપ્રધાન નરેન્દ્ર મોદી થાઈલેન્ડની મુલાકાતે ગયા હતા.તેમણે થાઈલેન્ડના બૌધ્ધ ધર્મગુરુઓને ગુજરાતમાં એમ.એસ.યુનિવર્સિટીમાં સચવાયેલા ભગવાન બૌધ્ધના અવશેષોની મુલાકાત લેવા માટે આમંત્રણ આપ્યું હતું.એ પછી આ પ્રતિનિધિમંડળ ભારત આવ્યું છે.

# લાઠીદડ ગામે 9 ઈકો કાર પાણીમાં તણાતા 7ના મોત

## બોટાદમાં આભ ફાટતાં 24 કલાકમાં જ 6થી 19 ઈંચ સુધી વરસાદ ખાબકતા સર્વત્ર જળબંબાકાર થઈ ગયો, 2નો બચાવ

**બોટાદ**

બોટાદ જિલ્લામાં જાણે કે આભ ફાટયું હોય તેમ સોમવાર અને મંગળવારે 6થી 19 ઈંચ વરસાદ ખાબકી ગયો હતો. જિલ્લામાં સાર્વત્રિક પડેલા ભારેથી અતિ ભારે વરસાદના કારણે લાઠીદડ ગામે સોમવારે રાત્રિના સમયે આઠથી નવ વ્યક્તિ સવાર એક ઈકો કાર પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી. જેમાં સરકારી તંત્રએ રેસ્ક્યુ કામગીરી હાથધરીને બે વ્યક્તિને બચાવી લીધા હતા. અન્ય ગુમ થયેલા લોકોની મોડી રાત સુધી શોધખોળ હાથ ધરાઈ હતી. ભારે શોધખોળ બાદ આખરે બુધવારે વધુ સાત લોકોના મૃતદેહ મળી આવતા પરિવારમાં અરેરાટી સાથે શોકનું મોજું ફરી વળ્યું છે.





દરમિયાનમાં ગત સોમવારે મોડી સાંજના સમયે લાઠીદડથી સાંગાવદર જવાના રસ્તા પરથી વરસાદી પાણી ભયજનક રીતે વહેતું હોવા છતાં ઈકો કારના ચાલકે પાણીમાંથી કાર પસાર કરવાનો પ્રયાસ કરતા નવ વ્યક્તિ સાથેની ઈકો કાર પાણીના ધસમસતા પ્રવાહમાં તણાઈ ગઈ હતી. જે ચિંતાજનક બનાવની જાણ થતાં જ બોટાદની ફાયર વિભાગની રેસ્ક્યુ ટીમ, સ્થાનિક તરવૈયાઓ, ગ્રામજનોએ પાણીમાં તણાયેલા લોકોને બચાવવા માટે રેસ્ક્યુ કામગીરી હાથ ધરી હતી. કલાકનો જહેમત બાદ ગત મંગળવારે એક્સટેન્ડેડ લેડરનો ઉપયોગ કરીને પ્રિયાંકભાઈ ચૌહાણ અને યશવંતભાઈ વાવેતાને બચાવાયા હતા. ઈકો કારને પણ શોધી કાઢી હતી. ફરી બચાવ કામગીરી હાથ ધરાઈ હતી. સવારથી બપોરે એક વાગ્યા સુધી ચાલેલી રેસ્ક્યુ કામગીરી દરમિયાન કારિયાણી ગામના તળાવ પાસેના અલગ-અલગ સ્થળોએથી લાપતા થયેલા છ મહિલા અને એક પુરૂષના મૃતદેહ મળ્યાં હતા. આ કરૂણાંતિકાને લઈ પરિવારજનોમાં ભારે અરેરાટી સાથે શોકનું મોજુ ફરી વળ્યું હતું.

### ભાવનગરમાં NDRFની ટીમોએ કર્યું 35 લોકોનું રેસ્ક્યુ : વાહન વ્યવહાર ઠપ

અરવલ્લી, દાહોદ, મહીસાગર, ડાંગ, વલસાડ, દમણ તેમજ સૌરાષ્ટ્ર સહિતના જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદ થવાની શક્યતા છે. રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદના પગલે એનડીઆરએફની 5 અને એસડીઆરએફની 20 ટીમોને મેદાનમાં ઉતારાઈ છે. એનડીઆરએફની ટીમ દ્વારા 18 લોકોનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું હતું. ભાવનગર સિહોરના ઘાંઘળી ખાતેથી પણ એનડીઆરએફની ટીમોએ 35 લોકોનું રેસ્ક્યુ કરાયું છે. પૂર જેવા પાણીમાં માર્ગો જળમગ્ન થઈ જતાં વાહન વ્યવહાર બંધ થઈ ગયો હતો.

# મોરબીમાં મહિલા પર હુમલો કરનાર આરોપી યુવાનની સરાજાહેર હત્યા

**મોરબી**

લીલાપર ચોકડી પાસે 22 વર્ષના યુવાનને સરાજાહેર છરીના ઘા ઝીંકીને ઘાતકી હત્યા કરવામાં આવી હતી. જે યુવાન સામે હજુ ગઈકાલે જ વજેપર વિસ્તારમાં રહેતી પાડોશી મહિલા પર હુમલો અને કારમાં તોડફોડની પોલીસ ફરિયાદ નોંધાઈ હતી, આ હત્યા અંગત અદાવતમાં થઈ હોવાની શક્યતાનાં આધારે પોલીસે તપાસનો ધમધમાટ ચાલુ કર્યો છે.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ, મોરબીના વજેપર વિસ્તારમાં રહેતા ગીરીશ નારણભાઈ કણઝારીયા (ઉ.વ. 22) નામના યુવાનને આજે સાંજે લીલાપર ચોકડી નજીક છરીના ઘા ઝીંકી હત્યા કરવામાં આવી હતી. પ્રાથમિક વિગતો મુજબ પાંચથી વધુ લોકોએ છરી વડે યુવાન પર હુમલો કર્યો હતો. પરિણામે યુવાન જીવ બચાવવા રસ્તા પર દોડયો હતો, છતાં હુમલાખોરો તેની પાછળ દોડયા હતા અને એક દુકાન પાસે આંતરીને છરીના આડેધડ ઘા ઝીંકી સરાજાહેર ઘાતકી હત્યા કરી નાખવામાં આવી હતી. જે બનાવને પગલે લોકોના ટોળા ઉમટી પડયા હતા અને પોલીસ દોડી ગઈ હતી.

# ગાંધીધામના વેપારી સાથે હૈદરાબાદના પરિજને 2.93 કરોડની ઠગાઈ આચરી

**ગાંધીધામ**

ગાંધીધામના વેપારી સાથે હૈદરાબાદના શખ્સે કુલ ૨.૯૩ કરોડ રૂપિયાની ઠગાઈ કરતા પોલીસ ચોપડે ગુનો નોંધાયો છે. ગાંધીધામના સેક્ટર-૪ મા રહેતા પ્રણવભાઈ નરસિંગભાઈ અગ્રવાલે ફરિયાદ નોંધાવતા જણાવ્યુ હતુ કે, ફરિયાદીના કોટુંબિક બનેવીએ વર્ષ-૨૦૧૫માં હૈદરાબાદના બંજારા હિલ્સમાં રહેતા તેના કાકાના દિકરા આરોપી રામરતન અગ્રવાલ સાથે પરિચય કરાવ્યો હતો. આ રામરતન ઈમ્પોર્ટન્ટ અને એક્સપોર્ટનું કામ કરે છે. જેથી ફરિયાદીએ વર્ષ ૨૦૨૪માં હૈદરાબાદની એક હોટલમાં રામરતનને મળ્યો હતો. ત્યારે ફરિયાદીએ ગાંધીધામના પડાણા ખાતે આવેલી પોતાની યુરિયા પ્રોડક્શન પ્લાન્ટ માટે

આરોપીને વિદેશથી ૨૩ ડી.ઈ.એફ મશીન (યુરિયા પ્રોડક્ટ મશીન) મંગાવી આપવાની વાત કરી હતી. જેમાં આરોપીએ હું મશીન મંગાવી દઈશ તેવું કહેતા ફરિયાદીએ આરોપીની ગ્લોબલ ઈમ્પોર્ટન્ટ એન્ડ એક્સપોર્ટ નામની કંપનીના બેંક ખાતામાં ૧૧-૦૧-૨૦૨૪ થી ૧૨-૦૨-૨૦૨૪ દરમિયાન કુલ ૭.૫૦ કરોડ રૂપિયા જમા કરાવ્યા હતા. જે બાદ આરોપીએ થોડા દિવસ પછી મશીન મળે એમ નથી એવુ કહી ૧૮-૩-૨૦૨૪ થી ૧૯-૫-૨૦૨૪ દરમિયાન ફરિયાદીને કુલ રૂ. ૪,૫૬,૯૫,૮૬૦ પરત આપી લીધા હતા. જ્યારે બાકીના રૂપિયામાં ઈજીપ્તથી ૮ મશીન મંગાવી આપીશ તેવું કહી વિશ્વાસમાં લીધો હતો. પરંતુ આરોપી રામરતનને ફરિયાદીને મશીન લઈ આપ્યા ન હતા તેમજ તેના બાકી નીકળતા કુલ રૂ. ૨,૯૩,૦૪,૧૪૦ પરત ન આપી ફરિયાદી સાથે વિશ્વાસઘાત કર્યો હતો.

# ભાવનગરમાં બીટકોઈનમાં રોકાણથી તગડા નફાની લાલચ આપીને વેપારી પાસે એક કરોડ પડાવાયા

## યુવતીના નામે અજાણ્યા શખ્સે વોટ્સએપ પર સંપર્ક કર્યો, બેંક ખાતામાં રકમ ટ્રાન્સફર કરાવી

**ભાવનગર**

ભાવનગરના સુભાષનગર વર્ષા સોસાયટીમાં રહેતા અને લોજિસ્ટિકનો વેપાર કરતા દિપેશભાઈ લાલજીભાઈ સોલંકી ગત તા.૧૪ ડિસેમ્બર,૨૦૨૪ના રોજ ધંધાના કામે ભૂતેશ્વર જતા હતા.ત્યારે તેમના ટેલીગ્રામ એપ પર પ્રિયા અગ્રવાલ નામથી આવેલાં મેસેજમાં બીટકોઈનમાં રોકાણ કરવાથી સારો નફો મળશે તેવી વિગત અને લિંક આપવામાં આવી હતી. આ અંગે દિપેશભાઈએ તેમના મિત્ર આદિલભાઈ સાથે વાત કર્યા બાદ બંનેએ ભાગીદારીમાં રોકાણ કરવાનું નક્કી કરી આદિલભાઈના નામથી લિંકમાં ખાતું ખોલાવી રૂ.બે લાખનું રોકાણ કર્યું હતું.જમા નફામાંથી ૫૦ યુએસ ડોલરનો ઉપાડ પણ કરવા દીધો હતો.જો કે, રોકાણ સામે નફો મળતા તેમણે પ્રિયા અગ્રવાલ અને કસ્ટમર હેલ્પ નંબરના કહેવાથી અલગ અલગ સમયે ક્રમશ રૂા.૧,૦૮,૯૪,૭૪૬નું રોકાણ કર્યું હતું.રોકાણ કર્યા બાદ જમા બતાવતી નફાની રકમ ઉપાડવા માટે રિકવેસ્ટ કરવામાં આવતા મની લોન્ડરીંગ સહિતની બાબતો આગળ કરી રકમ ઉપાડવા દીધી ન હતી,તેમજ રકમ મેળવવા માટે કેપિટલ ગેઈન ટેક્સ,રેગ્યુલેટરી માજન, પેનલ્ટી સહિતના નામે અલગ-અલગ બેંક ખાતામાં રૂા.૧,૦૮,૯૪,૭૪૬ રૂપિયા ટ્રાન્સફર કરાવી લીધા હતા. જો કે બાદમાં નફો અને રોકાણ પરત ન મળતાં દિપેશભાઈને રૂા.૧,૦૮,૯૪,૭૪૬ની છેતરપિંડી અને વિશ્વાસઘાત થયાનું જણાયું હતું.

# કરંટથી બાળકીનું મોત, પિતાએ કહ્યું કોઇની બેદરકારીની સજા કોઇને મળી

**રાજકોટ**

રાજકોટ શહેરના રૈયા વિસ્તારમાં આવેલા રૈયાધાર મફતિયા પરમાં રહેતા જીવનભાઈ ડઢાણીયાની ચાર વર્ષની પુત્રી કિંજલ તેની મમ્મીની સાથે નજીકમાં રહેતા તેના માસીને ઘરે ગઈ હતી. ત્યારે સાંજના પાંચ વાગ્યાની આસપાસ ઘરે પરત ફરતી વખતે વરસાદ થઈ ગયો હતો. ત્યારે રસ્તામાં ભૂલથી જીવતા વીજ વાયરને અડી જતાં કરંટ લાગ્યો હતો. બાળકીને પ્રાથમિક સારવાર આપવામાં આપ્યા બાદ હોસ્પિટલ લઈ જતી વખતે રસ્તામાં દમ તોડી દીધો હતો. અચાનક જ પરિવારે પોતાની માસૂમ દિકરી ગુમાવતાં માતા-પિતા ભાંગી પડ્યા હતા.

બાળકીના પિતા તંત્ર સામે આક્ષેપ કરતાં દર્દ વ્યક્ત કર્યું હતું કે 'કોઈની બેદકારીની સજા કોઈને મળી છે. અમારે ત્યાં અવાર-નવાર લાઈટ જાય છે છતાં તંત્ર દ્વારા કોઈ ધ્યાન આપવામાં આવતું નથી. જેના લીધે હેરાનગતિનો સામનો કરવો પડે છે. વીજ થાંભલાના ખુલ્લા વાયરોને હટાવી દેવામાં આવે. જેથી ભવિષ્યમાં આ જોખમી વીજ વાયરો કોઈની દિકરીનો ભોગ ન લે. ઉલ્લેખનીય છે કે બાળકીના મોત બાદ પીજીવીસીએલના કર્મચારીઓ તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી રીપેર કર્યા હતા

## પોતાની તમામ SIP અને વીમાની રકમ ગુમાવ્યાનો ફરિયાદમાં ઉલ્લેખન

# શેરમાં નફો કમાવા જતા નિવૃત્ત ડે. કલેક્ટરે 64 લાખ ગુમાવ્યા

**રાજકોટ**

પાટણથી ડેપ્યુટી કલેકટર તરીકે નિવૃત થયેલા અને હાલ રાજકોટના બજરંગવાડી શેરી નં. 11માં લોટસ કોમ્પ્લેક્ષમાં રહેતાં દીનેશભાઈ સળીયાજી નિનામા (ઉ.વ. 59) સાથે શેર બજારમાં ઊંચા વળતરની લાલચ આપી અને આઈપીઓ ભરવાના નામે રૂ. 64 લાખની છેતરપિંડી કરાયાની સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. જેના આધારે પોલીસે તપાસ હાથ ધરી છે. નિવૃત્ત ડે. કલેક્ટરને ગઠીયાએ આઈપીઓમાં રોકાણની વાત કરી હતી. તેમણે રોકાણ કરતાં 15,000 શેર લાગ્યા હોવાનું વોલેટમાં દેખાતું હતું. સામાવાળા ગઠીયાએ આ માટે રૂ. 18 લાખ માંગતા પોતાના બેન્ક ખાતામાંથી સામાવાળા ગઠીયાના એકાઉન્ટમાં રૂ. 15 લાખ જમા કરાવ્યા હતા. ત્યાર પછી સામાવાળા ગઠીયાએ બીજા આઈપીઓમાં રોકાણ કરવાનું સૂચન કરતાં તેમાં એપ્લીકેશન કરતાં ચાર લાખ શેર એલોટ થયાનું અને તેના રૂ. 1.64 કરોડ જમા કરાવવાનું કહેવાયું હતું. પરંતુ આટલી રકમનું રોકાણ કરી શકે તેમ નહીં હોવાથી સામાવાળા ગઠીયાએ વોલેટમાં જે પ્રોફિટ દેખાય છે તે બાદ કરતાં રૂ. 82 લાખ ભરવાનું કહ્યું હતું. પરંતુ આ રકમ ભરવાની પણ તેમણે ના પાડતાં

સામાવાળા ગઠીયાએ ઓફર આપતાં કહ્યું કે અમારી સંસ્થા તમને લોન આપશે, જે રકમ તમે પછીથી ભરી શકશો. જેથી સહમત થઈ ગયા હતા. થોડા સમય બાદ તે આઈપીઓ શેર બજારમાં લીસ્ટ થતાં તેમના વોલેટમાં રૂ. 10 કરોડની રકમ પ્રોફિટ તરીકે દેખાતી હતી. જે રકમ ઉપાડવા માટે સામાવાળા ગઠીયાએ રૂ. 82 લાખની લોન ભરવાની વાત કરી હતી. આ સ્થિતિમાં પોતાની બધી સેવિંગ્ઝ, એસઆઈપી અને વીમાની રકમ ભેગી કરીને કટકે-કટકે રૂ 49 લાખ સામાવાળા ગઠીયાના જુદા-જુદા બેન્ક ખાતામાં જમા કરાવ્યા હતા. આ રીતે કુલ રૂ. 64 લાખ જમા કરાવ્યા હતા. આ પછી પણ સામાવાળા ગઠીયાએ વધુ રકમની માંગણી ચાલુ રાખતાં શંકા ગઈ હતી. પરિણામે સાયબર ક્રાઈમના હેલ્પ લાઈન પર ફરિયાદ કરી હતી.

# પાણીમાં ફસાયેલા લોકોને બચાવવા PI ખુદ દોરડું બાંધીને પાણીમાં કૂદી પડ્યા

**ભાવનગર**

ભાવનગરમાં મગલાણા ગામમાં સોલાર પ્લાન્ટમાં પાણી ભરાઈ જતા પાણીના ધસમસતા પ્રવાહમાં પાંચ લોકો ફસાઈ ગયા હતા. મગલાણી નદીમાં પૂરનો પ્રવાહ આવી જતા આ લોકો ફસાઈ ગયા હતાં, જેને બચાવવા માટે તરવૈયાઓ ગયા હતા. જોકે, આ દરમિયાન ઓચિંતો પ્રવાહ વધી જતા તરવૈયાઓ બાવળની ઝાડીમાં ફસાઈ ગયા હતા. જોકે, આ વિશે જાણ થતાં PI બી.ડી જાડેજા દોરડું લઈને તરવૈયાઓને બચાવવા પહોંચ્યા હતા. આ પોલીસ અધિકારીએ પોતાની સૂઝબૂઝના આધારે ત્રણેય તરવૈયાઓને બહાર કાઢ્યા હતા. અત્યારે ત્રણેય તરવૈયા તો બચી ગયા છે. પરંતુ, સોલાર પ્લાન્ટમાં જે લોકો ફસાયા હતાં, તે હજુ સુધી બહાર નથી નીકળી શક્યા.

### અમદાવાદમાં થયેલી હૃદયદ્રાવક એર ઇન્ડિયાના વિમાન દુર્ઘટના બાદ ટાટા સન્સના ચેરમેન એન. ચંદ્રશેખરને બચાવ કર્યો

# એર ઈન્ડિયાના વિમાનમાં કોઈ ટેકનિકલ ખામી નહોતી

### "અમારું બોઇંગ 787 ડ્રીમલાઇનર સારી સ્થિતિમાં હતું, તેમાં કોઇ જાળવણીની સમસ્યા નહોતી : કંપની બનાવનાર પાસે તપાસ કરાવાશે

**મુંબઈ**

ટાટા સન્સના ચેરમેન એન. ચંદ્રશેખરને ગયા અઠવાડિયે અમદાવાદમાં થયેલા હૃદયદ્રાવક એર ઈન્ડિયાના વિમાન દુર્ઘટના પર આખરે પોતાનું મૌન તોડયું છે. તેમણે બુધવારે આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, "અમારું બોઈંગ ૭૮૭ ડ્રીમલાઈનર સારી સ્થિતિમાં હતું, તેમાં કોઈ જાળવણી સમસ્યા નહોતી કે કોઈ પણ પ્રકારનો રેડ સિગ્નલ આપવામાં આવ્યો ન હતો.

એન. ચંદ્રશેખરને વધુમાં કહ્યું હતું કે, "મેં જાતે બધા રેકોર્ડ તપાસ્યા - વિમાન, એન્જિન, પાઈલટ, બધું બરાબર હતું." પરંતુ તેમણે એમ પણ કહ્યું હતું કે આ અકસ્માત એટલો પીડાદાયક છે કે તે સાંભળીને મારું હૃદય હચમચી ગયું છે. તેમણે કહ્યું હતું કે ટાટા ગ્રુપ પીડિતો સાથે ખભા મિલાવીને ઉભું છે. આ અકસ્માત એટલો ભયાનક હતો કે સમગ્ર દેશ રડી પડયો. મીડિયા સાથે વાત કરતાં ચંદ્રશેખરને કહ્યું કે વિમાનમાં કોઈ સમસ્યા નહોતી. જમણું એન્જિન માર્ચ ૨૦૨૫માં ઈન્સ્ટોલ કરવામાં આવ્યું હતું. ડાબું એન્જિન ૨૦૨૩



માં સર્વિસ કરવામાં આવ્યું હતું. બંને એન્જિનનો રેકોર્ડ સારો હતો, કોઈ ચેતવણી કે ખામીનો કોઈ સંકેત નહોતો. બોઈંગને જવાબ આપવા માટે કહેવામાં આવ્યું છે. ચંદ્રશેખરને બોઈંગ (જે વિમાન બનાવે છે) અનેGE એરોસ્પેસ (જે એન્જિન બનાવે છે) ને સંપૂર્ણ તપાસ કરવા અને તેમના અન્ય કોઈપણ વિમાનમાં કોઈ ખામી છે કે કેમ તે જણાવવા કહ્યું છે. તેમણે કહ્યું, "અમે તેમને સ્પષ્ટપણે જણાવવા કહ્યું છે, જો કોઈ જોખમ હોય, તો અમે તેમને તે પણ આગળ લાવવા કહ્યું છે." ભાવનાપૂર્ણ ચંદ્રશેખરને કહ્યું કે આ ઘટના તેમના માટે પણ આઘાતજનક છે. "ટાટાની એરલાઈનમાં આવું બન્યું તે ખૂબ જ દુઃખદ છે. અમારું હૃદય પીડિત પરિવારો માટે રડી રહ્યું છે.

## કડક નિયંત્રણ રાખવા મંત્રાલયે નવા ડ્રાફ્ટ સાથે નિયમો રજૂ કર્યા

અમદાવાદ વિમાન ક્રેશ થવાથી દુર્ઘટનામાં ૨૭૯ લોકો મોતને ભેટયા છે. આ દુર્ઘટના બાદ નાગરિક ઉડ્ડયન મંત્રાલયે એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે. મંત્રાલયે વિમાન સલામતી માટે જોખમ ઊભું કરતી ભૌતિક રચનાઓ પર નિયંત્રણ કડક બનાવવા માટે નવા ડ્રાફ્ટ નિયમો રજૂ કર્યા છે. આ નિયમો ગેઝેટમાં પ્રકાશિત થતાં જ અમલમાં આવશે. તેનો હેતુ અધિકારીઓને ઍરપોર્ટની આસપાસના નિયુક્ત વિસ્તારોમાં ઊંચાઈ મર્યાદા કરતાં વધુ ઈમારતો અને વૃક્ષો પર તાત્કાલિક કાર્યવાહી કરવા માટે સશક્ત બનાવવાનો છે. આ પહેલને ફ્લાઈટ પાથમાં અવરોધોને કારણે થતાં અકસ્માતોને રોકવા માટેના એક સક્રિય પગલા તરીકે જોવામાં આવી રહ્યું છે.

## વિમાન દુર્ઘટના બાદ એર ઇન્ડિયાના બુકિંગમાં ૨૫ ટકાનો ઘટાડો નોંધાયો

દુર્ઘટના બાદ એર ઈન્ડિયા દ્વારા જ ઘણી ફ્લાઈટ રદ કરાઈ હતી. તો બીજી તરફ મુસાફરો પોતાની ટિકિટો કેન્સલ કરાવી રહ્યા છે. અમદાવાદથી લંડન જવા માટે અન્ય એરલાઈન્સની સરખામણીમાં એર ઈન્ડિયાનું ભાડું ૧૦-૧૫ હજાર ઓછું છે. તેમ છતાં લોકો હાલ અન્ય એરલાઈન્સમાં બુકિંગ કરાવી રહ્યા છે. અમદાવાદના જુદા જુદા ટૂર ઓપરેટરો પાસેથી જાણવા મળતી માહિતી મુજબ, વિમાન દુર્ઘટના બાદ છેલ્લા અઠવાડિયામાં એર ઈન્ડિયાની ફ્લાઈટમાં ટેકનિકલ ખામી સહિતની ઘણી ફરિયાદો ઊઠી હતી. સોમવારે અમદાવાદથી લંડન જતી એર ઈન્ડિયાની ફ્લાઈટ છેલ્લા સમયે રદ કરવાની જાહેરાત કરતા મુસાફરો એરપોર્ટ પર અટવાયા હતા. વિમાન દુર્ઘટના બાદ એર ઈન્ડિયાના બુકિંગમાં ૨૫ ટકાનો ઘટાડો થયો હોવાનું ટૂર ઓપરેટરોનું કહેવું છે.

## પોલીસને વધુ 318 માનવઅંગો મળ્યા

પોલીસ અને અન્ય એજન્સીઓની મદદથી સ્થળ પર કરાઈ હતી. તપાસમાં કુલ ૩૧૮ માનવ અંગો મળી આવ્યા હતા. મૃતકોની ઓળખ થાય તે માટે ડીએનએ સેમ્પલ ઘટનાના ૧૧ કલાકમાં ગાંધીનગર એફએસએલ પહોંચતા કરવાની કામગીરી કરવામાં આવી હતી. અકસ્માતની ઘટના બની ત્યારે કુલ છ મૃતદેહો તાત્કાલિક ઓળખાયા હતા. જે ૧૨ કલાકમાં તેમના પરિવારજનોને સુપરત કરાયા હતા.

Imperial PEST CONTROL
Serving Since 2006.
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs, Silver Fish, Spiders & Fleas, Carpenter Ants. Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon, Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

First Flight FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West ) 519, Ray lawson boulevard , Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours Phone 647-657-9631 ------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM : SAT-SUN : 1.00 PM to 6.00 PM
Scarborough 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, Phone 647-657-9631 905-673-9631 ------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM FRIDAY WEEKLY OFF : SAT-SUN : 11.00 AM to 6.00 PM
we are back to Great Punjab 2980 DREW ROAD, UNIT 135 NEXT TO SWEET MASTER --------: MON - FRI :-------- 10 AM TO 7 PM --------: SAT-SUN :-------- 11AM TO 6PM
Bovaird
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT : 647-657-9631 / 905-673-9631
MON - FRI - 12 PM TO 7 PM, SAT - SUN - 11 AM TO 6 PM
MONDAY WEEKLY OFF
૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road, Brampton ON L6S 0B4. 416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)
Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# રાજકીય સન્માન સાથે રાજકોટમાં વિજય રૂપાણીની અંતિમવિધિ

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, કેન્દ્રીય મંત્રી, રાજ્યપાલ,મુખ્યમંત્રી સહિત મહાનુભાવોએ હાજર રહી શ્રધ્ધાસુમન અર્પણ કરી પરિવારને સાંત્વના આપી

**રાજકોટ**

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ગત તા. 12 જૂને અમદાવાદથી એરઈન્ડિયાની ફ્લાઈટ નં. 171માં લંડન જતા હતા ત્યારે વિમાન અકસ્માતમાં 241 યાત્રિકોની સાથે તેમનું કરૂણ નિધન થયું હતું. તેમની સાડા પાંચ દાયકાના જીવન-કવનના સાક્ષી એવા રાજકોટમાં મંગળવારે તેમની અંતિમ યાત્રા અને અગ્નિસંસ્કાર થયા હતા અને દેશ-રાજ્યના મહાનુભાવો સાથે રાજકોટના હજારો લોકોએ અશ્રુભીની આંખે તેમના લાડીલા નેતાને અંતિમવિદાય આપી હતી. વિજયભાઈના પાર્થિવ દેહને વિમાનમાર્ગે શહેરથી 30 કિ.મી.ના અંતરે હીરાસર લવાયો હતો અને ત્યાંથી ભાજપના



અનેક નેતાઓની હાજરીમાં રાજકોટમાં ગ્રીનલેન્ડ ચોકડી પાસે બપોરે આશરે અઢી વાગ્યે લવાતા લોકોની આંખો ભીંજાઈ હતી. સ્વ. રૂપાણીના પસંદગીના ઉટીથી લવાયેલા પૂષ્પોથી શણગારેલા વાહનમાં તેમની શોકયાત્રા મુખ્યમાર્ગો પરથી પસાર થઈને તેમના નિવાસસ્થાન પ્રકાશ સોસાયટી ખાતે પહોંચી ત્યારે રસ્તામાં ઠેરઠેર લોકોએ તેમને પૂષ્પાંજલિ અર્પણ કરી હતી.

પૂર્વ મુખ્યમંત્રીના નિવાસસ્થાને કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ, ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, કેન્દ્રીય મંત્રી સી.આર.પાટિલ, નિતીન પટેલ સહિત ભાજપના ટોચના નેતાઓ આવી પહોંચ્યા હતા.

## વિશ્વાસ ઘરે પહોંચ્યો, ભાઈની અર્થીને કાંધ આપતા ભાવુક

અમદાવાદ : અમદાવાદમાં ગુરુવારે અમદાવાદથી લંડન જતું એર ઈન્ડિયાનું વિમાન તૂટી પડતાં વિમાનમાં સવાર 242માંથી 241ના મૃત્યુ થયા હતા. જોકે, વિમાનમાં સવાર વિશ્વાસ કુમાર નામના વ્યક્તિનો બચાવ થયો હતો. વિશ્વાસ કુમાર અમદાવાદની સિવિલ હૉસ્પિટલમાંથી સારવાર લઈને સ્વસ્થ થઈ પોતાના વતન દીવ પહોંચ્યો છે. જોકે, વિશ્વાસ સાથે લંડનની ફ્લાઈટમાં બેઠેલો તેનો ભાઈ તેના જેટલો નસીબદાર ન નીકળ્યો અને તેનું મૃત્યુ થયું. વિશ્વાસ બુધવારે દીવમાં પોતાના ભાઈની અંતિમ વિધિમાં પહોંચ્યો હતો, જ્યાં ભાવુક દૃશ્યો સર્જાયા હતા. વિશ્વાસ પોતાના વતન દીવમાં ભાઈને ગુમાવવાના દુઃખથી રડી રહ્યો હતો.

## 'સાથે જીવવા મરવાના' કોલ આપનાર બ્રહ્મભટ્ટ દંપતિની એકસાથે વિદાઈ થઈ

### પોલીસ-તંત્રની હાજરીમાં મૃતદેહ લવાતા સેક્ટર-24 હિબકે ચઢ્યું

ગાંધીનગર : પ્લેન ક્રેશની ઘટનામાં ગાંધીનગરના સેક્ટર-૨૪માં હરેતા બ્રહ્મભટ્ટ દંપત્તિનું કરૂણ મોત નિપજ્યું હતું. આજે ડીએનએ મેચ થતા પોલીસ-તંત્રની હાજરીમાં પતિ-પત્નિ બન્નેના મૃતદેહ પરિવારને સોંપવામાં આવ્યો હતો. મૃતકોના પાર્થિવદેહ સે-૨૪માં લાવવામાં આવ્યા ત્યારે કરૂણ દ્રષ્યો સર્જાયા હતા અને પતિ-પત્નિની એક સાથે વિદાયની આ ઘટનાથી દરેકની આંખ ભીની થઈ ગઈ હતી. ગૌરવ અને કલ્યાણીના પાથવદેહને અંતિમ દર્શન માટે ઘરે રાખવામાં આવ્યા બાદ બંને પતિ-પત્નીના મૃતદેહને સેક્ટર-૩૦ ખાતે આવેલા અંતિમધામ ખાતે એકસાથે અગ્નિસંસ્કાર વિધિ કરવામાં આવી હતી. 'સાથે જીવવા-મરવાના' કોલ આપનાર આ દંપતીની એકસાથે અંતિમવિધિ કરવામાં આવી તે દ્રષ્યો અત્યંત ભાવુક કરનારા હતા. આ સમયે જાણે કરૂણા પણ હારી ગઈ હોય તેવી સ્થિતિ તેમના બંને માસૂમ સંતાનોને જોઈને લાગતી હતી. આ દુઃખદ ઘડીએ ઉપસ્થિત સૌની આંખોમાં અશ્રુધારા જોવા મળી હતી.

## સણસોલીના રૂદ્ર, નડિયાદના પવાર દંપતિની અંતિમયાત્રા

નડિયાદ : વણસોલી ગામના રૂદ્ર પટેલ અભ્યાસ માટે અમદાવાદથી લંડન જઈ રહ્યો હતો. તા. ૧૨મી જૂને અમદાવાદથી નિકળતા પ્લેન ક્રેશ થતાં રૂદ્ર પટેલનું મોત થયું હતું. બુધવારે સવારે રૂદ્ર પટેલનો મૃતદેહ વતન વણસોલી ગામે લવાયો હતો અને આ યુવકની અંતિમયાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. રૂદ્ર પટેલના માતા અને પિતા પ્રાથમિક શિક્ષક છે. તેમના પુત્રના ઉજ્જળ ભવિષ્ય માટે વિદેશ મોકલવાનો નિર્ણય કર્યો હતો. નડિયાદના મહાદેવ તુકારામ પવાર અને તેમના પત્ની આશાબહેન મહાદેવ પવારની આજે અંતિમ યાત્રા યોજાઈ હતી. જેમાં કલેક્ટર, એસપી, અધિકારીઓ સહિત મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

## વાસણારોડના દંપતીની લંડન રહેતી પુત્રીનો પત્ર, બંનેને ભગવાને સાથે બોલાવ્યા



વડોદરા : વાસણારોડ પર શબરી સ્કૂલ પાસે શિવશક્તિ સોસાયટીમાં રહેતા વલ્લભભાઈ નાગજીભાઈ અઘેડા (ઉ.વ.૭૬) જીઈબીના નિવૃત્ત અધિકારી હતાં તેઓ તેમજ તેમના પત્ની વિણાબેન (ઉ.વ.૭૫) બંને, પુત્રીના ઘેર લંડન જવા માટે નીકળ્યા હતાં ત્યારે અમદાવાદ ખાતે પ્લેન ક્રેશમાં બંનેના મૃત્યુ થયા હતાં. અઘેડા દંપતીને સંતાનમાં માત્ર ત્રણ પુત્રીઓ છે જેમાં સૌથી મોટી પુત્રી જલ્પાબેન તેનાથી નાની ખુશનુમા (કૃતિ) અને ત્રીજી પુત્રી હિરલનો સમાવેશ થાય છે. સૌથી નાની પુત્રી હિરલ પાંચ વર્ષ પહેલાં જ લંડન ખાતે શિફ્ટ થઈ છે જ્યારે અન્ય બે પુત્રીઓ વડોદરામાં જ રહે છે. માતા અને પિતાના આકસ્મિક અવસાન બાદ હિરલે અંગ્રેજી ભાષામાં એક પત્ર લખ્યો છે જેં ખૂબ જ હૃદયસ્પર્શી ર્ છે. લાગણીસભર આ પત્રમાં હિરલે ઉલ્લેખ કર્યો છે કે તમે બંને આત્મનિર્ભર રહીને જીવ્યા તેમજ તમારી મોટી ચિંતા એ હતી કે તમારામાંથી એક પહેલાં ભગવાન પાસે જતું રહેશે તો બીજાનું શું થશે અને ભાગ્યમાં જે લખેલું હતું તે જ હવે થયું તમને બંનેને ભગવાને તેમની પાસે બોલાવી લીધા..

## અમદાવાદ પ્લેન ક્રેશમાં અમારો કોઈ હાથ નથી, તૂર્કીયેએ ફગાવ્યાં તમામ આરોપ

અમદાવાદમાં એર ઈન્ડિયાનું બોઈંગ 787-8 ડ્રીમલાઈનર વિમાન ગુરુવારે (12મી જૂન) ક્રેશ થયું હતું. આ દુર્ઘટનામાં મૃતકાંક 278ને સ્પર્શી ગયો છે. આ વિમાન ક્રેશ થયા પછી એવી ચર્ચા થઈ હતી કે એર ઈન્ડિયાના વિમાનનું મેન્ટેનન્સ તુર્કીયેની કંપની પાસે હોવાથી, તેણે કોઈ ષડયંત્ર ઘડ્યું હોય. જો કે, આ અંગે તુર્કીયેની પ્રતિક્રિયા સામે આવી છે. તુર્કીયેના કોમ્યુનિકેશન ડિરેક્ટોરેટે 'X' પર પોસ્ટ કરીને લખ્યું 'તુર્કિશ ટેકનિક દ્વારા બોઈંગ 787-8 પેસેન્જર વિમાનનું મેન્ટેનન્સ કરવામાં આવ્યું હોવાના તમામ દાવા ખોટા છે.'

## DGCAએ બોઈંગ 787 વિમાનોને ક્લીનચીટ આપી ; સાથે મેન્ટેનન્સ માટે સલાહ આપી

ડિરેક્ટોરેટ ઓફ સિવિલ એવિએશન (DGCA)ને બોઈંગ 787ને કલીનચીટ આપી છે. DGCAએ એક નિવેદનમાં જણાવ્યું કે એર ઈન્ડિયા પાસે રહેલા બોઈંગ 787 વિમાનોનું સર્વેલન્સ કર્યા બાદ સલામતીની કોઈ મોટી ખામી જાણવા મળી નથી. DGCAએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, વિમાન અને તેની સાથે સંકળાયેલી મેન્ટેનન્સ સિસ્ટમમાં સલામતી ધોરણોનું પાલન કરવામાં આવી રહ્યું છે.

## પાયલટે RATની મદદ લીધી છતાં વિમાન તૂટી પડ્યું, વીડિયો પરથી નિષ્ણાતોનો દાવો

એર ઈન્ડિયાનું ડ્રીમલાઈનર બોઈંગ અમદાવાદ એરપોર્ટથી ઉડાન ભર્યાના ગણતરીની સેકન્ડમાં સિવિલના પ્રાંગણમાં ધડાકા સાથે તૂટી પડ્યું હતું. વીડિયો પરથી નિષ્ણાતોએ અનુમાન લગાવ્યું છે કે, પાયલટે છેલ્લી ઘડીએ રેમ એર ટર્બાઈન (RAT)ની પણ મદદ લીધી હતી તેમ છતાંય વિમાનનો બચાવ થઈ શક્યો નહીં. એરપોર્ટ નજીક રહેલાં એક વિદ્યાર્થીએ પોતાના મકાનના ધાબા પરથી થોડી સેકન્ડનો વીડિયો બનાવ્યો છે જેમાં વિમાન એકદમ નીચે ઉડી રહ્યું છે અને થોડીક ક્ષણોમાં અગનગોળાની જ્વાળા ઉઠે છે.

## પપ્પા હું પ્લેનમાં બેસી ગઈ છું, તમે જાઓ', દીકરીના શબ્દો યાદ કરી પિતા રડી પડ્યા



આણંદની 23 વર્ષીય ક્રિનલ મિસ્ત્રીના અંતિમ શબ્દો યાદ આવતાં પિતાની આંખમાં આંસુ રોકી શકતાં નથી. સોમવારની સવારે ક્રિનલ મિસ્ત્રીનો મૃતદેહ તેના માદરે વતન આણંદ શહેરના ઉત્સવ પાર્ક સોસાયટીમાં તેના ઘરે પહોંચતાની સાથે જ પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો હતો. ક્રિનલ બે વર્ષ પહેલા સ્ટૂડેન્ટ વિઝા પર લંડન ગઈ હતી. થોડા દિવસો પહેલા તે દાંતની સારવાર કરાવવા અને તેના પરિવારને મળવા આણંદ આવી હતી. આમ તો, ક્રિનલ 7 જૂને પરત ફરવાની હતી. પરંતુ વર્ક પરમિટ ન મળતાં એજન્ટે તેને બે-ત્રણ દિવસ પછી પરત ફરવાની સલાહ આપી. જેથી તેણે 12 જૂનની ટિકિટ બુક કરાવી હતી.

ક્રિનલના માતા અને પિતા સુરેશભાઈ તેને એરપોર્ટ પર છોડીને ઘરે પરત ફરી રહ્યા હતા, ત્યારે રસ્તામાં તેમને વિમાન દુર્ઘટનાના સમાચાર મળ્યા હતા. જે બાદ તેના પિતાને ક્રિનલે કહેલા એ શબ્દો યાદ આવ્યા કે, પપ્પા હું પ્લેનમાં બેસી ગઈ છું, તમે હવે ઘરે જાઓ. આ સાથે જ તેના પિતાની આંખોમાં આસું આવી ગયા હતા.

## 215 મૃતકોના DNA સેમ્પલ મેચ થયા 198 મૃતદેહ પરિજનોને સોંપી દેવાયા

દુર્ઘટનામાં 279 લોકોના મૃત્યુ થયા છે. આ દુર્ઘટનામાં મૃતકોની ઓળખ માટે ડીએનએ મેચ કરવાની કાર્યવાહી ચાલી રહી છે. સિવિલ હોસ્પિટલ સુપ્રિન્ટેન્ડેન્ટના જણાવ્યા મુજબ, ગુરુવાર સુધીમાં 215 મૃતકોના DNA મેચ થઈ ચૂક્યા છે. જેમાંથી 198 મૃતદેહો પરિવારનેa સોંપાયા છે. સિવિલ હોસ્પિટલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડૉ.રાકેશ જોશીએ જણાવ્યું હતું કે, આજે સાંજે 5:45 વાગ્યા સુધીમાં 215 મૃતકોના DNA સેમ્પલ મેચ થયા છે. વધુ વિગતો આપતા તેમણે જણાવ્યું હતું કે, 5 પરિવારો વહેલી સવાર સુધીમાં પાર્થિવ દેહ સોંપવામાં આવશે. 3 પરિવારો સાથે તંત્ર સંપર્કમાં છે, જ્યારે 9 પરિવારો અન્ય મૃતકોના DNA મેચની રાહ જોઈએ રહ્યા છે. સિવિલ હોસ્પિટલ સુપ્રિન્ટેન્ડેન્ટે જણાવ્યું હતું કે, 198 મૃતકોના પાર્થિવ દેહ પરિવારોને સોંપાયા છે, તેમાં 149 ભારતના નાગરિક, 7 પોર્ટુગલના, 32 બ્રિટિશ નાગરિક, 01 કેનેડિયન તેમજ 9 નોન-પેસેન્જરનો સમાવેશ થાય છે.

## મુંબઈ લોકલમાં પણ લોકો મરે છે : જેટ એરવેઝના ભૂતપૂર્વ CEOનો બફાટ

એવિએશન ઈન્ડસ્ટ્રીના દિગ્ગજ અને જેટ એરવેઝના ભૂતપૂર્વ CEO સંજીવ કપૂરે એર ઈન્ડિયા અને બોઈંગનો બચાવ કર્યો છે. સંજીવ કપૂરે X પર લખ્યું, "ભારતમાં દર વર્ષે માર્ગ અને રેલ અકસ્માતોમાં લાખો લોકો માર્યા જાય છે - ફક્ત મુંબઈના લોકલ ટ્રેનમાં દર વર્ષે 2,000થી વધુ લોકોના મોત થાય છે અને લોકો એની સામે નથી જોતા. દાયકાઓથી એર ઈન્ડિયાનો સેફટી રેકોર્ડ હાઈ રહ્યો છે.

## હૃદયસ્પર્શી કહાની : અમદાવાદના પટેલ દંપતીને મોત પણ સાથે આવ્યું

અમદાવાદમાં ગોઝારી ઘટનામાં ભારતીય અને વિદેશી નાગરિકો સહિત અનેક લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો. આ હૃદયદ્રાવક ઘટનામાં મૂળ ગુજરાતી અને 1978થી બ્રિટનમાં સ્થાયી થયેલા પટેલ દંપતી, અશોકભાઈ અને શોભનાબેન પટેલનું પણ અવસાન થયું હતું. આ વાત એક એવા દંપતીની છે જેઓ જીવનભર એકબીજાની સાથે રહ્યા અને મૃત્યુ પણ સાથે આવ્યું. અમદાવાદ સિવિલ હોસ્પિટલના કંટ્રોલ રૂમમાંથી અશોકભાઈના દીકરા મિતેન પટેલને લંડનથી અમદાવાદ બોલાવવામાં આવ્યા. મિતેન તેમના ભાઈ હેમેન સાથે અમદાવાદ પહોંચ્યા અને ડીએનએ સેમ્પલ આપ્યા. હોસ્પિટલે જણાવ્યું કે રિપોર્ટ 72 કલાકમાં આવશે, પરંતુ ફાધર્સ ડેના દિવસે જ મિતેનને સમાચાર મળ્યા કે તેમના પિતા અશોકભાઈના મૃતદેહ સાથે ડીએનએ સેમ્પલ મેચ થઈ ગયા છે. આ સમાચાર મિતેન માટે એક લાગણીશીલ ક્ષણ હતી, જેમાં દુઃખની સાથે પિતાના મૃતદેહની ઓળખ થવાનો સંતોષ પણ હતો.



## ‘હેરા ફેરી 3’માં પરેશ રાવલની ફરી થશે એન્ટ્રી?

મુંબઈ : અભિનેતા અક્ષય કુમાર પ્રચલિત કોમેડી ફિલ્મ ‘હેરા ફેરી’નો ત્રીજો ભાગ બનાવી રહ્યો છે પણ લોકપ્રિય કલાકાર પરેશ રાવલે આ ફિલ્મમાં કામ કરવાની ના પાડતા ફિલ્મની ફ્રેન્ચાઇઝી અને ચાહકોને આઘાત લાગ્યો હતો. જોકે પછીથી આ મામલો કોર્ટ સુધી પહોંચી ગયો હતો. જોકે ચાહકોની સાથે અક્ષયને હજી પણ આશા છે કે તે આ ફિલ્મમાં જરૂર દેખાશે. અક્ષયે કહ્યું કે “જે બધું થઈ રહ્યું છે, તે બધું બધાની સામે જ છે. આંગળીઓ ક્રોસ કરી રાખી છે, આશા છે કે બધું સારું થશે.”

# સામંથા પાપારાઝી પર ઉશ્કેરાઈ ગઈ



અભિનેત્રી સામંથા રૂથ પ્રભુનો એક વીડિયો વાઈરલ થઈ રહ્યો છે. જેમાં સામંથા પાપારાઝી પર ગુસ્સો કરતી જોવા મળી રહી છે. સામંથા જિમ આઉટફિટ્સમાં છે. તે ફોન પર કોઈની સાથે વાત કરી રહી હતી. ફોટોગ્રાફરને તસવીર નહીં લેવા જણાવી રહી હતી પરંતુ તે લોકો તેની આગળ-પાછળ ફરતા હતા. ત્યારે જ પાપારાઝી તેને વિશ કરે છે. ત્યારે સામંથાએ ખૂબ જ ગુસ્સામાં જવાબ આપ્યો હતો અને ત્યારબાદ તે પોતાની ગાડીમાં બેસીને રવાના થઈ ગઈ હતી. સામંથાના આ વીડિયો પર ઘણા લોકોએ કોમેન્ટ્સ કરી હતી.

વીડિયોમાં જોવા મળ્યું હતું કે સામંથા થોડી પરેશાન દેખાતી હતી. તે પોતાની કાર શોધી રહી હતી. લોકો સામંથાની તસવીરો કિલક કરતા હતા અને તે તસવીરો નહીં લેવા કહી રહી હતી. તે કદાચ પોતાના ડ્રાઈવરને કાર વિશે પૂછી રહી હતી સામંથા ફરીને બીજી તરફ આવે છે ત્યારે સામે પાપારાઝી મળી ગયા હતા. એક ફોટોગ્રાફરે સામંથાને ગુડ મોર્નિંગ વિશ કર્યુ ત્યારે સામંથાએ ગુસ્સામાં તેને કહ્યું હતું કે સ્ટોપ ઈટ ગાઈઝ. ત્યારબાદ તે નીકળી ગઈ હતી. આ વીડિયો પર લોકોએ ઘણી કોમેન્ટ્સ કરી હતી. કેટલાકે સામંથાને સપોર્ટ કરી હતી તો કેટલાકે તેને રૂડ કહી હતી. એક વ્યક્તિએ પોસ્ટ કરી હતી કે સિરિયસલી આ લોકોને થોડી પ્રાઈવેસી આપવી જોઈએ, તેમને શ્વાસ લેવા દો. એક કમેન્ટમાં કહેવાયું હતું કે ઓછામાં ઓછું તેણે ગુડ મોર્નિંગ તો કહી જ દેવાની જરૂર હતી. એક અન્ય શખ્સે લખ્યું હતું કે મેક અપ નથી તો કેમેરાનો સામનો કરવાનો વિશ્વાસ પણ નથી. સામંથાનું અસલી સ્વરૂપ સામે આવી ગયું છે.

## સેન્સર બોર્ડના કટ્સના લીધે આમિરની ‘સિતારે જમીન પર’ની રિલીઝ અટવાઈ


આમિર ખાનની સિતારે જમીન પર ૨૦૨૫ની મોસ્ટ અવેઈટેડ ફિલ્મોમાંની એક રહી છે. દર્શકોને તેનાં ગીતો ખૂબ ગમ્યા છે. મેકર્સ આ ફિલ્મને દેશભરના ૩ હજારથી વધારે સ્ક્રીન્સ પર રિલીઝ કરવાની તૈયારી કરતા હોવાના સમાચાર છે. પરંતુ હવે ૨૦ જૂન, શુક્રવારે આ ફિલ્મ રિલીઝ થઈ શકશે કે કેમ, તેના પર શંકાના વાદળો ઘેરાયા છે. હકીકતમાં. સેન્સર બોર્ડમાંથી સિતારે જમીન પરને હજુ ક્લીયરંન્સ મળ્યું નથી. તેનું કારણ CBFC દ્વારા સૂચવાયેલા બે કટ્સ છે. એક રિપોર્ટ અનુસાર, કેન્દ્રીય ફિલ્મ પ્રમાણપત્ર બોર્ડ (CBFC)એ સિતારે જમીન પરમાં બે કટ્સ માર્યા છે. પરંતુ એવું કહેવાય છે કે, આમિર ખાન તેના માટે તૈયાર નથી. તે ફિલ્મને એક પણ કટ વગર જ રિલીઝ કરવા માગે છે. રિપોર્ટમાં સૂત્રોના આધારે કહેવાયું છે કે આમિર ખાન અને ડાયરેક્ટર આર.એસ. પ્રસન્ના બન્નેનું કહેવું છે કે. તેમણે ખૂબ વિચારપૂર્વક આ ફિલ્મ બનાવી છે અને સેન્સર બોર્ડને જે બે સીન કે ડાયલોગ સામે વાંધો છે, તે સ્ક્રિપ્ટની દ્રષ્ટિએ ખૂબ જ જરૂરી છે.

## અક્ષય કુમારની ફિલ્મ ‘કેસરી 2’ના 7 પ્રોડ્યુસર સામે FIR નોંધાઈ




અક્ષય કુમારની એક પછી એક ફિલ્મ વિવાદમાં ફસાઈ રહી છે ત્યારે હવે હેરાફેરી બાદ કેસરી 2 પર વિવાદ થઈ રહ્યો છે. ફિલ્મ રિલીઝ થયાના 2 મહિના પછી તેના પર આરોપ લાગી રહ્યો છે. પશ્ચિમ બંગાળની તૃણમૂલ કોંગ્રેસ (TMC)નું કહેવું છે કે ફિલ્મ ‘કેસરી 2’ માં ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં રાજ્યના યોગદાનને ખોટી રીતે દર્શાવવામાં આવ્યું છે. પાર્ટીનો આરોપ છે કે આમ કરીને બંગાળી ક્રાંતિકારીઓનું અપમાન કરવામાં આવ્યું છે. આ જ કારણ છે કે ‘કેસરી 2’ ના સાત નિર્માતાઓ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની અનેક કલમો હેઠળ વિધાનનગર દક્ષિણ પોલીસ સ્ટેશનમાં FIR નોંધવામાં આવી છે. તૃણમૂલ કોંગ્રેસ (TMC) કહે છે કે ‘કેસરી 2’ ફિલ્મમાં બંગાળના મુખ્ય સ્વાતંત્ર્ય સેનાનીઓ, ખાસ કરીને ક્રાંતિકારીઓ ખુદીરામ બોઝ અને બરીન્દ્ર કુમાર ઘોષને ખોટી રીતે દર્શાવવામાં આવ્યા છે.

## અભિનેતા ડીનો મોરિયાને ધરપકડનો ડર, EDએ મોકલ્યું સમન્સ



મહારાષ્ટ્રના મુંબઈની મીઠી નદી સફાઈ કૌભાંડ મામલે બોલિવૂડ એક્ટર ડીનો મોરિયાને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા સમન્સ પાઠવવામાં આવ્યું હતું, પરતું તે હાજર ન થતા તેને ફરીથી સમન્સ મોકલવામાં આવ્યુ હતું અને પૂછપરછ માટે હાજર રહેવાની સૂચના આપવામાં પણ આવી હતી. મુંબઈમાં મીઠી નદીની સફાઈ (ડિસિલ્ટિંગ) સંબંધિત કૌભાંડના કેસમાં અભિનેતાની પૂછપરછ કરવામાં આવી રહી છે. ડીનો મોરિયા પર આરોપ છે કે તેણે મીઠી નદી કૌભાંડના વચેટિયાઓ અને કોન્ટ્રાક્ટરો સાથે મળીને કૌભાંડ આચર્યું છે અને EDને તેના બેન્ક ખાતામાં કોન્ટ્રાક્ટરો સાથેના વ્યવહારોના પુરાવા પણ મળ્યા છે. અત્યાર સુધીમાં આ કેસમાં ડીનો મોરિયાની 3 વખત પૂછપરછ કરવામાં આવી છે. જેમાં 2 વખત મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખા (EOW) અને ED દ્વારા 1 વખત પૂછપરછ કરવામાં આવી છે.

જોકે, આ કેસમાં ડીનો મોરિયા ઉપરાંત, તેના ભાઈ સેન્ટિનો મોરિયા અને BMCના કેટલાક અધિકારીઓ સહિત 8 લોકોને સમન્સ પાઠવવામાં આવ્યા હતા. 2005 પછી મીઠી નદીની સફાઈ યોજના શરૂ કરવામાં આવી હતી. ત્યારથી, નદીની સફાઈ અંગે ભ્રષ્ટાચારના આરોપો ઘણી વખત સામે આવ્યા છે. આ કૌભાંડમાં મુખ્ય વચેટિયા તરીકે કેતન કદમની ધરપકડ કરવામાં આવી છે.



## અજય દેવગણની શૈતાન-2માં કાજોલ પણ કેમિયો કરે તેવી ચર્ચા

મુંબઈ : અજય દેવગણ હવે ‘શૈતાન ટૂ’ બનાવી રહ્યો છે. તેમાં કાજોલ પણ કેમિયો કરશે તેવી અટકળો છે. ફિલ્મમાં અજય, આર. માધવન તથા જાનકી બોડીવાલા સહિતના કલાકારો રીપિટ થશે. આ ઉપરાંત કેટલાક નવા કલાકારો પણ ઉમેરાશે તેવી ચર્ચા છે. આ ફિલ્મના પ્લોટને મૂળ ‘શૈતાન’ સાથે કોઈ લેવાદેવા નહીં હોય. બિલકૂલ નવી વાર્તા જ રજૂ કરાશે. અજય દેવગણને પોતાની જૂની ફિલ્મોના પાર્ટ ટુ , પાર્ટ થ્રી એમ ફ્રેન્ચાઈઝી સ્વરુપે બનાવી સફળતાનો શોર્ટકટ મેળવવાનું ફાવી ગયું છે. આ કિસ્સામાં પણ તે મૂળ ‘શૈતાન’ ફિલ્મની ગુડવિલને નીચોવી લેવા ખાતર જ ‘શૈતાન ટુ’ એવું ટાઈટલ રાખવાનો હોવાનું કહેવાય છે.

જોકે, બોલીવૂડમાં આવું કરવાવાળો અજય દેવગણ એકલો નથી. તાજેતરમાં કરણ જોહરે પણ અક્ષય કુમારની સી. શંકરન નાયરની બાયોપિકને ‘કેસરી ટૂ’ તરીકે પેશ કરી હતી. વાસ્તવમાં તેને અક્ષય કુમારની મૂળ ‘કેસરી’ ફિલ્મની વાર્તા સાથે કોઈ લેવાદેવા જ ન હતી.

## એક્શન કિંગ હોલિવૂડ સ્ટાર ટોમ ક્રૂઝને Honourary Oscarથી સન્માનિત કરાશે



એક્શન કિંગ હોલિવૂડ સ્ટાર ટોમ ક્રૂઝે પોતાના કરિયરમાં એકથી ચઢતી એક ફિલ્મોમાં કામ કર્યું છે. ચાહકો એક્ટરના કામને ખૂબ જ પસંદ કરે છે અને તેની ફિલ્મોની આતુરતાથી રાહ જોઈ છે. હવે એક્ટરને પોતાની મહેનતનું ફળ મળવા જઈ રહ્યું છે. હોલિવૂડથી આવી રહેલા સમાચારો પ્રમાણે ટોમ ક્રૂઝને ઓસ્કર મળવા જઈ રહ્યો છે. આ સાથે જ મ્યૂઝિક આઈકોન ડોલી પાર્ટન, કોરિયોગ્રાફર ડેબી એલન અને પ્રોડક્શન ડિઝાઈનર વિન થૉમસને પણ સન્માનિત કરવામાં આવશે. 35 વર્ષ પહેલાં ટોમ ક્રૂઝને પહેલી વાર ઓસ્કાર નોમિનેશન મળ્યું હતું, અને હવે તેને 2025માં માનદ ઓસ્કાર (Honorary Oscar)થી સન્માનિત કરવામાં 62 વર્ષીય ક્રૂઝ મિશન: ઈમ્પોસિબલ અને ટોપ ગન જેવી બ્લોકબસ્ટર ફિલ્મો માટે પ્રખ્યાત છે. તે પોતાના ખતરનાક સ્ટંટ અને થિયેટરોને જીવંત રાખવાના પ્રયાસો માટે જાણીતો છે. એક અહેવાલ પ્રમાણે કોરોના મહામારી દરમિયાન તેની ફિલ્મ ટોપ ગન: મેવરિક એ થિયેટર્સમાં જીવ ફૂંક્યો હતો. ટોમ ક્રૂઝને બોર્ન ઓન ધ ફોર્થ ઓફ જુલાઈ, જેરી મગ્વાયર અને મેગ્નોલિયા માટે ત્રણ એક્ટિંગ નોમિનેશન અને ટોપ ગન: મેવરિક માટે બેસ્ટ પિક્ચર નોમિનેશન મળી ચૂક્યું છે.







## યુએસ પ્રમુખની મુશ્કેલી વધવાના એંધાણ

# એપ્સ્ટિન ફાઈલ્સ : દિગ્ગજોની કરતૂતોનો પુરાવો

પ્રાસંગિક
ધવલ શુક્લ

અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ ફરી એકવાર મુશ્કેરીમાં મુકાઈ શકે છે. આ વખતે તેઓનું નામ એપ્સ્ટિન ફાઈલ્સને લઈને ચર્ચામાં છે. જુનના પ્રથમ અઠવાડિયે મસ્કે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પર એવો આરોપ લગાવ્યો કે જેનાથી સનસનાટી મચી ગઈ છે. મસ્કે દાવો કર્યો હતો કે, ટ્રમ્પનું નામ એપ્સ્ટિન ફાઈલ્સમાં છે. ટ્રમ્પના નામને કારણે વહીવટીતંત્ર એપ્સ્ટિન ફાઈલ્સને જાહેર કરી રહ્યું નથી.

મસ્કના આ નિવેદન બાદ એપ્સ્ટિન ફાઈલ્સ શું છે તેની ચર્ચા અમેરિકા સહિત આખી દુનિયામાં થવા માંડી છે. એસ્ટિન ફાઈલો શું છે? તે સમજવા માટે તે વ્યક્તિ વિશે જાણવું પડશે. જેફરી એપ્સ્ટિનનો જન્મ ન્યૂયોર્કમાં થયો હતો. ૧૯૨૦ના દાયકામાં તે શાળામાં બાળકોને ગણિત અને ભૌતિકશાસ્ત્ર શીખવતો હતો. એક વિદ્યાર્થીના પિતા તેનાથી એટલા પ્રભાવિત થયા હતા કે, તેમણે તેનો પરિચય વોલ સ્ટ્રીટ ઈન્વેસ્ટમેન્ટ બેંક બેર સ્ટાર્સના એક વરિષ્ઠ ભાગીદાર સાથે કરાવ્યો હતો. ૧૯૮૨ સુધીમાં તેણે પોતાની પેઢી જે. એપ્સ્ટિન & કંપનીની રચના કરી હતી. એપ્સ્ટિન એક અમેરિકન ફાઈનાન્સર હતો. તેના અમેરિકા અને અન્ય દેશોની સેલિબ્રિટીઓ સાથે ગાઢ સંબંધો હતા. જો કે, તેના પર સગીરોને વૈશ્યાવૃત્તિમાં ધકેલી દેવાનો આરોપ હતો. એપ્સ્ટિન મિસ સ્વીડન ઈવા એન્ડરસન ડુબિન અને પ્રકાશક રોબર્ટ મેક્સવેલની પુત્રી ધિસ્લેન મેક્સવેલ જેવી સ્ત્રીઓ સાથે ડેટિંગ કરતો હતો, પરંતુ તેણે ક્યારેય તેમની સાથે લગ્ન કર્યાં નહીં. જાતીય ગુનેગાર તરીકે દોષિત ઠેરવ્યા બાદ ૧૦ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ તે ન્યૂયોર્ક જેલમાં મૃત હાલતમાં મળી આવ્યો હતો. આ ઘટના સમયે તેણે આત્મહત્યા કરી હોવાનું પણ મનાયું હતુ. જેફરીને કસ્ટડીમાં લીધા પછી તપાસ દરમિયાન મળેલી સામગ્રીમાં દસ્તાવેજો, સંપર્ક યાદીઓ, કૉલ રેકોર્ડ, વીડિયો, તેમના સહયોગીઓ અને ગ્રાહકોનાં નામ અને અન્ય તપાસ ડેટા પોલીસને હાથ લાગ્યા હતા. જેને એપ્સ્ટિન ફાઈલ્સ કહેવામાં આવે છે. અમેરિકન સરકારે એપ્સ્ટિન સંબંધિત સામગ્રીને અને તેની આંતરિક સમીક્ષાને સ્વીકારી છે. જો કે, અત્યાર સુધી ફક્ત થોડા જ રેકોર્ડ બહાર પાડવામાં આવ્યા છે. તેમાં સામાજિક, વ્યાવસાયિક અથવા અન્યથા



એપ્રિટન સાથે સંકળાયેલાં ઘણા હાઈ પ્રોફાઈલ વ્યક્તિઓનાં નામો છે. ડઝનબંધ મહિલાઓએ આરોપ લગાવ્યો હતો કે, એપ્ટિસ્ટને તેમને તેમના ખાનગી કેરેબિયન ટાપુ અને ન્યૂયોર્ક, ફ્લોરિડા અને ન્યૂ મેક્સિકોનાં ઘરોમાં તેમના હાઈ પ્રોફાઈલ મહેમાનોને જાતીય સેવાઓ પૂરી પાડવા માટે દબાણ કર્યું હતું. જાતીય શોષણના આરોપમાં ૨૦ વર્ષની જેલની સજા ફટકાર્યા બાદ જેલમાં રહેલા એપિસ્ટને ૨૦૧૯માં જેલમાં આત્મહત્યા કરી હતી. અમેરિકાના જસ્ટિસ ડિપાર્ટમેન્ટના એક દસ્તાવેજમાં દાવો થયો હતો કે, પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ, પોપ આઈકોન માઈકલ જેક્સન, અભિનેતા એલેક બાલ્ડવિન અને ફિલ્મનિર્માતા હાર્વે વેઈનસ્ટીન જેફરી એબ્સ્ટેઈનની સંપર્ક યાદીમાં સામેલ હતા. ન્યાય વિભાગના દસ્તાવેજમાં ન્યૂયોર્કના ભૂતપૂર્વ ગવર્નર એન્ડ્રુ કુઓમો, રોલિંગ સ્ટોન્સના ફ્રન્ટમેન મિક જેગર અને સંગીતકાર કર્ટની લવ, રોબર્ટ એફ કેનેડી જુનિયરની માતા એથેલ કેનેડી, ભૂતપૂર્વ વિદેશ સચિવ જોન કેરી, સ્વર્ગસ્થ સેનેટર ટેડ કેનેડી જેવાં ઘણાં અન્ય હાઈ પ્રોફાઈલ નામો પણ હતા.

તેના ખાનગી જેટનો ફ્લાઈટ લોગ લોલિતા એક્સપ્રેસ તરીકે ઓળખાય છે. ડોનાલ્ડ ટ્રમ્પે ૧૯૯૩ અને ૧૯૯૭ વચ્ચે સાત વખત આ જેટમાં ઉડાન ભરી હતી. તેમણે મુખ્યત્વે પામ બીચ, ફ્લોરિડા અને ન્યુ યોર્ક સિટી વચ્ચે મુસાફરી કરી હતી. આમાંની કેટલીક ફ્લાઈટમાં તેમની તત્કાલીન પત્ની માર્લા મેપલ્સ, તેમની પુત્રી ટિફની અને એક સંભાળ રાખનારનો સમાવેશ થતો હતો. જેફરી એપ્સ્ટિન પોતે પણ આમાંની કેટલીક ટ્રિપ્સમાં મુસાફર હતા. ૨૦૦૨માં એક ઈન્ટરવ્યુમાં ડોનાલ્ડ ટ્રમ્પે એપ્સ્ટિનને અદભૂત વ્યક્તિ પણ કહ્યા હતા. ૨૦૦૨માં ટ્રમ્પે પોતે તેની સાથેની મિત્રતાનો સ્વીકાર કર્યો હતો. ન્યૂયોર્ક મેગેઝિનને આપેલા ઈન્ટરવ્યુમાં તેમણે કહ્યું હતું કે, તેઓ જેફરી એપ્સ્ટિનને ૧૫ વર્ષથી ઓળખે છે. સાથે જ ટ્રમ્પે તેમની સાથે રહેવાની પણ ખૂબ મજા આવે છે તે વાત સ્વીકારી હતી.

ટ્રમ્પે એમ પણ કહ્યું હતું કે તેમને પણ સુંદર સ્ત્રીઓ એટલી જ ગમે છે, જેટલી તેમને ગમે છે, પરંતુ એપ્સ્ટિન સામેના આરોપો મુકાયા પછી ટ્રમ્પે એપ્સ્ટિનથી અંતર જાળવવાનું શરૂ કરી દીધુ હતુ. જ્યારે વર્જિનિયા ગિફ્રે નામની એક મહિલાએ ખુલાસા કર્યા ત્યારે આ કેસનાં પળ ખૂલ્યાં હતાં. જે બાદ એપ્સ્ટિનને વેશ્યાવૃત્તિ અને સગીરને લલચાવવા બદલ દોષી ઠેરવવામાં આવ્યો હતો. જો કે, થોડી સોદાબાજી પછી તેને ફક્ત ૧૩ મહિનાની કસ્ટડી મળી, જેમાં કામ પર છૂટવાની મંજૂરી આપવામાં આવી હતી. ૨૦૧૯માં ફ્લોરિડા અને ન્યુ યોર્કમાં સગીરોના જાતીય તસ્કરીના આરોપસર તેની ફરીથી ધરપકડ થઈ હતી. ૧૦ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ તેણે જેલમાં ફાંસો ખાઈ લીધો હતો. આ સમયે ટ્રમ્પ અમેરિકાના રાષ્ટ્રપતિ હતા. તે જ સમયે, વર્જિનિયા ગિફ્રેનું પણ ૨૫ એપ્રિલના રોજ અવસાન થયું હતું. તેણીએ પણ આત્મહત્યા કરી હતી. તેણીએ જણાવ્યું હતું કે, એપ્સ્ટિને તેણીને ૧૯૯૯થી ૨૦૦૨ દરમિયાન ઘણી મોટી હસ્તીઓ પાસે મોકલી હતી. તેણીએ એમ પણ કહ્યું હતું કે તે એપ્સ્ટિન દ્વારા ઘણી વખત ડોનાલ્ડ ટ્રમ્પને મળી હતી. આ કૌભાંડમાં એલોન મસ્કે કરી એક વાર અમેરિકી રાષ્ટ્રપતિનું નામ ઉઠાવ્યું હતુ. સાથે જ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક વીડિયો પણ પોસ્ટ કર્યો હતો. જેમાં ટ્રમ્પ ઘણી મહિલાઓથી ઘેરાયેલા પાર્ટી કરતાં જોવા મળ્યા હતા. ૧૯૯૦ના દાયકામાં ફરી એપ્સ્ટિન અને ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે મિત્રતા વધી હતી. ડોનાલ્ડ ટ્રમ્પે પામ બીચ પર તેના ખભા પર હાથ રાખીને એક ફોટો પણ પડાવ્યો હતો, જેમાં તેઓ હસતા હતા. બંનેને છોકરીઓમાં ખાસ રસ હતો. આ બધી બાબતો સમાન હોવાને કારણે તેમની મિત્રતા વર્ષો સુધી ટકી રહી હતી. બંને ઘણી ક્લબ પાર્ટીઓમાં સાથે જતાં હતાં અને ઘણાં લંચ અને ડિનર ખાતાં હતાં. બંને ઘણી પાર્ટીઓમાં સાથે જોવા મળતા હતા. તેમની નિકટતાનું કારણ તેમનો સમાન સામાજિક દરજ્જો અને છોકરીઓમાં ખાસ રસ પણ હતો. વર્ષ ૨૦૦૪માં ટ્રમ્પ અને એપ્સ્ટિન વચ્ચે દાયકાઓ જૂની મિત્રતામાં અચાનક તિરાડ પડી ગઈ હતી. બંને અબજોપતિ ઉદ્યોગપત્તિઓ જે ન્યુયોર્કથી પામ બીચ સુધી સાથે ફરતા હતા. તેઓ બંને પ્રોપર્ટીના બિઝનેસમાં એકબીજાના કટ્ટર દુશ્મન બની ગયા હતા. ક્લબમાં ઘણી પાર્ટી કરતા હતા. સાથે લંચ અને ડિનર લેતા હતા. એપ્સ્ટિન પણ ટ્રમ્પની જેમ અબજોપતિ હતો. એક સમયે તેમને અને ટ્રમ્પનો ગાઢ મિત્રો માનવામાં આવતા હતા. તેમની મિત્રતાની ઘણી વાર્તાઓ જગજાહેર છે. જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પ રાષ્ટ્રપતિની ચૂંટણી લડી રહ્યા હતા. ત્યારે અમેરિકાની કોર્ટે કેટલાક દસ્તાવેજો જાહેર કર્યા હતા, જેમાં એપ્સ્ટિન પર જાતીય શોષણનો આરોપ લગાવનારી મહિલાએ ડોનાલ્ડ ટ્રમ્પના કાળા કાર્યોનો પણ પર્દાફાશ કર્યો હતો. તેણીએ દાવો કર્યો હતો કે તેની પાસે બિલ ક્લિન્ટન, પ્રિન્સ એન્ડ્રુ જેવી સેલિબ્રિટીઝ સાથે ડોનાલ્ડ ટ્રમ્પની સેક્સ ટેપ હતી. દસ્તાવેજોમાં એવું કહેવામાં આવ્યું હતું કે આ ટેપ ટ્રમ્પના મિત્ર એપ્સ્ટિને રેકોર્ડ કરી હતી. મહિલાએ ન્યૂ યોર્કમાં એપ્ટિસ્ટનના ઘરે ટ્રમ્પની વારંવાર મુલાકાતોનો પણ ઉલ્લેખ કર્યો હતો. જો આ મહિલાના દાવા મુજબ એપ્સ્ટિન ફાઈલ જાહેર કરવામાં આવે તો ટ્રમ્પની કથિત કરતૂતનો ભાંડો બહાર આવી શકે છે, જો આવું કૌભાંડ બહાર આવે તો ટ્રમ્પને રાષ્ટ્રપતિના હોદ્દા પરથી રાજીનામું આપવાની ફરજ પડી શકે છે. નિષ્ણાતો કહી રહ્યા છે કે યુએસમાં ટ્રમ્પ વિરોધની સંખ્યા પણ વધી રહી છે. તેથી આ ફાઈલ્સ તેની મુશ્કેલી ચોક્કસપણે વધારી શકે તેમ છે.

**રાજકારણીઓ, ઉધોગપતિઓ અને સેલિબ્રિટીઓના જાતીય સંતોષ માટે સગીરોની તસ્કરી અને બળાત્કાર જેવા કેસમાં આરોપી બનેલ એપ્સ્ટિન 2019માં જેલમાં મૃત હાલતમાં મળી આવ્યો, આ સમયે તેની પાસેથી મળેલા દસ્તાવેજો એટલે ફાઈલ્સમાં યુએસના અનેક દિગ્ગજોની કરતૂતના કચ્ચા ચીઠ્ઠા હોવાનું કહેવાય છે**

# ઓફિસ ટેબલ પર બ્લેક અગેટનો પિરામિડ રાખો

જો ઘર કે ફેક્ટરી પાછળ ટેકો, સપોર્ટ કે દીવાલ ન હોય તો પિરામીડ યંત્ર લગાવી ઊર્જાની જાળવણી કરી શકાય છે. તેના માટે એક ફૂટ ઊંડો ખાડો ખોદી પિરામિડ યંત્ર માટીથી ઢાંકી દેવું. આ પિરામિડ પર જમીનમાં વાતાવરણ અને ભેજની અસર થવી ન જોઈએ. એક-એક મીટરના અંતરે આવાં પિરામિડ યંત્ર એક-એક ફૂટ ઊંડા ખાડામાં રાખી ઊર્જાનું સંતુલન કરવું.

## પિરામિડના ઉપયોગ અને લાભ

■ ઘરના કોઈ પણ પ્રકારના વાસ્તુદોષના નિવારણ માટે મધ્યમ કદનો પિરામિડ ઘરની અંદર કે બહારની બાજુ ઉત્તર કે પૂર્વ દિશાની દીવાલ પર લગાવવો જોઈએ.

■ પિરામિડની વીંટી, તાવિજ તથા પિરામિડના સાથિયા, સૂર્ય ગ્રહ માટે કેસરી, ચંદ્ર ગ્રહ માટે સફેદ રંગના, મંગળ ગ્રહ માટે લાલ રંગના, ગુરુ ગ્રહ માટે પીળા રંગના, શુક્ર ગ્રહ માટે ચાંદી જેવા સફેદ રંગના, રાહુ માટે છીંકણી રંગના, કેતુ માટે રાખોડી રંગના પિરામિડનો ઉપયોગ કરો.

■ રંગીન પિરામિડોની સાથે તાંબાનાં યંત્રો મૂકવાથી ખૂબ જ શુભ પરિણામો મળી શકે છે.

■ પિરામિડ ઈચ્છાપૂર્તિ યંત્રનો ઉપયોગ કરી આત્મવિશ્વાસ વિકસાવી અને ઈચ્છાઓ ફળીભૂત કરી શકાય છે.

■ કલ્પવૃક્ષ પિરામિડ યંત્રથી જીવનમાં દરેક જગ્યાએ સફળતા મેળવી શકાય છે.

■ ઘરના મધ્ય ભાગમાં ૯ પિરામિડ મૂકીને બ્રહ્મસ્થાનની ઊર્જા વધારી શકાય છે.

■ ઈશાન ખૂણાનો વાસ્તુદોષ હોય તો પીળા રંગના ૯ પિરામિડ મૂકીને તે જગ્યાની ઊર્જામાં વધારો કરી સફળતા મેળવી શકાય છે.




પિરામિડને માથા પર ટોપીની જેમ ધારણ કરો અથવા જ્યાં બેઠા હોય ત્યાં નીચે પિરામિડ રાખો તો સકારાત્મક ઊર્જાશક્તિ મળશે. પરિણામે માનસિક શાંતિ મળશે અને નકારાત્મક વિચારો દૂર થશે

■ બાળકોના ભણવાના રૂમમાં સ્ટડી ટેબલ ઉપર એજ્યુકેશન પિરામિડ રાખવાથી એકાગ્રતા વધે છે અને બાળકો ભણવામાં હોશિયાર બને છે.

■ પતિ-પત્નીના સંબંધો સુધારવા માટે બેડરૂમના નૈઋત્ય ખૂણામાં રોઝ ક્વાર્ટ્ઝના બે મોટા પિરામિડ રાખવાથી પ્રેમમાં વૃદ્ધિ થાય છે.

■ વેપાર-ધંધાની જગ્યાએ તિજોરીમાં ક્રિસ્ટલના પિરામિડની પ્લેટ રાખવાથી ધંધામાં વધારો થાય છે.

■ ઓફિસ ટેબલ ઉપર બ્લેક અગેટનો પિરામિડ રાખવો જોઈએ.

■ ઘરમાં ઉત્તરની દીવાલ પર સ્વસ્તિક પિરામિડ લગાડવો જોઈએ.

■ ફેક્ટરીની પશ્ચિમ દિશામાં મોટો પિરામિડ લગાડવાથી ફાયદો થાય છે.

■ સીડી ખોટી જગ્યાએ હોય તો તેની નીચે ત્રણ પિરામિડ રાખવાથી દોષ દૂર થાય છે.

■ ધ્યાન કરતી વખતે પિરામિડની ટોપી પહેરવાથી મન એકાગ્રચિત્ત રહે છે.

■ પિરામિડની અંદર કોઈ પણ પ્રકારના પદાર્થો રાખવા નહીં.

■ પ્લોટને બેલેન્સ કરવા માટે પિરામિડની દીવાલો બનાવી શકાય છે.

■ નવગ્રહના પિરામિડની ક્રિસ્ટલ પ્લેટને ઘરના મુખ્ય દરવાજાની અંદર-બહાર લગાડવાથી ઘરનું નકારાત્મક ઊર્જાથી રક્ષણ થાય છે.

■ પ્લોટના ઢાળનું સંતુલન કરવા ઈશાન અને નૈઋત્ય ખૂણામાં ૯ પિરામિડ મૂકવા જોઈએ.

■ વાહનને અકસ્માતથી બચાવવા તથા તેની સુરક્ષા માટે તેમાં પિરામિડ રાખવો જોઈએ.

■ ફેક્ટરીના મુખ્ય દરવાજાની નીચે ૯/૯ નો પિરામિડ બંને બાજુ મૂકવાથી ધંધામાં પ્રગતિ થાય છે.

## પિરામિડનું વૈજ્ઞાનિક રહસ્ય

પિરામિડની અંદર તથા ઉપરના ભાગમાં ચુંબકીય પ્રવાહ બરાબર ચાલતો હોવાથી ઊર્જાનો પ્રવાહ નિરંતર ચાલુ રહે છે. કેટલાક વિજ્ઞાનીઓના મત અનુસાર આ ઊર્જા દ્વારા મનુષ્ય પોતાના દૈનિક જીવનમાં પણ લાભ મેળવી શકે છે. પિરામિડનો જુદી જુદી રીતે ઉપયોગ કરીને તેનો લાભ મેળવી શકાય છે. પિરામિડ માત્ર ઈજિપ્તના રાજા-મહારાજાઓનાં શબ જાળવી રાખવાનું સાધન નથી, પરંતુ મનુષ્ય જીવનમાં અનેક કાર્યમાં લાભદાયી ઊર્જા મેળવવાનો સ્રોત પણ છે. કેટલાક માણસોમાં કાર્ય કરવાની શક્તિ હોવા છતાં તેમનામાં રહેલા નકારાત્મક વિચારો તેમની કાર્યશક્તિને ક્ષીણ કરી દે છે. આવી વ્યક્તિઓ માટે પિરામિડ ચિકિત્સા અકસીર ઉપાય છે. આવી વ્યક્તિઓ દિવસમાં ત્રણ કલાક જેટલો સમય પિરામિડનો ઉપયોગ કરે એટલે કે પિરામિડને માથા ઉપર ટોપીની જેમ ધારણ કરે અથવા જ્યાં બેઠા હોય તે જગ્યાની નીચે પિરામિડ રાખે તો સકારાત્મક ઊર્જાશક્તિ મળશે. પરિણામે માનસિક શાંતિ મળશે અને નકારાત્મક વિચારો દૂર થશે. નવીન કાર્યશક્તિનો ઉદય થતાં ઉત્સાહમાં વધારો થાય છે. મનની એકાગ્રતા વધે છે.

# મેક્સી ડ્રેસને અલગ રીતે કેરી કરીને અમેઝિંગ લુક મેળવો

કોલેજ હોય, ઓફિસ હોય, પાર્ટી હોય કે કોઈ પણ અવસર હોય, સ્ટાઈલિશ અને પ્રેઝન્ટેબલ દેખાવું દરેક વ્યક્તિનો મુખ્ય એજન્ડા છે. અમુક લોકોને એવું લાગે છે કે ફક્ત વેસ્ટર્ન અને રિવિલિંગ આઉટફિટમાં જ સ્ટાઈલિશ દેખાઈ શકાય છે. તો અમુક લોકો એવા પણ છે જે દેશી સ્વેગ અને સ્ટાઈલથી પોતાની અલગ છાપ છોડી જાય છે. અમુક વર્ગ એવો પણ છે જે પોતાના બોડીટાઈપને લઈ વધારે કોન્ફિડન્ટ હોય છે. એમને એવું લાગે છે કે સ્ટાઈલિશ દેખાવું બહુ મુશ્કેલ અને અશક્ય છે, પરંતુ મેક્સી ડ્રેસ એક એવું આઉટફિટ છે જે દરેક બોડીટાઈપ પર શૂટ થાય છે. આ ઉપરાંત મેક્સી વર્સેટાઈલ, એલિગન્ટ, ગ્રેસફુલ અને આરામદાયક આઉટફિટ છે. કોઈ પણ સીઝનમાં પહેરવામાં કમ્ફર્ટ એવો મેક્સી ડ્રેસ દરેક પ્રકારના અવસર ઉપર પરફેક્ટ આઉટફિટ છે. તેને સ્ટાઈલ કરવાની રીત ઉપર નિર્ભર કરે છે.



### શ્રગ સાથે

શ્રગ સાથે મેક્સી ડ્રેસનું લેયર તમારા લુકને વધારી દેશે. આ ઉપરાંત સ્ટાઈલિશ અને કૂલ લુક આપશે. આ એવા લોકો માટે ઉત્તમ સ્ટાઈલ ટિપ છે, જે સ્ટ્રેપી કે સ્લિવલેસ ડ્રેસમાં કમ્ફર્ટેબલ મહેસૂસ નથી કરતા. આ રીતે તમારા મેક્સી ડ્રેપને શ્રગની સાથે લેયર કરીને તમે બીચ વેકેશન માટે સેક્સી અને ચિલ્ડ આઉટ લુક મેળવી શકો.

### બેલ્ટ સાથે

બેલ્ટ અન્ડરસ્ટેટેડ એસેસરી છે, જે તરફ આપણે વધારે ધ્યાન આપતાં નથી. એ ખોટું છે. એક સિમ્પલ બેલ્ટ તમારા લુકમાં અભિવૃદ્ધિ કરે છે એની તમને ખબર નથી. બેલ્ટ બોડીને સરસ શેપ આપવાનું કામ કરે છે. આ ઉપરાંત જો ડ્રેસ સિમ્પલ અને સિંગલ ટોનનો હોય તો તેને આકર્ષક બનાવે છે.

### બ્લેઝરની સાથે

જો તમને લાગે છે કે મેક્સી ડ્રેસ એક કેઝ્યુઅલ આઉટફિટ છે, જેને ફક્ત મિત્રોની સાથે શોપિંગ, લંચ અને વેકેશન પર પહેરી શકાય છે, તો એવું જરાય નથી. મેક્સી ડ્રેસ એક વર્સેટાઈલ આઉટફિટ છે, જેને થોડી સ્માર્ટ સ્ટાઈલની સાથે કોઈ પણ અવસર પર પહેરી શકાય છે. સોલિડ કલરની મેક્સી ડ્રેસને એક કોન્ટ્રાસ્ટિંગ બ્લેઝર અથવા એ જ કલર કે પછી તેના જેવા બીજા શેડના બ્લેઝર સાથે લેયર કરી શકો છો. એનાથી તમને પરફેક્ટ ફોર્મલ લુક મળશે.

# અન ઇવન સ્કિન ટોન છુપાવે કન્સીલર

કોઈ પણ મેકઅપ રૂટિનમાં કન્સીલર બહુ અગત્યનું છે. નો મેકઅપવાળા મેકઅપ લુકમાં પણ નિશાન, ડાઘ ધબ્બા અને ડાર્ક સર્કલ્સ છુપાવવા માટે કન્સીલરનો ઉપયોગ કરવામાં આવે છે. જેના લીધે ત્વચા ડાઘ રહિત અને ચમકદાર લાગે છે. કન્સીલરમાં જો ગણ્યાગાંઠ્યા શેડ્સ આવતા હોત તો એમાં પસંદગી કરવામાં ખાસ કોઈ તકલીફ ન પડત, પણ કન્સીલરમાં અનેક કલર્સની સાથે અનેક ટેક્સ્ચર પણ હોય છે, જેમાં લિક્વિડ, સ્ટિક, પાઉડર વગેરેનો સમાવેશ થાય છે.



### કન્સીલરનું કામ શું છે?

કન્સીલર કવરેજ આપવાનું કામ કરે છે. જેમાં ફાઉન્ડેશન અને બીજી મેકઅપની રીત કામમાં આવતી નથી. તે સ્મૂધ અને ઈવન સ્કિન ટોનને ક્રિએટ કરવામાં મદદ કરે છે. કન્સીલર નેચરલ બ્યૂટી-કોન્ફિડન્સ વધારવામાં મદદ કરે છે.

### લિક્વિડ કન્સીલર

આ લાઈટવેટ અને બ્લેન્ડેબલ કન્સીલર હોય છે, જે લિક્વિડ કે સીરમ જેવા ફોર્મ્યુલેશનમાં માર્કેટમાં સરળતાથી મળી જશે. આ પ્રકારનાં કન્સીલર ડાર્ક સર્કલ અને ફાઈન લાઈન્સને કવર કરવામાં સૌથી સારાં હોય છે તથા નેચરલ ફિનિશિંગ આપવામાં મદદ કરે છે.

### ક્રીમ કન્સીલર

આ પ્રકારનાં કન્સીલર બહુ થિક હોય છે, જે લિક્વિડ કન્સીલરની સરખામણીમાં વધારે કવરેજ આપે છે. ડાઘ ધબ્બા અને હાઈપર પિગ્મેન્ટેશનને કવર કરવામાં આઈડિયલ મનાય છે.

### સ્ટિક કન્સીલર

આ કન્સીલર સ્ટિક અને પેન્સિલ ફોર્મમાં આવે છે, જે સ્કિનમાં એપ્લાય કરવામાં ઈઝી હોય છે. ફુલ કવરેજ આપવાની સાથે નાના એરિયાને પણ કવર કરે છે.

### પાઉડર કન્સીલર

જેમની સ્કિન ઓઈલી છે તેમના માટે પાઉડર કન્સીલર આઈડિયલ માનવામાં આવે છે. પાઉડર કન્સીલર લિક્વિડ અને ક્રીમ કન્સીલરને સેટ કરવા માટે બેસ્ટ હોય છે. આનો ઉપયોગ ટચઅપની જેમ કરવામાં આવે છે.

### કલર કરેક્ટિંગ કન્સીલર

આ પ્રકારનાં કન્સીલર અનેક પ્રકારના કલરમાં મળે છે, જે સ્કિન ટાઈપ અનુસાર ન્યૂટ્રલાઈઝ હોય છે. જેમ કે, ગ્રીન કન્સીલરનો ઉપયોગ રેડનેસ માટે, તો પીચ અને ઓરેન્જ કન્સીલરનો ઉપયોગ સ્કિનને બ્રાઈટ કરવા અને ડાર્ક સર્કલને ઘટાડવા માટે યૂઝ કરવામાં આવે છે.

## અપનાવી જુઓ અજમાવી ઘરેલું ટિપ્સ

■ કાચા ગાજરને ખમણી તેને ચહેરા પર લગાડવી એક કલાક બાદ ચહેરો ધોવો. ત્વચા ચમકી ઊઠશે.

■ એક મોટો ચમચા જૈતૂનના તેલમાં બે મોટા ચમચા તાજી મલાઈ ભેળવી ચહેરા પર લગાડવું. દસ મિનિટ બાદ હુંફાળા પાણીથી ચહેરો ધોઈ નાખવો. ત્વચા સ્વચ્છ. મુલાયમ ચમકીલી થશે.

■ મેકઅપ સાફ કર્યા બાદ ચહેરાને સાબુ તેમજ હુંફાળા પાણીથી ધોવો નહીં. તેની બદલે હળદર અને દહીંને બરાબર ફીણી ઘટ્ટ પેસ્ટ બનાવી ચહેરા પર ૧૦-૧૫ મિનિટ લગાડવી અને ઠંડા પાણીથી ચહેરો ધોવો.

■ એક નાની ચમચી ચંદન પાવડરમાં હળદર ભેળવી દૂધ ઉમેરી ઘટ્ટ પેસ્ટ બનાવવી. ચહેરા પર દસ મિનિટ લગાડી રાખી ચહેરો ધોઈ નાખવો. ત્વચા મુલાયમ થશે.

■ ખીલ ને દૂર કરવા કારેલાનો રસ ફાયદાકારક સાબિત થયો છે. કારેલાનો રસ અથવા તેની છાલ બે માંથી ગમે તે લગાડવાથી ફાયદો થાય છે.

■ બદામનું તેલ અથવા જોજોબાનું તેલ ચહેરાની સ્વચ્છતા માટે ઉત્તમ છે. ચહેરા પર તેનું માલિશ કરવાથી ત્વચા મજબૂત થાય છે તેમજ ચમકીલી થાય છે.

■ જૈતૂનનું તેલ ત્વચા માટે ફાયદાકારક છે. તેના ઉપયોગથી ત્વચા મુલાયમ થાય છે. પરંતુ વધારે પડતું લગાડવાથી ત્વચા તૈલીય થઈ જાય છે. તેલ લગાડ્યા બાદ તડકામાં જવું નહીં. જૈતૂનના તેલનો ઉપયોગ રાતના કરવો.

■ દહીંમાં થોડું મીઠું ભેળવી ચહેરા તેમજ શરીર મસાજ કરવું. પાંચ મિનિટ બાદ સ્નાન કરવું. ઉત્તમ સ્કિન પોલીશ સાબિત થશે.

# કાર્ને અને ટ્રમ્પની G7 વાટાઘાટો પછી 30 દિવસમાં વેપાર અને સુરક્ષાનો સોદો સંભવ

## બંને દેશના અધિકારીઓ વચ્ચે ટુંક સમયમાં બેઠક યોજાશે, ટેરિફ મુદ્દે લટકો ફટકો યથાવત

**ઓન્ટેરિયો**

વડાપ્રધાન માર્ક કાર્નેના કાર્યાલયે જણાવ્યું છે કે, કાર્ને અને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ એક મહિનાની અંદર એક નવા વેપાર અને સુરક્ષા સોદા પર પહોંચવાનું લક્ષ્ય ધરાવે છે. કનાનાસ્કિસમાં G7 લીડર્સ સમિટમાં બંને નેતાઓ વચ્ચેની બેઠકના રીડઆઉટમાં કહેવામાં આવ્યું કે તેઓ “આગામી 30 દિવસમાં સોદા માટે વાટાઘાટો આગળ વધારવા સંમત થયા છે.” કાર્ને અને ટ્રમ્પે તેમની સરકારો વચ્ચે “વાટાઘાટોમાં ઉઠાવવામાં આવેલા મુખ્ય મુદ્દાઓ” અંગે પીએમઓએ અપડેટ્સ શેર કર્યા હતા, જેમાં “તાત્કાલિક વેપાર દબાણ”નો સમાવેશ થાય છે, અને સમિટમાં અન્ય સહિયારી પ્રાથમિકતાઓ પર સહયોગ કરવા માટે પણ પ્રતિબદ્ધ હતા. ટ્રમ્પે બેઠક પહેલા કાર્ને સાથે પત્રકારોને જણાવ્યું હતું કે, સોદો કરી શકાય છે. પરંતુ બંને પક્ષોએ સંમત થવું પડશે. જો કે તેમણે ટેરિફનો બચાવ કર્યો હતો. જેને કેનેડા દૂર કરવા માંગે છે. ટ્રમ્પ દ્વારા અનેક રાઉન્ડના ટેરિફ લાદવા સાથે શરૂ કરાયેલા વેપાર યુદ્ધને ઉકેલવાનો પ્રયાસ કરતી વખતે, આ જોડી વચ્ચે અઠવાડિયાના કોલ અને ટેક્સ્ટ સંદેશાઓ પછી આ બેઠક યોજાઈ હતી.



કેનેડા-યુએસ વેપાર પ્રધાન ડોમિનિક લેબ્લેન્કે પત્રકારોને જણાવ્યું હતું કે, તેમને વિશ્વાસ છે કે બેઠક દરમિયાન પ્રગતિ થઈ છે, અને બંને દેશોના અધિકારીઓ આ અઠવાડિયાના અંતમાં ફરી મળશે. યુએસમાં કેનેડાના રાજદૂત કિર્સ્ટન હિલમેને ઉમેર્યું કે, ટ્રમ્પ ખૂબ જ ખાતરીપૂર્વક છે. ટેરિફ તેમના નીતિગત લક્ષ્યોને પ્રાપ્ત કરવાનો શ્રેષ્ઠ માર્ગ છે, પરંતુ તેમણે આશાવાદ પણ વ્યક્ત કર્યો કે સામાન્ય ભૂમિ પર પહોંચી શકાય છે. અમે છેલ્લા બે અઠવાડિયામાં ચર્ચામાં વેગની લાગણી અનુભવીએ છીએ, અને તે ખૂબ જ સારી બાબત છે.

# ઉનાળામાં સ્ટ્રોંગ પાસ યોજના, ઐતિહાસિક સ્થળો તેમજ ઉદ્યાનોમાં મફત પ્રવેશ અપાશે

ટોરોન્ટો : કેનેડા સ્ટ્રોંગ પાસ શુક્રવારથી અમલમાં આવશે, જે પાર્ક્સ કેનેડા દ્વારા જાળવવામાં આવતા રાષ્ટ્રીય ઉદ્યાનો, રાષ્ટ્રીય ઐતિહાસિક સ્થળો અને દરિયાઈ સંરક્ષણ ક્ષેત્રોમાં મફત પ્રવેશ આપે છે. સંસ્કૃતિ મંત્રી સ્ટીવન ગિલબૌલ્ટે સોમવારે એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતુ કે, આ પાસમાં રાષ્ટ્રીય ઉદ્યાનોમાં કેમ્પિંગ ફી ઉપર 25 ટકા ડિસ્કાઉન્ટ પણ શામેલ છે. 2 સપ્ટેમ્બર સુધી ચાલતો આ કાર્યક્રમ, યુનાઈટેડ સ્ટેટ્સના ટેરિફ યુદ્ધના પ્રતિભાવમાં કેનેડિયન પર્યટનને પ્રોત્સાહન આપવાના ઉદારવાદી અભિયાનના વચનને અનુસરે છે. આ પાસ આ નોંધપાત્ર દેશની પ્રકૃતિ, ઈતિહાસ અને સંસ્કૃતિને શોધવા અને ફરીથી જોડવા વિશે છે. અને આપણા પોતાના કહેવાનો ગર્વ અનુભવીએ છીએ. આ પાસ 17 અને તેથી ઓછી ઉંમરના બાળકો માટે મફત રાષ્ટ્રીય સંગ્રહાલય પ્રવેશ અને 18થી 24 વર્ષની વયના બાળકો માટે 50 ટકા ડિસ્કાઉન્ટ પણ આપે છે. વાયા રેલ 17 અને તેથી ઓછી ઉંમરના બાળકો માટે મફત ભાડા પણ ઓફર કરે છે. જો તેમની સાથે કોઈ પુખ્ત વયના હોય, અને 18થી 24 વર્ષની વયના પ્રવાસીઓ માટે 25 ટકા ડિસ્કાઉન્ટ. કેટલાક પ્રાંતીય અને પ્રાદેશિક સંગ્રહાલયો અને ગેલેરીઓ સગીરો માટે મફત પ્રવેશ અને 18થી 24 વર્ષની વયના મુલાકાતીઓ માટે 50 ટકા ડિસ્કાઉન્ટ ઓફર કરીને ભાગ લઈ રહ્યા છે. ગિલબૌલ્ટે જણાવ્યું હતું કે, જે લોકોએ પહેલાથી જ પાર્ક પાસ ખરીદ્યા છે અથવા કેમ્પિંગ અથવા વાયા રેલ ટ્રીપ બુક કરાવી છે, તેઓ રિફંડ માટે સંબંધિત એજન્સીનો સંપર્ક કરી શકે છે.

**18થી 24 વર્ષના યુવાનો માટે એન્ટ્રી ફીમાં 50 ટકા ડિસ્કાઉન્ટની જોગવાઈ**

# પ્રિમિયર ડગ ફોર્ડના ઘરની પાસેથી ચારની ધરપકડ, વાહન ચોરી માટે આવ્યાની શંકા

**ટોરોન્ટો**

ટોરોન્ટોમાં પ્રીમિયર ડગ ફોર્ડના ઘર નજકીથી અધિકારીઓએ 16 વર્ષના છોકરા સહિત ચારની ધરપકડ કરી હતી. પકડાયેલા લોકો સામે ડ્રાઈવ વે પરથી વાહન ચોરી કરવાની યોજના બનાવી રહ્યા હોવાનો આરોપ મુકાયો છે. લોરેન્સ એવન્યુ વેસ્ટ અને રોયલ યોર્ક રોડ કે જ્યાં ફોર્ડ રહે છે, તે વિસ્તારમાં ડ્રાઈવ વે નજીક પહોંચતા અધિકારીઓએ માસ્ક પહેરેલા લોકોને જોયા હતા. પોલીસના પ્રવક્તાએ પુષ્ટિ આપી હતી કે, આ ઘટના ફોર્ડના ઘરના સરનામાને લક્ષ્ય બનાવીને કરવામાં આવી હોવાનું માનવામાં આવે છે. તેઓએ વાહન રોકવાનું શરૂ કર્યું હતું અને એક શંકાસ્પદ વ્યક્તિ કારમાંથી ભાગવા માટે બહાર નીકળ્યો હતો. વાહનમાં શંકાસ્પદોની ધરપકડ કરવામાં આવી હતી અને બીજાને તરત જ પકડી લેવામાં આવ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર ટોરોન્ટોના 23 વર્ષીય બે યુવકો, ત્રીજો 17 વર્ષનો અને ચોથો 16 વર્ષનો હતો.

દરેક પર મોટર વાહન ચોરી માટે ઈલેક્ટ્રોનિક ઉપકરણ રાખવાનો અને ગેરકાયદે ઓટોમોબાઈલ માસ્ટર-કી રાખવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો, જ્યારે એક પર બાંયધરીનું પાલન કરવામાં નિષ્ફળતા અને ધરપકડનો પ્રતિકાર કરવાનો પણ આરોપ મૂકવામાં આવ્યો હતો. ફોર્ડે કહ્યું કે, ન્યાય વ્યવસ્થામાં સુધારો કરીને ઓટો ચોરી અને કારજેકિંગ માટે કડક સજા કરવાની જરૂર છે.

**આરોપી પાસેથી ઈલેક્ટ્રોનિક્સ ઉપકરણ અને કેટલીક માસ્ટર કી મળી આવી**

# ફ્લાવર સિટી ફ્રેન્ડ્સ ક્લબ દ્વારા તળાવ કિનારે ફાધર્સ ડેની ઉત્સાહભેર ઉજવણી

## 100થી વધુ સભ્યોએ પિતા અને દાદા અને તેના સંસ્કારો તથા મૂલ્યોને યાદ કર્યા

**બ્રામ્પ્ટન**

પિતા અને દાદાના પ્રેમ, બલિદાન અને શક્તિને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ આપતા ફ્લાવર સિટી ફ્રેન્ડ્સ ક્લબ (FCFC)એ હેમિલ્ટનના કન્ફેડરેશન પાર્ક બીચ ખાતે આનંદદાયક ફાધર્સ ડે ઉજવણીના કાર્યક્રમનું આયોજન કર્યું હતુ. જેમાં ૧૦૦થી વધુ વરિષ્ઠ સભ્યો ભેગા થયા હતા. વાર્તાઓ, ગીતો, રમતો અને કૃતજ્ઞતાથી ભરેલા દિવસ માટે મનોહર બીચ સંપૂર્ણ પૃષ્ઠભૂમિ તરીકે સેવા આપી હતી. બ્રામ્પટનથી વહેલી સવારે બે બસો રવાના થઈ હતી. ગંતવ્ય સ્થાને પહોંચ્યા પછી નાસ્તો અને ચા પીરસવામાં આવ્યા હતા. આ તકે સભ્યો, સમુદાયના પિતા અને દાદાના સન્માન માટે ભેગા થયા હતા. FCFCના અધ્યક્ષ, ગિયાન પોલે ઉષ્માભર્યા સ્વાગત સાથે સમારોહની



શરૂઆત કરતા કહ્યું હતુ કે, પિતૃત્વ ફક્ત જૈવિક સંબંધો વિશે નથી, તે નેતૃત્વ, શક્તિ અને શાંત પ્રેમ વિશે છે. જે પરિવાર અને સમુદાયને એકસાથે રાખે છે. કાર્યક્રમમાં સૌએ તેમના પિતા સાથેની કિંમતી યાદો અને તેમના દ્વારા પસાર થયેલા મૂલ્યોને યાદ કર્યા હતા.

ક્લબના સભ્યો દ્વારા પિતૃત્વની ભાવનાને સમર્પિત ગીતો અને પ્રદર્શન પણ રજૂ કરાયા હતા. આ સાથે જ પિતા માટે ખાસ રમતોનું આયોજન સંયોજક રછપાલ સિદ્ધુ દ્વારા કરવામાં આવ્યું હતું. દિવસ દરમિયાન સ્વયંસેવકો ગુરપ્રીત કૈન્થ અને હરસિમરત પેનફરનું સિટી ઓફ બ્રેમ્પટન દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. વરિષ્ઠ નાગરિકોને વ્યસ્ત અને સક્રિય રાખવાના સમુદાયના પ્રયાસો માટે પ્રશંસા વ્યક્ત કરવા રિજનલ કાઉન્સિલર પોલ વિસેન્ટે દ્વારા પ્રમાણપત્રો રજૂ કરવામાં આવ્યા હતા.


# બ્રામ્પ્ટન ગુજરાતી સિનિયર્સ ક્લબનો કાર્યક્રમ


## ગણેશ વંદનાનું નૃત્ય રજૂ કરાયું, જુલાઈ અને ઓગષ્ટમાં યોજનારી પિકનિકની જાહેરાત


**બ્રામ્પ્ટન**

બ્રામ્પ્ટન ગુજરાતી સિનિયર્સ ક્લબનો કાર્યક્રમ યોજાયો હતો. શરૂઆતમાં સૌ સભ્યોએ પ્રાર્થના કર્યા બાદ બપોરે સુસ્તીને ભગાડવા માટે સજ્જનસિંહ પરમારે હાથની હળવી કસરતો કરાવી હતી.હસમુખભાઈ પટેલે સૌને આવકારીને તમામ ફાધર્સને Father's Dayની શુભેચ્છા પાઠવી ઓગષ્ટ માસ અને જુલાઈ માસની પિકનિકની વિગતો આપી હતી.

ઈશ્વરભાઈ પટેલે તેમના સુંદર અવાજમાં “સંસાર હૈ એક નદીયા” ગીત ગાઈને સભ્યોને સંગીતમય બનાવી દીધા હતા. ત્યારબાદ સરોજબેન પરમારે “ગંગામૈયા મેં પાની રહે, સાંજના તેરી જીંદગાની રહે” ગાઈને સૌ બહેનોને ડોલાવી દીધા હતા. અરુણભાઈ દવેએ માર્મિક કથામાં કહ્યું કે, ઘણીવાર જીવનમાં જે દેખાતું હોય છે તે વાસ્તવમાં હોતું નથી, એમ જાણવીને







સુંદરગીત “છુલેને દો નાજુક હોઠોં કો” ગીતની રજૂઆત કરી હતી. અરુણભાઈ અને ચારુબેન દવેએ ડ્યુએટ ગીત “જરા સામને તો આઓ છલીએ’ રજૂ કર્યું હતું. જશભાઈ પટેલે બોધકથા સંભળાવીને જગત નાશમાન છે માટે દરેક વ્યક્તિએ હકારાત્મક સંબંધો રાખીને જીવન જીવવું જોઈએ તેવો સંદેશો આપ્યો હતો. કૌમુદિનીબેન ભટ્ટે ભગવાનને રીઝવવા માટે ભજન-કીર્તન, ધ્યાન ઉપરાંત નૃત્ય દ્વારા પણ રીઝવી શકાય છે, તેમ જણાવીને સુંદર ગણેશ વંદનાનું નૃત્ય રજૂ કર્યું હતું. મોહનભાઈ લાડે “મારી હૂંડી સ્વીકારો લાડલા ગિરધારી” ગાઈને સૌ સભ્યોને ભક્તિમય બનાવી દીધા હતા. આજની સભામાં ચંચલબેન પ્રજાપતિએ તો ક્લબમાં સૌ પ્રથમ વખત સુંદર નૃત્ય કરીને સૌ સભ્યોને અચંબામાં મૂકી દીધા હતા અને સુંદર ગીત “બેદર્દી બાલમાં તુઝકો મેરા મન યાદ કરતા હૈ” ગાઈને સૌ સભ્યોને યુવાનીની યાદ અપાવી હતી. જન્મદિવસની શુભેચ્છા સૌ સભ્યોને પાઠવાયા બાદ ઈડલી, સંભાર, મેદુવાડા અને ગુલાબજાંબુનો રસાસ્વાદ માણીને સૌ સભ્યો હસતાં હસતાં છુટા પડ્યા હતા.

# ચાલુ વર્ષે અત્યાર સુધીમાં કેનેડાની વસ્તી વૃદ્ધિ ઝીરો ટકા : સ્ટેટ્સકેન

**ઓન્ટેરિયો**

સ્ટેટિસ્ટિક્સ કેનેડા કહે છે કે, 2025ના પહેલા ક્વાર્ટરમાં દેશની વસ્તી વૃદ્ધિ અટકી ગઈ છે. એજન્સી કહે છે કે 1 જાન્યુઆરીથી 1 એપ્રિલ સુધીમાં કેનેડિયન વસ્તીમાં 20,107 લોકોનો વધારો થયો છે, જે 2020ના ત્રીજા ક્વાર્ટર- COVID-19 રોગચાળા દરમિયાન, જ્યારે તેમાં 1,232 લોકોનો ઘટાડો થયો હતો ત્યારથી સૌથી ઓછો વધારો છે. સ્ટેટસકેન કહે છે કે, કેનેડામાં હવે 4,15,48,787 લોકોની વસ્તી છે. એટલે ચાલુ વર્ષે થયેલો વસ્તી વધારો એટલો નાનો હતો કે તે 0.0 ટકા વૃદ્ધિ જેટલો હતો. તુલનાત્મક રેકોર્ડ શરૂ થયા પછી (1946ના પહેલા ક્વાર્ટર) કેનેડામાં આ બીજો સૌથી ધીમો ત્રિમાસિક વૃદ્ધિ દર હતો, જે 2020ના ત્રીજા ક્વાર્ટર પછી અને 2014ના ચોથા ક્વાર્ટર સાથે બંધાયેલો હતો. ૨૦૨૪માં ફેડરલ સરકાર દ્વારા કામચલાઉ અને કાયમી ઈમિગ્રેશન બંનેના સ્તરને ઘટાડવાના નિર્ણય પછી વસ્તી વૃદ્ધિમાં ધીમી ગતિએ વધારો થયો, તે સતત છઠ્ઠો ક્વાર્ટર હતો. જોકે, ક્વાર્ટરમાં વસ્તી વૃદ્ધિમાં ઈમિગ્રેશનનો હિસ્સો હજુ પણ રહ્યો હતો. કારણ કે કેનેડામાં જન્મ કરતાં ૫,૬૨૮ વધુ મૃત્યુ થયા હતા. ૨૦૨૫ના પ્રથમ ક્વાર્ટરમાં કેનેડાએ ૧૦૪,૨૫૬ ઈમિગ્રન્ટ્સને સ્વીકાર્યા હતા, જ્યારે ચોખ્ખા સ્થળાંતર કુલ ૧૭,૪૧૦ હતા. આ દરમિયાન બિન-કાયમી રહેવાસીઓની સંખ્યામાં ૬૧,૧૧૧નો ઘટાડો થયો હતો.

**1 જાન્યુઆરીથી 1 એપ્રિલ સુધીમાં વસ્તીમાં માત્ર 20,107 લોકોનો વધારો થયો**

# ગુજરાતમાં વરસાદથી 18 લોકોના મૃત્યુ

## અનેક મિલકતને નુકસાન : 20 જિલ્લાઓમાં એસ.ડી.આર.એફની ટીમો તહેનાત

**ગાંધીનગર**

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગર ખાતે રાહત કમિશનર આલોકકુમાર પાંડેએ આગામી સમયમાં રાજ્યમાં સૌરાષ્ટ્ર, કચ્છ અને મધ્ય ગુજરાતમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહીની માહિતી આપતા જણાવ્યું હતું કે, મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે SEOC ગાંધીનગર ખાતે IMDના અધિકારીઓ, એન.ડી.આર.એફ, એસ.ડી.આર.એફ, અન્ય વિભાગો તેમજ વરસાદથી પ્રભાવિત જિલ્લાના કલેકટરો સાથે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી જોડાઈને ત્યાં થયેલી રાહત -બચાવ અને અન્ય કામગીરીની સમીક્ષા કરી હતી. રાહત બચાવની કામગીરીની વિગતો આપતા પાંડેએ જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં ૧૨ એન.ડી.આર.એફની ટીમ વરસાદી સ્થિતિમાં નાગરિકોને સલામત સ્થળે ખસેડવા અને આપત્તિના સમયે નાગરિકોના બચાવ માટે જુદા જુદા જિલ્લાઓમાં



મોકલવામાં આવી છે. આ ઉપરાંત રાજ્યના ૨૦ જિલ્લાઓમાં એસ.ડી.આર.એફની ટીમો પણ ડિપ્લોય કરવામાં આવી છે. છેલ્લા ઘણા સમયથી વરસાદ ચાલુ છે ત્યારે વીજળી પડવાથી, વાવાઝોડાનાં કારણે તથા અન્ય કેટલાક કારણોથી રાજ્યમાં ૧૮ જેટલા નાગરીકોના મૃત્યુ થયા છે. આ ઉપરાંત વરસાદમાં કાચા મકાનો અને પાકા મકાનોને પણ નુકશાન થયું છે.

# રાજ્યમાં કુલ 751 પંચાયતો બિનહરીફ કેટલાક સ્થળે ચૂંટણીનો બહિષ્કાર થયો

**ગાંધીનગર**

ગુજરાતમાં આગામી 22મી જૂનના રોજ ગ્રામપંચાયતની ચૂંટણી યોજાવાની છે. આ ચૂંટણી પહેલા ગ્રામ પંચાયતોને સમરસ કરવા માટે ધારાસભ્યો, પ્રધાનો અને આગેવાનો દ્વારા પ્રયાસો કરવામાં આવ્યા હતાં. આ ઉપરાંત લાખો રૂપિયાના ઈનામ અને ગ્રાન્ટની પણ જાહેરાત કરાઈ હતી. ત્યારે રાજ્ય ચૂંટણી પંચ દ્વારા 751 ગ્રામપંચાયતો બિનહરીફ થઈ હોવાની જાહેરાત કરવામાં આવી હતી.

ગુજરાતમાં 751 ગ્રામ પંચાયતો સંપૂર્ણ બિનહરીફ જાહેર કરવામાં આવી હતી. જેમાં ભાવનગરમાં સૌથી વધુ 102 ગ્રામ પંચાયતો બિનહરીફ જાહેર કરાઈ હતી. તે ઉપરાંત જામનગરમાં 60 અને બનાસકાંઠામાં 59 પંચાયતો બિનહરીફ જાહેર કરવામાં આવી છે. કેટલીક પંચાયતોમાં વિવાદ હોવાથી ચૂંટણીનો બહિષ્કાર પણ કરવામાં આવ્યો છે. જેમાં એક પણ ઉમેદવારે ફોર્મ ભર્યું નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે, આગામી 22મી જૂનના રોજ રાજ્યની ગ્રામપંચાયતોમાં ચૂંટણી યોજાશે. જ્યારે 25મી જૂનના રોજ પરિણામ જાહેર થશે. મંગળવારે ચૂંટણી પ્રચારનો છેલ્લો દિવસ હોવાથી સાંજે પ્રચાર પડઘમ શાંત થયા હતા.

# બિલ્ડર પાસેથી ખંડણી માંગનાર ગુજરાતની ટિકટોક સ્ટાર કીર્તિ પટેલની આખરે ધરપકડ

**સુરત**

સુરત પોલીસ દ્વારા કીર્તિ પટેલની અમદાવાદથી ધરપકડ કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ, એક બિલ્ડર પાસે ખંડણી માંગી તેમને ખોટા હનીટ્રેપમાં ફસાવી દેવાની ધમકીના આરોપમાં પોલીસે કીર્તિ પટેલની ધરપકડ કરી છે.

કીર્તિ પટેલની સુરત પોલીસે મંગળવારે (17 જૂન) અમદાવાદ ખાતેથી ધરપકડ કરવામાં આવી છે. કીર્તિ પટેલ સામે લગભગ એક વર્ષ પહેલાં જાણીતા બિલ્ડર વજુભાઈ કત્રોડિયા દ્વારા સુરતના કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. જેમાં તેમણે આરોપ લગાવ્યો હતો કે, 'કીર્તિ પટેલે મારી પાસે 2 કરોડ રૂપિયાની ખંડણી માંગી હતી. જો હું આ 2 કરોડ રૂપિયા ન આપું તો મને ખોટા હનીટ્રેપના કેસમાં ફસાવવાની પણ ધમકી આપી છે.'

પોલીસે બિલ્ડર વજુભાઈ કત્રોડિયાના ફરિયાદના આધારે એક વર્ષ પહેલાં કીર્તિ પટેલ સામે ગુનો દાખલ કર્યો હતો. જોકે, ફરિયાદ દાખલ થયાથી કીર્તિ પટેલ ફરાર હતી, જે મંગળવારે અમદાવાદ ખાતે હોવાની બાતમી મળતા સુરત પોલીસે અમદાવાદથી કીર્તિ પટેલની ધરપકડ કરી હતી.

# ગોગામેડી હત્યા કેસમાં સામેલ લોરેન્સ બિશ્નોઈ ગેંગનો સાગરીત સાલવી અમદાવાદમાં ઝડપાયો

**અમદાવાદ**

ક્રાઈમ બ્રાન્ચે લોરેન્સ બિશ્નોઈ ગેંગના એક સાગરીત મનોજ સાલવીની ધરપકડ કરી છે. રથયાત્રાની તૈયારીઓ અંતર્ગત ચાલી રહેલી ખાસ ઝુંબેશ દરમિયાન પોલીસની સક્રિયતાને કારણે આ ધરપકડ શક્ય બની છે. મનોજ સાલવી અગાઉ સુખદેવસિંહ ગોગામેડી હત્યા અને કાવતરાના કેસમાં પણ પકડાયો હતો. તેનો લાંબો ગુનાહિત ઇતિહાસ રહ્યો છે અને તેની સામે કુલ 12 ગુના નોંધાયેલા છે.

5 ડિસેમ્બર, 2023ના રોજ રાજસ્થાનના જયપુરમાં શ્રી રાષ્ટ્રીય રાજપૂત કરણી સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ સુખદેવસિંહ ગોગામેડીની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. ધોળા દિવસે હુમલાખોરોએ ગોગામેડી પર ફાયરિંગ કરીને તેમને મોતને ઘાટ ઉતાર્યા હતા. ગોગામેડીને તાત્કાલિક મેટ્રો માસ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના ડોકટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ ઘટનામાં ગોગામેડીના ગાર્ડ દ્વારા કરવામાં આવેલ ગોળીબારમાં એક હુમલાખોરનું પણ મોત થયું હતું.

આ હત્યાની જવાબદારી ગેંગસ્ટર રોહિત ગોદારાએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરીને લીધી હતી. તેણે લખ્યું હતું કે, "રામ-રામ ભાઈઓ, આજે જે સુખદેવ ગોગામેડીની હત્યા થઈ છે તે અમે કરાવી છે. હું તમને જણાવવા માગું છું કે, તે અમારા દુશ્મનો સાથે મળીને તેને સપોર્ટ કરતો હતો. તેને પૂર્ણ રીતે મજબૂત કરવાનું કામ કરતો હતો અને રહી વાત અમારા દુશ્મનોની તો તે પોતાના ઘરના દરવાજા પર પોતાની નનામી તૈયાર રાખે. ટૂંક સમયમાં જ તેમની સાથે મુલાકાત થશે.

# વિસાવદર અને કડી વિધાનસભા બેઠક પર 55%થી વધુ મતદાન, 23 જૂને પરિણામ

## 294 બુથ પર મોડી સાંજ સુધી મતદાન પ્રક્રિયા : બંને બેઠક પર ત્રિપાંખીયો જંગ

**અમદાવાદ**

લાંબા સમયથી જેણે ગુજરાતના રાજકારણમાં રાજકીય ગરમાવો સર્જ્યો હતો તે વિસાવદર અને કડી વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી માટે મતદાન યોજાયું હતું. વિસાવદર અને કડી વિધાનસભા મતવિસ્તારોમાં ગુરુવારે સાંજે 6 વાગ્યા સુધીમાં સરેરાશ 55 ટકાથી વધુ મતદાન નોંધાયું હતું. ચૂંટણી પંચના અધિકારીઓએ જણાવ્યું હતું કે સવારે 7 વાગ્યે શરૂ થયેલું મતદાન સાંજે 6 વાગ્યે શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થયું હતું. વિસાવદર બેઠક અને મહેસાણા જિલ્લાની કડી બેઠક પર સાંજે 6 વાગ્યા સુધી અનુક્રમે 56.89 ટકા અને 57.90 ટકા મતદાન થયું હતું. સવારે મતદાન શરૂ થતાં જ મતદાન મથકો પર લોકો કતારમાં ઉભા રહી ગયા હતા. વિસાવદરમાં, ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો મતદાન કરનારાઓમાં સૌથી પહેલા હતા. દરેક મતવિસ્તારના 294 મતદાન મથકો પર ઇલેક્ટ્રોનિક વોટિંગ મશીન (ઈવીએમ) દ્વારા મતદાન કરવામાં આવ્યું હતું. ચૂંટણી પંચના અધિકારીઓએ જણાવ્યું હતું કે મતદાન પ્રક્રિયા મોટાભાગે શાંતિપૂર્ણ રહી હોવાથી મતદાનમાં વિક્ષેપ પાડતી બે બેઠકો પર કોઈ અનિચ્છનીય ઘટના નોંધાઈ નથી. રાજ્ય સરકારે મતદાન માટે ગુરુવારે બંને મતવિસ્તારમાં જાહેર રજા જાહેર કરી હતી. ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી (આપ) એ આ બંને બેઠકો પર પોતાના ઉમેદવારો ઉભા રાખ્યા હતા. હવે આગામી 23 જૂને મતગણતરી બાદ પરિણામ જાહેર કરવામાં આવશે.

# AAPના ગંભીર આક્ષેપ : CCTV બંધ કરાયા અને બૂથ કેપ્ચરિંગના આક્ષેપ

**વિસાવદર**

લાંબા રાજકીય ગરમાવા બાદ આજે ગુજરાત વિધાનસભાની વિસાવદર અને કડી બેઠક પેટા ચૂંટણી માટે મતદાન થયું હતું. આ દરમિયાન વિસાવદર બેઠકના આમ આદમી પાર્ટી (AAP)ના ઉમેદવાર ગોપાલ ઇટાલિયાએ ગંભીર આક્ષેપો કર્યા છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર ટ્વીટ કરીને દાવો કર્યો છે કે, ચૂંટણી પંચે વિસાવદરમાં છેલ્લા એક કલાકથી પોલિંગ બૂથના CCTVનું લાઇવ ફૂટેજ બંધ કરી દીધું છે.

ગોપાલ ઇટાલિયાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર ટ્વીટ કરીને દાવો કર્યો છે કે, ચૂંટણી પંચે વિસાવદરમાં છેલ્લા એક કલાકથી પોલિંગ બૂથના CCTVનું લાઇવ ફૂટેજ બંધ કરી દીધું છે. લાઇવ સ્ટ્રીમિંગ બંધ થયા બાદ વાઘણીયા બૂથ પર ભાજપના કાર્યકરોને નકલી વોટ નાખતા રોકવા બદલ પ્રિસાઇડિંગ ઓફિસર અને પોલીસકર્મીઓ સાથે મારપીટ કરવામાં આવી હોવાનો પણ તેમણે આક્ષેપ કર્યો છે. ગોપાલ ઇટાલિયાએ એક વિડિયો પણ શેર કર્યો છે, તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વિસાવદરના તમામ બૂથની લાઇવ સ્ટ્રીમિંગ બંધ કરી દેવામાં આવી છે અને ચારે તરફથી બૂથ કેપ્ચરિંગની ખબરો આવી રહી છે.

# 13 IAS અધિકારીઓની બદલી, અશ્વિની કુમાર શહેરી વિકાસ વિભાગમાંથી ખસેડાયા

**અમદાવાદ**

ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા 17 જૂન, 2025ના રોજ 13 IAS અધિકારીઓની બદલી કરાઈ છે. જેમાં અશ્વિની કુમારને શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગમાંથી ક્રીડા, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગમાં પ્રિન્સિપલ સચિવ તરીકે નિયુક્ત કરાયા છે. આ સાથે એમ. થેનારસનને ક્રીડા, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગમાંથી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગમાં પ્રિન્સિપલ સચિવ તરીકે અને GSPCના મેનેજિંગ ડિરેક્ટર મિલિંદ શિવરામ તોરવણેને પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગમાં પ્રિન્સિપલ સચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

# અમદાવાદમાં ભગવાન જગન્નાથની 148મી રથયાત્રા 27 જૂને પરંપરાગત રીતે નીકળશે

## 101 ટ્રક વિશેષ શણગારની સાથે યાત્રામાં જોડાશે

**અમદાવાદ**

શહેરમાં 27 જૂનના રોજ ભગવાન જગન્નાથની રથયાત્રા નિકળશે. દેશની બીજા નંબરની સૌથી મોટી ભગવાન જગન્નાથની રથયાત્રાની શહેરીજનો કાગડોળે રાહ જોઈ રહ્યા છે. ચાલુ વર્ષે ભગવાન જગન્નાથની 148મી રથયાત્રા માત્ર રથ અને પ્રસાદની ટ્રક સાથે નીકળે તેવી શક્યતા હોવાની વાત વચ્ચે મંદિર વહીવટી તંત્ર તરફથી સ્પષ્ટતા કરવામાં આવી છે કે દર વર્ષની જેમ પરંપરાગત રીતે જ રથયાત્રા નીકળશે. દર વર્ષની જેમ અખાડા, ભજન મંડળી અને શણગારેલી ટ્રકો વગેરે સાથે રથયાત્રા નીકળવાની છે. રાજ્ય સરકાર અને જમાલપુર જગન્નાથ મંદિરના ટ્રસ્ટીની સાથે રથયાત્રાની તૈયારીઓને લઈને બેઠક કરવામાં આવી હતી. જેમાં દર વર્ષની જેમ પરંપરાગત રીતે જ રથયાત્રા નીકળે છે તે મુજબનું આયોજન કરવામાં આવ્યું છે. જમાલપુર જગન્નાથ મંદિરના ટ્રસ્ટી મહેન્દ્ર ઝાએ જણાવ્યું હતું કે, ભગવાન જગન્નાથજીની યાત્રા સાદગીપૂર્ણ રીતે થવાની વાત હતી જે કોઈ વાતમાં તથ્ય નથી.

# વડોદરા-તરસાલીમાં 7 લાખ પડાવવાના ગુનામાં ફરાર ખંડણીખોર પકડાયો

**વડોદરા**

વડોદરા તરસાલી વિસ્તારમાં સાત લાખની ખંડણીના કેસમાં ફરાર આરોપીને પોલીસે ઝડપી પાડ્યો છે.

પેરામાઉન્ટ કંપનીમાંથી ભંગારના સાધનોની ચોરી કરનાર વ્યક્તિ પાસે કેસ નહીં કરવા માટે 10 લાખની માગણી કરવામાં આવતી હતી. જે પેટે રૂ.7 લાખ પડાવી દેવામાં આવ્યા હતા.

આ બનાવ અંગે જુન મહિનામાં ખંડણીનો ગુનો નોંધાયો હતો. જેમાં અશોક ચંદ્રપ્રકાશ દુબે (કલ્યાણ નગર, તરસાલી, આઈ.ટી.આઈ પાસે) નું નામ ખુલતા પોલીસ તેને શોધી રહી હતી. આરોપી રણોલી જીઆઈડીસી પાસે હોવાની માહિતી મળતા ક્રાઈમ બ્રાન્ચની ટીમને તેને ઝડપી પાડી માંજલપુર પોલીસને સોંપવા તજવીજ કરી છે.

# હવાલાના પાર્સલ મુદ્દે વિવાદ થતાં કરમસદના વચેટિયાનું અપહરણ

## આશિ ગામે ફાર્મ હાઉસમાં યુવકને ગોંધી રાખ્યો : 93 લાખ અટવાતા રકમ કઢાવવા માટે 10 શખ્સોએ યુવકને લાવીને મારમાર્યો, ધમકી આપી

આણંદ : કરમસદ જોળ રોડ ઉપર આવેલા ખોડીયાર માતા મંદિર પાસે રહેતો મિહિર રામજીભાઈ રબારી પશુપાલનનો વ્યવસાય કરે છે પેટલાદના આસી ગામના નિર્મલ રબારી, જયેશ રબારીએ કરમસદના મિહિર રબારીને નીલ પટેલ પાસેથી અમેરિકા ખાતેથી પાર્સલ ઉપાડી લઈ તેના પેટે કમિશન આપવાની લાલચ આપી હતી. જયેશના કહ્યા મુજબ મૂળ આશી ગામના અને હાલ ન્યુજર્સી અમેરિકા ખાતે રહેતા અક્ષય પટેલ મારફતે તેણે પાર્સલ ઉપાડયું હતું. પાર્સલ લીધા બાદ અક્ષય પટેલે ફોન સ્વીચ ઓફ કરી દેતા સોનાના પાર્સલના રૂપિયા ૯૩ લાખ અટવાઈ પડયા હતા. જેને લઇ આ રકમ કઢાવવા માટે નીલ પટેલ, નિર્મલ રબારી, જયેશ રબારી, વિશાલ ભરવાડ, સુરેશ ભરવાડ, ભરત ભરવાડ, દેવાંગ ભરવાડ, ભગીરથ ભરવાડ, પ્રવીણ ભરવાડ, દિનેશ ભરવાડ, પ્રકાશ ભરવાડ અને અન્ય ૧૦ જેટલા સક્ષોએ ભેગા મળી મિહિર રબારીનું અપહરણ કર્યું હતું. બાદમાં મિહિરને નિર્મલ રબારીના આશિ ગામે આવેલ ફાર્મ હાઉસ ખાતે લઈ ગયા હતા અને ગાંધી રાખી માર્યો હતો.ત્યારબાદ ત્યાંથી કરમસદ ખાતે આવેલા કનુ બામ્બાના ફાર્મ હાઉસ ખાતે તેને ગાંધી રાખી માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હવાલાના નાણા કબૂલી લેવા માટે દબાણ કર્યું હતું બીજી તરફ ફાર્મ હાઉસની બહાર પોલીસની ગાડીઓની અવર-જવર વધતા તમામ શખ્સો એક બાદ એક પોતાની ગાડીઓમાં બેસી પલાયન થઈ ગયા હતા અને મિહિરને પણ એક ગાડીમાં બેસાડી દીધો હતો રસ્તામાં માતર પરીએજના વિપુલ રબારીએ મિહિરને ફોન કરી પાર્સલ મારું છે તેના રૂપિયા ૮૮ લાખ આપી દેજે તેમ કહી અપશબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. દરમિયાન કરમસદ હોસ્પિટલ નજીક મિહિર કારમાંથી ઉતરી ગયો હતો અને ભાગી છુટયો હતો.આ બનાવ અંગે મિહિર રબારીએ પેટલાદ ગ્રામ્ય પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ૧૩ નામજોગ તથા અન્ય ૧૦ વ્યક્તિઓ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### કોની કોની સામે ફરિયાદ નોંધાઇ

૧. નિર્મલ કનુભાઈ રબારી રહે આશી, પેટલાદ, ૨. જયેશ મફતભાઈ રબારી રહે આશી, પેટલાદ, ૩. નીલ પટેલ મૂળ રહે બાયડ હાલ વિદ્યાનગર, ૪. સુરેશ ભરવાડ ધોબીઘાટ વિદ્યાનગર, ૫. વિશાલ ભરવાડ કરમસદ વિદ્યાનગર રોડ વિદ્યાનગર, ૬. કનુ બામ્બા કરમસદ હોસ્પિટલ નજીક , ૭. ભરત ભરવાડ કરમસદ હોસ્પિટલ નજીક, ૮. દેવાંગ રબારી આણંદ હાડગૂડ રોડ સંગ્રામપુરા, ૯. ભગીરથ ભરવાડ બોરીઆવી આણંદ, ૧૦. પ્રવીણ ભરવાડ મોટી ખોડીયાર આણંદ , ૧૧. વિપુલ રબારી પરીએજ માતર, ૧૨. પ્રકાશ ભરવાડ વડોદરા , ૧૩. દિનેશ ભરવાડ, તથા અન્ય ૧૦ જેટલા શકશો.

# ગુજરાત સરકાર Air India પાસે વળતર પેટે 2.70 કરોડ માંગશે

## પુસ્તકો સહિત 2.70 કરોડની વસ્તુઓ બળીને રાખ થઇ

**અમદાવાદ**

અમદાવાદમાં એર ઈન્ડિયા પ્લેન ક્રેશની મોટી દુર્ઘટના સર્જાઈ હતી. આ દરમિયાને મુસાફરો સાથે મેડિકલ કોલેજની હોસ્ટેલમાં રહેતા રેસિડન્ટ ડૉક્ટરોનું પણ મોત થયું હતું. ગુજરાત સરકારે જાહેરાત કરી છે કે તે બીજે મેડિકલ કોલેજના હોસ્ટેલમાં રહેતા રેસિડન્ટ ડૉકટરોની નુકસાન પામેલી મિલકત માટે એર ઈન્ડિયા પાસેથી 2.70 કરોડ રૂપિયાનું વળતર માંગશે.

ગુજરાતના રાજ્ય સ્વાસ્થ્ય પ્રધાન ઋષિકેશ પટેલે ગાંધીનગર ખાતે પ્રેસ કોન્ફરન્સ યોજીને આની વિગતો આપી હતી. આરોગ્ય પ્રધાને કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે અકસ્માત સમયે હોસ્ટેલમાં રહેતા ડૉકટરોના કપડાં, લેપટોપ, પુસ્તકો અને અન્ય આવશ્યક વસ્તુઓ બળીને રાખ થઈ ગઈ હતી. આ બધી વસ્તુઓની અંદાજિત કિંમત 2.70 કરોડ રૂપિયા છે. જેથી આ રકમ સરકાર એર ઈન્ડિયા પાસેથી વસૂલ કરવામાં આવશે. જોવાનું એ રહે છે કે, શું એર ઈન્ડિયા દ્વારા આ રકમ આપવામાં આવશે?

# લો બોલો, જામનગરમાં પકડાઈ નકલી દારૂ બનાવતી ફેક્ટરી : લાખોનો મુદ્દામાલ જપ્ત

## પોલીસે 1056 નકલી દારૂના ચપલા સહિત વિવિધ મુદ્દામાલ કબ્જે કર્યો

**જામનગર**

જામનગર એલસીબી ટીમે નેવી મોડા ગામની સીમમાં દરોડો પાડીને ડુપ્લીકેટ ઈંગ્લીશ દારૂ બનાવતી ફેકટરી ઝડપી પાડી હતી. પોલીસે ૧૦૫૬ નકલી દારૂના ચપલા સહિત રૂ.૭ ૨૮ લાખના મુદામાલ સાથે છ શખ્સોની ધરપકડ કરી હતી. જામનગર એલસીબી ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે, જામનગર તાલુકાના નેવી મોડાગામે રહેતા હરદીપસિંહ ઉર્ફે લાલો સુખુભા જાડેજા તથા શ્રીરાજસિંહ ઉર્ફે સિદ્ધરાજસિંહ ઉપેન્દ્રસિંહ ઝાલા સાથે મળી ભાગીદારીમા રાજસ્થાનના અર્જુનસીંગ તેજસીંગ સોઢા તથા સુર્યપ્રતાપસીંગ ભાનુપ્રતાપસીંગ રાઠોડને બોલાવી તેમની સાથે મળી હરદીપસિંહ જાડેજાની નેવી મોડા ગામની વાડીના રહેણાંક મકાનમાં આલ્કોહોલ સ્પીરીટને જરૂરીયાત મુજબ ભેળસેળ કરી ઈંગ્લીશ પીવાનો દારૂ બનાવવાની ફેકટરી ચલાવી ઈંગ્લીશ દારૂનો જથ્થો વેચાણ કરે છે. જે આધારે પોલીસે વાડીમાં મકાનમાં બનાવેલી ફેકટરીમાં રેઈડ કરી આરોપીઓને ઝડપી લીધા હતા. પૂછપરછમાં તેમણે આલ્કોહોલ સ્પીરીટ દ્વારા વિદેશી પીવાનો દારૂ બનાવતા હોવાનુ જણાવ્યું હતું. પોલીસે ઓરાપીઓને પકડી પાડી આરોપીઓ પાસેથી સ્પીરીટ, ફલેવરકલર મીશ્રણ કરીને બનાવેલો ડુપ્લીકેટ ઈંગ્લીશ દારૂનો જથ્થો, આલ્કોહોલ, સ્પીરીટ, પાઉચમાં લગાડવાના સ્ટીકર, મોબાઈલ ફોન, ફોર વ્હીલકાર જપ્ત કર્યા હતા.

# ધંધુકામાં હોટેલ પરિસર પાસે બસમાં ચોરી 46 લાખના દાગીના સાથે આરોપી ઝબ્બે

**ધંધુકા**

અમદાવાદ ગ્રામ્ય LCB ટીમે ચાર મહિના અગાઉ ધંધુકા શહેરમાં આવેલી ઓનેસ્ટ હોટલ પરથી ખાનગી પેસેન્જર બસમાંથી થયેલી 46 લાખથી વધુના દાગીનાની ચોરીનો ભેદ ઉકેલવામાં સફળતા મેળવી છે. પોલીસે ચોક્કસ બાતમીના આધારે ગુનાના મુખ્ય આરોપીને ઝડપી પાડી, ચોરીનો સંપૂર્ણ મુદ્દામાલ રિકવર કરીને ધંધુકા પોલીસને સુપરત કર્યો હતો.



પ્રાપ્ત માહિતી અનુસાર, ધંધુકાના ઓનેસ્ટ હોટલ ખાતેથી નશીમબેન વલ્લભભાઈ ખાગડના 46 લાખથી વધુના સોનાના દાગીનાની ચોરી થઈ હતી, જે અંગે તેમણે ધંધુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આ ગંભીર ગુનાનો ભેદ ઉકેલવા માટે અમદાવાદ ગ્રામ્ય LCB ટીમે સઘન તપાસ હાથ ધરી હતી.

પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, LCBના વિપુલભાઈ ઘનશ્યામભાઈ પટેલને હ્યુમન સોર્સ દ્વારા મળેલી ચોક્કસ બાતમીના આધારે કાર્યવાહી કરવામાં આવી હતી. આ બાતમીના આધારે મધ્યપ્રદેશના ધાર જિલ્લાના મનાવર તાલુકાના ખેરવાની જાગીર, મુલતાની પૂરા, કુવાડ પોસ્ટનો રહેવાસી સાકીર કમાલ ચાઉ પઠાણ નામના આરોપીને ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસે આરોપી પાસેથી ચોરી થયેલા તમામ સોનાના દાગીના રિકવર કર્યા હતા અને તેને ધંધુકા પોલીસ સ્ટેશનને સોંપ્યો હતો.

# રાજકોટમાં કોરોનાના વધુ આઠ કેસ એકનું મોત : આંકડો 195 પર પહોંચ્યો

**રાજકોટ**

શહેરમાં કોરોનાનું સંક્રમણ ફરી વધ્યું છે. રાજકોટમાં આજે (19 જૂન) ના રોજ 69 વર્ષીય વૃદ્ધાનું કોરોનાને કારણે મોત થયું હતું. શહેરમાં કોરોનાના વધુ 8 નવા કેસ નોંધાયા હતા, જેમાં એક બાળક અને એક સગીરનો પણ સમાવેશ થાય છે. જોકે, રાહતની વાત એ છે કે આજે નવા કેસ કરતાં સાજા થનાર દર્દીઓની સંખ્યા વધુ રહી છે. આજે 11 દર્દીઓ હોમ આઈસોલેશનમાંથી સ્વસ્થ થઈ ગયા છે. આ સાથે રાજકોટમાં અત્યાર સુધીમાં કોરોનાના કુલ કેસનો આંકડો 195 પર પહોંચ્યો છે, જ્યારે કોરોના મુક્ત થયેલા દર્દીઓની સંખ્યા 144 થઈ ગઈ છે. હાલ શહેરમાં કુલ 51 સક્રિય કેસ છે, જેમાંથી 1 દર્દી સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને બાકીના 50 દર્દીઓ હોમ આઈસોલેશનમાં છે.

આરોગ્ય વિભાગ દ્વારા આ તમામ દર્દીઓના સંપર્કમાં આવેલા લોકોનું ટ્રેસિંગ શરૂ કરવામાં આવ્યું હતું. તેમજ જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. નવા કેસોના આગમન છતાં શહેર રિકવરી રેટ સતત સુધરી રહ્યો છે. આજે 11 દર્દીઓ સ્વસ્થ થતા કુલ સ્વસ્થ થયેલા દર્દીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે.

### ઈઝરાયેલ-ઈરાન વચ્ચે યુદ્ધ :

**અનુસંધાન પાના 4નું ચાલું**

મધ્ય પૂર્વમાં તેના ૪૦,૦૦૦ સૈનિકો તૈનાત છે. જો ઈરાન ઉપર વધુ હુમલા થાય તો અમેરિકા યુદ્ધમાં સામેલ થઈ શકે છે, જે નાટોને પણ યુદ્ધમાં જોડી શકે છે. નિષ્ણાતો કહે છે કે, જો આગામી ૭૨ કલાકમાં પરિસ્થિતિ કાબૂ બહાર જશે તો વિશ્વયુદ્ધની શક્યતા વધી શકે છે. રશિયાએ ઈરાનને S-૩૦૦ હવાઈ સંરક્ષણ પ્રણાલી પૂરી પાડી છે. તેણે યુક્રેન યુદ્ધમાં શાહેદ-૧૩૬ ડ્રોનનો ઉપયોગ કર્યો છે. જો રશિયા ઈરાનમાં વધુ શસ્ત્રો અથવા સૈનિકો મોકલે તો સંઘર્ષ વધશે. સૌથી મહત્વની વાત એવી છે કે, ચીને ઈરાન સાથે ૪૦૦ અબજ ડોલરનો ઊર્જા કરાર કર્યો છે. ચીન તેને પોતાનું વ્યૂહાત્મક ભાગીદાર માને છે. એટલે ચીને તેના સ્વાર્થ માટે ઈરાન પરના હુમલાને અસ્થિર કરનાર ગણાવ્યું છે. અત્યાર સુધી ચીને લશ્કરી હસ્તક્ષેપને નકારી કાઢ્યો છે, પરંતુ ચીન ઈરાનને આર્થિક સહાય તો પૂરી પાડી શકે છે, જે યુદ્ધને લંબાવી શકે છે. ચીન મધ્ય પૂર્વમાં તેના તેલ અને ગેસ હિતોને સુરક્ષિત કરવા માંગે છે. જો ઈઝરાયેલ-અમેરિકા જોડાણ મજબૂત બને તો ચીન ઈરાન સાથે ઊભું રહી શકે છે. એટલે ઈઝરાયેલ માટેનો ખતરો હજુ ટળ્યો નથી. ઈરાન હજુ પણ તેના માટે મોટી મુશ્કેલી સર્જી શકે છે. ઈરાનના સર્વોચ્ચ નેતા ખામેનીએ પણ ઈઝરાયલને કડક જવાબ આપવાની વાત કરી તે હવે ઝૂકશે નહીં તેમ સ્પષ્ટ કરી દીધું છે. એટલે આ યુદ્ધમાં એક બાજુ અમેરિકા જેવી મહાસત્તા છે, તો બીજી બાજુ ચીન અને રશિયા જેવા બળીયા દેશો પણ છે. જેનાથી આખી દુનિયાને માથે યુદ્ધનું સંકટ ઘેરાયું છે. આ ઉપરાંત ઈરાન પરના હુમલા બાદ એવી આશંકા પેદા થઈ છે કે, તે હોર્મુઝની સામુદ્રધુની બંધ કરી શકે છે. આ સામુદ્રધુની વિશ્વભરમાં ગેસ અને તેલના પુરવઠા માટે વ્યૂહાત્મક રીતે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. હોર્મુઝની સામુદ્રધુની એ સમુદ્રની એક સાંકડી પટ્ટી છે, જે બે મોટા મહાસાગરોને જોડે છે. હોર્મુઝની સામુદ્રધુની મધ્ય પૂર્વના તેલસમૃદ્ધ દેશોને એશિયા, યુરોપ અને ઉત્તર અમેરિકા સહિત વિશ્વના અન્ય ભાગો સાથે જોડે છે. વિશ્વના કુલ તેલ પુરવઠાનો લગભગ પાંચમો ભાગ આ માર્ગેથી પસાર થાય છે. સાઉદી અરેબિયા, સંયુક્ત આરબ અમીરાત, કુવૈત અને ઈરાન જેવા દેશોમાંથી નિકાસ થતું ક્રુડ ઓઈલ આ સામુદ્રધુની દ્વારા અન્ય દેશોમાં પહોંચે છે. આ ઉપરાંત, લિક્વિફાઈડ નેચરલ ગેસ (LNG) નો વિશ્વનો સૌથી મોટો નિકાસકાર કતાર પણ તેની નિકાસ માટે આ માર્ગ પર નિર્ભર છે. જો ઈરાન હોર્મુઝની સામુદ્રધુની બંધ કરે તો આંતરરાષ્ટ્રીય તેલ પુરવઠાના લગભગ ૨૦% ભાગને અસર થઈ શકે છે. ગયા અઠવાડિયે ઈરાન-ઈઝરાયલ યુદ્ધની તાત્કાલિક અસર ખનિજ તેલના બજાર પર પડી હતી, જેના કારણે શુક્રવારે બ્રેન્ટ ક્રુડ ઓઈલનો ભાવ ૭૮ ડોલર પ્રતિ બેરલથી ઉપર પહોંચી ગયો હતો.

# ગુજરાતમાંથી ૨૦૦થી વધુ ગેરકાયદે બાંગ્લાદેશી પકડાયા

**અમદાવાદ**

ગુજરાતમાં ગેરકાયદે વસવાટ કરતાં વિદેશી નાગરિકોને શોધીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે. પોલીસ દ્વારા અમદાવાદ અને સુરત શહેરમાં દરોડા પાડીને શંકાસ્પદ બાંગ્લાદેશીઓને ઝડપી પાડયા હતા. તેવામાં સુરત ક્રાઈમ બ્રાન્ચ, એસઓજી અને સ્થાનિક પોલીસે સુરતમાંથી ૧૦૯ બાંગ્લાદેશીને ઝડપી પડ્યા છે. હાલ તમામને રાંદેર ભિક્ષુક ગૃહ ખાતે રખાયા છે. હવે ઝડપાયેલા બાંગ્લાદેશીઓને ડિપોર્ટ કરવાની કામગીરી હાથ ધરાશે.

ગુજરાત પોલીસ દ્વારા અમદાવાદ, સુરત સહિતના વિસ્તારોમાં ગેરકાયદે વસવાટ કરતાં વિદેશી નાગરિકોને શોધીને તેમની અટકાયત કરવામાં આવી છે. જોકે, રાજ્યમાં ૨૦૦થી વધુ ગેરકાયદે બાંગ્લાદેશી પકડાયા છે, ત્યારે આ તમામ બાંગ્લાદેશીઓ ક્યાંથી ઝડપાયા તેને લઈને DGPએ કોઈ સ્પષ્ટતા કરી ન હતી.

# પૂણેના જેજૂરી-મોરગાંવ રોડ ઉપર માર્ગ અકસ્માત, 7 લોકોના ઘટના સ્થળે મોત

**પૂણે**

મહારાષ્ટ્રના પૂણેમાં ફરી એક વખત મોટો માર્ગ અકસ્માત સર્જાયો છે. પૂણેના જેજૂરી-મોરગાંવ રોડ પર બુધવારે સાંજે એક ભીષણ અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં 7 લોકોના ઘટનાસ્થળ પર જ મોત થયા છે. મળતી માહિતી મુજબ એક સ્વિફ્ટ ડિઝાયર ગાડી અને પિકઅપની વચ્ચે જોરદાર ટક્કર થઈ, જેનાથી કારમાં સવાર 7 લોકોના ઘટનાસ્થળે જ મોત થઈ ગયા છે.

અકસ્માતની જાણકારી મળતા જ પોલીસની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી અને તપાસ શરૂ અને મૃતદેહોનો



કબ્જો લઈને તેમને હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યા છે. આ અકસ્માત જેજુરી-મોરગાંવ રોડ પર કિર્લોસ્કર કંપનીની પાસે શ્રીરામ ઢાબાની સામે થયો છે. એક સ્વિફ્ટ ડીઝાયર કાર જ્યારે જેજુરીથી મોરગાંવ જઈ રહી હતી તો તે સમયે શ્રીરામ ઢાબાની સામે એક પિકઅપને ટક્કર મારી દીધી, જે સામાન ઉતારી રહ્યું હતું. અકસ્માતમાં કારમાં સવાર 7 લોકોના ઘટનાસ્થળે જ મોત થઈ ગયા છે.

ઘટના અંગેની જાણ થતાં ત તાત્કાલિક પોલીસ અને એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચ્યા અને અકસ્માતમાં ઘાયલ થયેલા લોકોને કોઈ પણ પ્રકારે બહાર કાઢ્યા અને વધુ સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા. જો કે ફરજ પર હાજર રહેલા ડોક્ટરે તમામ લોકોને મૃત જાહેર કર્યા. હાલમાં આ તમામ મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરવામાં આવી રહ્યું છે.

# ફરિદાબાદમાં દલિત યુવકને લટકાવી માર માર્યો, પેશાબ પીવા મજબૂર કર્યો

**બલ્લભગઢ**

બલ્લભગઢમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જ્યા ૧૮ વર્ષીય દલિત યુવકને ત્રણ કલાક સુધી બંધક બનાવીને માર માર્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, આરોપીઓએ દલિત યુવકને દોરડાથી બાંધી ઊંધો લટકાવી દીધો હતો. આ ઉપરાંત તેનું માથું, ભમર અને મૂછો મૂંડાવીને પેશાબ પીવા મજબૂર કર્યો હતો. પીડિતાને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે, જ્યાં તેની હાલત હજુ પણ ગંભીર છે. પોલીસના જણાવ્યાનુસાર, દલિત યુવક પર હુમલો વ્યક્તિગત દુશ્મનાવટનું પરિણામ હતું, કારણ કે પીડિતે પોતાના મિત્રોનું ગ્રુપ બદલ્યું હતું. જો કે, પીડિતના પરિવારે આ ઘટનાને જાતિગત હિંસા ગણાવી છે. પરિવારનો આરોપ છે કે હુમલાખોરોએ અગાઉ પણ જાતિગત અપશબ્દોનો ઉપયોગ કર્યો હતો. પીડિતને સોમવારે સાંજે ૪થી ૭ વાગ્યા સુધી એક રૂમમાં બંધક બનાવી રાખવામાં આવ્યો હતો. આ સિવાય તેને લાકડીઓથી માર મારવામાં આવ્યો અને જાતીય હુમલો કરવામાં આવ્યો હતો. આ મામલે પોલીસે ૧૯ વર્ષીય પિયુષની ધરપકડ કરીને કોર્ટમાં રજૂ કર્યો, જ્યાંથી તેને જેલમાં મોકલી દેવાયો છે. બે સગીરોને બાળ સુધાર ગૃહમાં મોકલી દેવાયો, એક શંકાસ્પદ હજુ ફરાર છે.

# સંભલ હિંસા : 1200 પેજની ચાર્જશીટ દાખલ, સાંસદ સહિત 23 આરોપીઓ

**લખનઉ**

ઉત્તર પ્રદેશના સંભલ જિલ્લામાં 24 નવેમ્બર-2024ના રોજ શાહી જામા મસ્જિદના સરવેની કામગીરી દરમિયાન હિંસા થવા મામલે બુધવારે એમપી-એમએલએ કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન કેસની તપાસ કરી રહેલી SITએ લગભગ 1200 પાનાની ચાર્જશીટ દાખલ કરી છે. ચાર્જશીટમાં સમાજવાદી પાર્ટી (SP)ના સાંસદ જિયાઉરહમાન બર્ક, જામા મસ્જિદના સદર જફર અલી અને અન્ય 21 લોકોને આરોપી બનાવાયા છે. આ હિંસામાં ચાર લોકોના મોત અને 29 પોલીસ કર્મચારીઓ ઈજાગ્રસ્ત થયા હતા. આ પહેલા એસઆઈટીએ લગભગ 3000 પાનાની ચાર્જશીટ દાખલ કરી હતી. તેમાં પોલીસે કહ્યું હતું કે, હિંસામાં દુબઈમાં બેઠેલા એક ગેંગસ્ટર શારિક સાઠાનો હાથ છે. તે સંભલના સાંસદ બર્કને સંરક્ષણ પુરુ પાડતો હતો. સાઠાએ લોકોને ભડકાવ્યા હતા. જામા મસ્જિદમાં સરવે અટકાવવા માટે તેણે લોકોને ભડકાવ્યા હતા. તેના ઈશારે હિંદૂ પક્ષના વકીલ વિષ્ણુ શંકર જૈનની હત્યાનું કાવતરું ઘડવામાં આવ્યું હતું.

# રાજા રઘુવંશી હત્યાકાંડ : રાજ કુશવાહ જ સંજય વર્મા નીકળ્યો, સોનમે 112 વખત ફોન કર્યા હતા

**ઈન્દોર**

રાજા રઘુવંશી હત્યાકાંડની તપાસ કરી રહેલી ઈન્દોર પોલીસને વધુ એક મોટી સફળતા મળી છે. પોલીસના સૂત્રોના અનુસાર, સોનમ જે સંજય વર્મા નામના વ્યક્તિના મોબાઈલ નંબર પર સતત વાતચીત કર્યા કરતી હતી, તે નંબર પ્રેમી રાજ કુશવાહ જ ઉપયોગ કરતો હતો. સોનમે 25 દિવસમાં 112 વખત ફોન પર વાત કરી હતી.

સોનમ અને તે નંબર પર હાજર વ્યક્તિ વચ્ચે લાંબી વાતચીતો થતી હતી. પહેલા માનવામાં આવી રહ્યું હતું કે, આ



નંબર કોઈ સંજય વર્મા નામના વ્યક્તિનો છે, પરંતુ તપાસ કરતા ચોંકાવનારા ખુલાસા થયા છે કે આ નંબરનો ઉપયોગ બીજુ કોઈ નહીં પરંતુ ખુદ રાજ કુશવાહ જ કરી રહ્યો હતો. આ વાતની પુષ્ટિ ત્યારે થઈ જ્યારે મધ્યપ્રદેશમાં આ નામને લઈને સમાચાર સામે આવ્યા અને મીડિયામાં ચર્ચાઓ તેજ બની. ત્યારબાદ ઈન્દોર પોલીસે મેઘાલય પોલીસે સંપર્ક કર્યો અને વાતચીતના આધાર પર આ મહત્ત્વની માહિતી સામે આવી. પોલીસ અધિકારી હવે એ માની રહ્યા છે કે સંજય વર્મા નામની આડમાં રાજ કુશવાહે ઓળખ છૂપાવીને સોનમ સાથે સંપર્ક રાખ્યો હતો. કેસની તપાસ આ નંબર અને તેનાથી જોડાયેલા કોલ રેકોર્ડ્સના આધાર પર ઝડપી કરી દેવાઈ છે. આ ખુલાસા બાદ કેસમાં નવો વળાંક આવ્યો છે અને પોલીસે તપાસ હવે રાજ કુશવાહની ગતિવિધિઓ પર વધુ કેન્દ્રિત કરી છે.

# નવી દિલ્હીમાં વધારે ક્લાસરૂમના નિર્માણ મુદ્દે ઈડીની કાર્યવાહી, 37 ઠેકાણા ઉપર કરી રેડ

## કથિત મની લોન્ડ્રીંગની શંકા, મહત્વપૂર્ણ દસ્તાવેજ અને ડિજિટલ પૂરાવા હાથ લાગ્યા

**નવી દિલ્હી**

EDએ દિલ્હી સરકારની શાળામાં વધારે ક્લાસરૂમના નિર્માણમાં કથિત અનિયમિતતાઓની તપાસ હેઠળ બુધવારે 37 ઠેકાણાઓ પર રેડ કરી છે. આ રેડ દિલ્હી ACB દ્વારા દાખલ FIRના આધાર પર કરવામાં આવેલી મોટી કાર્યવાહીનો ભાગ છે. EDએ આ તપાસ કથિત મની લોન્ડ્રીંગની આશંકા હેઠળ શરૂ કરી છે, એજન્સીનું કહેવું છે કે ક્લાસરૂમ નિર્માણમાં વધારે ભ્રષ્ટાચાર અને સરકારી પૈસાનો દુરઉપયોગની આશંકા છે. આ કૌભાંડમાં ખાનગી કંપનીઓ અને દિલ્હી સરકારના પૂર્વ અધિકારીઓની ભૂમિકાની તપાસ કરવામાં આવી રહી છે. આ કૌભાંડ લગભગ 2000 કરોડ રૂપિયાનું હોય શકે છે. આરોપ છે કે દિલ્હીની સરકારી શાળાઓમાં 12,747 નવા ક્લાસરૂમ બનાવવા માટે જે ખર્ચ બતાવ્યો છે, તે વાસ્તવિક ખર્ચ કરતા ખુબ જ વધારે હતો. EDએ આ નાણાકીય કૌભાંડને મની લોન્ડ્રીંગની સિરિઝમાં માનતા PMLA હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો છે. રેડ દરમિયાન એજન્સીને ઘણા મહત્વપૂર્ણ દસ્તાવેજ અને ડિજિટલ પૂરાવા હાથ લાગ્યા છે, જેની તપાસ કરવામાં આવી રહી છે. જે લોકોના ત્યાં રેડ પડી છે, તે નિર્માણ કામગીરી સાથે જોડાયેલા છે અને તેમને ટેન્ડર પ્રક્રિયાનો ઠેકો આપવામાં આવ્યો હતો. આ મામલે સૌથી પહેલા દિલ્હી પોલીસની ભ્રષ્ટાચાર શાખાએ FIR દાખલ કર્યો હતો, જેમાં નિર્માણ કાર્યોમાં કથિત ભ્રષ્ટાચાર અને નિયમો સામે આંખ આડા કાન કરવાના આરોપ લગાવવામાં આવ્યા હતા.

# ઉત્તર પ્રદેશની અગ્નિ સંસ્કાર બાદ યુવતી જીવતી મળતા બધા ચોંક્યા

**લખનઉ**

ઉત્તર પ્રદેશના હમીરપુર જિલ્લામાં આઠ દિવસ પહેલા જ અજાણી યુવતીના મૃતદેહને પુત્રી શિવાનીના મૃતદેહ તરીકે અંતિમ સંસ્કાર કર્યા હતા. પરંતુ શિવાનીને જીવતી જોઈને પરિવારજનો અને પોલીસ ચોંકી ગઈ હતી.

7 જૂને હમીરપુરમાં જરિયા પોલીસ સ્ટેશનના વીરા ગામની આસપાસ બુંદેલખંડ એક્સપ્રેસ વેના સર્વિસ લેન પુલની નીચે પાણીમાં પોલીસને એક યુવતીનો મૃતદેહ મળ્યો હતો. પોલીસે આ મૃતદેહને ઓળખવા ભારે પ્રયત્નો કર્યા હતા, પરંતુ તેને સફળતા મળી ન હતી. ત્યારબાદ મુસ્કરા પોલીસ સ્ટેશન વિસ્તારના બિહુની ગામના રહેવાસી મલખન પ્રજાપતિએ આ મૃતદેહની ઓળખ તેમની પુત્રી શિવાનીના મૃતદેહ તરીકે કરી. ઓળખ સ્પષ્ટ થયા પછી પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. પોસ્ટમોર્ટમ પછી પોલીસે મૃતદેહને પરિવારજનોને સોંપ્યો હતો. પરિવારજનોને પણ મૃતદેહનો અગ્નિ સંસ્કાર કરી દીધો હતો. મલખન પ્રજાપતિએ આ કેસમાં બિહુની ગામમાં રહેતા મહેશ અને તેમના પુત્ર મનોજ સામે અપહરણ અને હત્યાનો કેસ નોંધાવ્યો હતો. પોલીસ તેમને શોધતી હતી. હવે આ કેસમાં નવો વળાંક આવ્યો છે.

# લગ્ન સંબંધિત વિવાદમાં હવે વોટ્સએપ ચેટને પુરાવા તરીકે સ્વીકારાશે : હાઈકોર્ટનો ચુકાદો

**ભોપાલ**

લગ્નજીવનને લગતા વિવાદોમાં ફેમિલી કોર્ટ વોટ્સએપ ચેટ્સને પણ પુરાવા તરીકે સ્વીકારી શકે છે, પછી ભલેને આ ચેટ તેના પાર્ટનરની પ્રાઈવસીનો ભંગ કરીને મેળવવામાં આવી હોય. મ.પ્ર.ની હાઈકોર્ટના ન્યાયાધીશ આશિષ શ્રોતીએ પતિને તેની પત્નીના લગ્ન બાહ્ય સંબંધોને સાબિત કરવા વોટ્સએપ ચેટ રજૂ કરવાને મંજૂરી આપતા આ વાત કહી હતી. કોર્ટે ભારપૂર્વક જણાવ્યું હતું કે સેક્શન-14 રાઈટ ટુ પ્રાઈવસીને કોરાણે મૂકી દેવાને મંજૂરી આપે છે. કોર્ટે ચેતવણી આપી હતી કે જો પુરાવો પ્રાઈવસીનો ભંગ થયો હોવાના આધારે કોરાણે મૂકવામાં આવ્યો હોય કે બહાર રાખવામાં આવ્યો હોય તે સંજોગોમાં ફેમિલી કોર્ટ એક્ટની સેક્શન 14ની જોગવાઈ બિનજરૂરી થઈ જાય છે.

## હત્યા મામલે પોલીસને હવે મોટો પુરાવો હાથ લાગ્યો

# સમાજમાં આબરુ જવાની બીકે દાદાએ જ મલિશ્કા કડેરીની હત્યા કરી દીધી હતી

**મુરૈના**

ભાગચીની વિસ્તારના બદરપુર ગામમાં ૧૯ વર્ષિય મલિશ્કાની ગોળી મારીને હત્યા કરવાનો મામલામાં પોલીસને હવે મોટો પુરાવો હાથ લાગ્યો છે. મલિશ્કા સંબંધમાં તેના મામા સૂરજને પ્રેમ કરતી હતી. ત્રણ વર્ષથી બંને એકબીજાના ટચમાં હતા. ઘટનાથી પહેલા ૧૭ દિવસ સુધી સતત તે સૂરજ સાથે વાત કરતી રહેતી.તપાસમાં સામે આવ્યું કે, મલિશ્કાએ પોતાના ફોનમાં સૂરજનો નંબર પતિદેવના નામથી સેવ કર્યો હતો. પોલીસે મુખ્ય આરોપી સિરનામ સિંહની ધરપકડ કરી. અન્ય લોકો સાથે પણ પૂછપરછ ચાલી રહી છે. હત્યાનો પ્લાન કંઈક એ રીતે બનાવ્યો હતો કે, મલિશ્કા પોતાના માતા-પિતાના એક સંબંધીને ત્યાંથી પરત ફરી રહી હતી. રાતના ૯.૩૦ વાગ્યે ગામની બહાર ગોળી મારી દીધી. તેને ત્રણ ગોળી મારી હતી. મલિશ્કાના સગા દાદા સરનામ સિંહ અને અન્ય એક સાથીએ મળીને તેને ગોળી મારી દીધી હતી. પોલીસને ગુમરાહ કરવા માટે સિરનામ સિંહ પોતાના ગામના બે લોકોના નામ લેતો રહ્યો હતો.

# ભારત સરકાર ઈઝરાયલમાં ફસાયેલા ભારતીયો માટે પણ ઓપરેશન સિંધુ ચલાવશે

**લખનઉ**

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે યુદ્ધ દિવસેને દિવસે વધુ ગંભીર રૂપ લઈ રહ્યું છે. એવામાં ભારતે ઈરાનમાં ફસાયેલા ભારતીયોને સુરક્ષિત બચાવવા માટે ઓપરેશન સિંધુ શરૂ કર્યું છે. જે હેઠળ ભારતીયોનો પહેલો જથ્થો પરત આવી પણ ગયો છે. હવે સરકારે જાહેરાત કરી છે કે ઈરાનની સાથે સાથે ઈઝરાયલમાં ફસાયેલા ભારતીયોને પણ સરકાર મદદ કરશે. કેન્દ્ર સરકારે જાહેરાત કરી છે કે જે ભારતીયો ઈઝરાયલ છોડી સ્વદેશ પરત આવવા માંગે છે તેમને મદદ કરવામાં આવશે. ઈઝરાયલમાં રહેતા ભારતીયોને પહેલા સરહદના રસ્તે કોઈ સુરક્ષિત સ્થાન પર લઈ જવાશે અને પછી ત્યાંથી વિમાન મારફતે ભારત લાવવામાં આવશે.

# ઉત્તરપ્રદેશમાં કાર પલટી મારી રેલિંગ સાથે અથડાતા આગ ભભૂકી : 5 યાત્રી ભડથું

લખનઉ

ઉત્તરપ્રદેશમાં મોટો અકસ્માત સર્જાયો છે. આ ગોઝારા અકસ્માતમાં 5 લોકોના મોત થયા છે. બદાયૂંથી પરત ફરી રહેલા એક પરિવારની કાર જહાંગીરાબાદ રોડ પર ચાંડોક દૌરાહા નજીક રેલિંગ સાથે અથડાઈને પલટી ગઈ હતી. કાર પલટી ગયા બાદ તેમાં આગ લાગી ગઈ હતી. જેના કારણે કારમાં સવાર એક માસૂમ બાળકી સહિત પાંચ લોકો જીવતા સળગી ગયા છે. જોકે આ ગમખ્વાર અકસ્માતમાં એક છોકરી બચી ગઈ છે. પોલીસે ઘાયલ છોકરીને સારવાર માટે જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરી છે. બીજી તરફ મૃતદેહોને શબઘરમાં મોકલી દેવામાં આવ્યા છે.

બદાયૂંના સહસવાન પોલીસ સ્ટેશન વિસ્તારના ચમનપુરા ગામના રહેવાસી તનવીર અહેમદનો પુત્ર 24 વર્ષીય તનવીઝ અહેમદ દિલ્હી સ્થિત એક ખાનગી કંપનીમાં એન્જિનિયર હતો,



જે 15 જૂને એક પારિવારિક લગ્નમાં હાજરી આપવા માટે બદાયૂંના સહસવાનમાં આવ્યો હતો. બુધવારે વહેલી સવારે તનવીઝ પોતાની પત્ની 22 વર્ષીય નિદા ઉર્ફે નિગત, 16 વર્ષીય બહેન ગુલનાઝ, બનેવી 25 વર્ષીય ઝુબૈર અલી, ઝુબૈર અલીની પત્ની સલહેજ મોમિના અને ઝુબૈરના બે વર્ષનો માસૂમ પુત્ર ઝૈનુલને લઈને સ્વિફ્ટ કારમાં દિલ્હી જઈ રહ્યો હતો.

# નાની ઉંમરે અઢળક સંપત્તિના માલિક બની ગયા મુકેશ અંબાણીના બંને પુત્ર

## અનંત-આકાશ પાસે 3.59 લાખ કરોડની કુલ સંપત્તિ

મુંબઈ

મુકેશ અંબાણીના બંને પુત્રો આકાશ અને અનંત અંબાણી સંયુક્ત રૂપથી ભારતના સૌથી ધનવાન વ્યક્તિ બની ગયા છે. ૩૬૦ વન વેલ્થ (પહેલા IIFL વેલ્થ) અને ક્રિસિલના એક રિપોર્ટમાં આ વાતનો ખુલાસો થયો છે કે સૌથી ધનીક ભારતીયોના લિસ્ટમાં અનંત અને આકાશ અંબાણી ૩.૫૯ લાખ કરોડની કુલ સંપત્તિ સાથે ટોપ પર છે. ૩૬૦ વન વેલ્થ અને ક્રિસિલે પોતાના આ સ્ટડીમાં આવા ૨૦૧૩ ભારતીયોને સામેલ કર્યા, જેણે પોતાની મહેનત અને ઈચ્છાશક્તિના દમ પર સંપત્તિ બનાવી. આ બધા વ્યક્તિઓની સંપત્તિ કુલ મળી લગભગ ૧૦૦ લાખ કરોડ રૂપિયા છે, જે દેશની GDPનો લગભગ એક તૃતીયાંશ ભાગ છે. આ રિપોર્ટમાં માત્ર તે લોકોને સામેલ કરવામાં આવ્યા છે, જેની પાસે ઓછામાં ઓછા ૫૦૦ કરોડ રૂપિયાની સંપત્તિ છે. મુંબઈ ભારતનું નાણાકીય કેપિટલ બનતું જઈ રહ્યું છે. અહીં રહેતા ૫૭૭ વ્યક્તિ ૩૬૦ વન વેલ્થ અને ક્રિસિલના સૌથી ધનીક ભારતીયોના લિસ્ટમાં સામેલ છે, જેની કુલ સંપત્તિમાં ૪૦ ટકા સુધીની ભાગીદારી છે.

# UPમાં પીકઅપ વાને મોર્નિંગ વૉક પર જતાં 3ને કચડ્યા, ડ્રાઈવરનું પણ મોત

આગ્રા

ઉત્તર પ્રદેશમાં આગ્રાના ટ્રાન્સ પોલીસ સ્ટેશન વિસ્તારમાં શાહદરા ફ્લાયઓવર પર ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ફિરોજાબાદ તરફથી કેરી લઈને આવી રહેલી લોડિંગ પિકઅપ વાન બેકાબૂ થઈ સર્વિસ રોડ પર મોર્નિંગ વૉક કરતાં લોકો પર ફરી વળી હતી. જેના લીધે આ અકસ્માતમાં 4 લોકોના મોત થઈ ગયા હતા.

આ અકસ્માતમાં વૉક કરી રહેલા 55 વર્ષીય રાજેશ, 65 વર્ષીય હરિબાબુ અને રામેશ્વરનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતો. અકસ્માત બાદ ડ્રાઈવર ગાડીમાં જ ફસાઈ ગયો હતો. અકસ્માત બાદ હાઈવે પર લાંબો જામ થઈ ગયો હતો. પોલીસે ક્રેનની મદદથી વાહનને હટાવીને ટ્રાફિક શરૂ કરાવ્યો હતો. આ અકસ્માતમાં કંડક્ટરની હાલત ગંભીર છે, તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. મેક્સ પિકઅપમાં બે લોકો હતા. ત્રણ લોકો વૉક કરીને ડિવાઈડર પર બેઠા હતા. એવું માનવામાં આવી રહ્યું છે કે, ડ્રાઈવરને ઝોકું આવી જવાથી આ અકસ્માત થયો હતો. ઘટનામાં ડ્રાઈવરનું પણ મૃત્યુ થઈ ગયું હતું જ્યારે કંડક્ટરને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

# આંધ્ર પ્રદેશના અલ્લુરી સીતારામ જિલ્લામાં પોલીસની મોટી કાર્યવાહી, 3 નક્સલી ઠાર

## સુરક્ષા દળોએ AK-47 રાઈફલ જપ્ત કરી, નક્સલીઓ પર 20થી 40 લાખ ઈનામ હતું

અલ્લુરી સીતારામ

આંધ્ર પ્રદેશના અલ્લૂરી સીતારામ જિલ્લામાં સુરક્ષા દળો દ્વારા મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ કાર્યવાહી દરમિયાન ત્રણ નક્સલીઓનો ઠાર કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે આ કાર્યવાહી હાલ સુધી યથાવત્ રાખવામાં આવી છે. થોડા થોડા સમયના અંતરે ગોળીબાર થઈ રહ્યો છે, સાથે નક્સલીના એન્કાઉન્ટરની સંખ્યામાં પણ વધારો થવાની સંભાવના સેવાય રહી છે. કાર્યવાહીમાં સેન્ટ્રલ કમિટીના સભ્ય ગજરલા રવિ, રવી ચૈતન્ય અને અંજુનો સમાવેશ થાય છે. સુરક્ષા દળોએ ત્રણ AK-47 રાઈફલ જપ્ત કરી છે.

જિલ્લાના એસપી અમિત બરદારે આ ઘર્ષણની માહિતી આપી હતી. માર્યા ગયેલા નક્સલીઓમાં ગજરલા રવિ ઉર્ફે ઉદય પર 40 લાખનું ઈનામ હતું, જ્યારે રવી ચૈતન્ય ઉર્ફે અરુણા પર 20 લાખનું ઈનામ હતું. અરુણા નક્સલી નેતા ચલપતિની પત્ની હતી, જેનું આ વર્ષે શરૂઆતમાં મોત થયું હતું. ચલપતિની એક સેલ્ફીએ સુરક્ષા દળોને તેના ઠેકાણા સુધી પહોંચવામાં મદદ કરી હતી. ગજરલા રવિ, જે ગણેશ, આનંદ અને ઉદય જેવા નામોથી પણ ઓળખાતો હતો, આંધ્ર પ્રદેશના વરંગલ જિલ્લાના વેલિશાલા ગામનો રહેવાસી હતો. તે નક્સલીઓની સેન્ટ્રલ કમિટીનો સભ્ય હતો અને તેના પર સરકારે 40 લાખનું ઈનામ રાખ્યું હતું.

# રાજસ્થાનના અલવરમાં પુત્રની સામે પત્નીએ પ્રેમી સાથે મળીને પતિની હત્યા કરી દીધી

## પપ્પાને મારી નાંખ્યા, પગ મરોડી દીધા ને ઓશિકાથી મોં દબાવી દીધુ હતું : પુત્ર

અલવર

અલવરના ખેડલી ક્ષેત્રમાં એક ક્રૂર ઘટના બની છે. અહીં પોતાના પુત્રની સામે જ પત્ની(અનીતા)એ પોતાના પ્રેમી સાથે મળીને પતિની હત્યા કરી દીધી હતી. આ ઘટનાને લઈને ૯ વર્ષીય પુત્રે ચોંકાવનારા ખુલાસા કર્યા છે. પોતાના પતિ માનસિંહ જાટવનું મોત તબિયત બગડી હોવાનું રટણ પત્ની અનીતા કરી રહી હતી. જોકે, પરંતુ ૪૮ કલાક પછી નવ વર્ષીય પુત્રે પોલીસને જણાવ્યું કે તેની માતા અનીતાએ જાણી જોઈને એ રાત્રે ઘરનો દરવાજો ખુલ્લો રાખ્યો હતો. રાત્રે લગભગ ૧૨ કલાકે ચાર લોકો એક વ્યક્તિની સાથે ઘરમાં ઘુસ્યા, એ એક વ્યક્તિને બાળક 'કાશી અંકલ' તરીકે જાણતો હતો. પાછળથી અલવર પોલીસે તપાસ કરી તો કાશી અંકલનું મૂળ નામ કાશીરામ પ્રજાપત, જે અનીતાનો પ્રેમી છે. બાળકે પોલીસને જણાવ્યું કે, મેં દરવાજાનો અવાજ સાંભળ્યો અને જોયું તો મમ્મી દરવાજો ખોલી રહી હતી. કાશી અંકલ અને ચાર લોકો ઘરની બહાર ઊભા હતા. મેં જોયું તો મમ્મી પલંગ સામે ઊભી હતી. એ લોકોએ પપ્પાને માર્યા, પગ મરોડી દીધા અને ઓશિંકાથી મોં દબાવી દીધું. કાશી અંકલે તેમનું મોં દબાવ્યું હતું. હું ચૂપચાપ જોતો રહ્યો. જ્યારે મેં પપ્પાની તરફ હાથ લંબાવ્યો તો કાશી અંકલે મને ખોળામાં બેસાડયો અને ધમકાવ્યો હતો. અનીતા જનરલ સ્ટોર ચલાવતી હતી, જ્યારે કાશીરામ કચોરી વેચતો હતો. બંને વચ્ચે પ્રેમ થયો અને છેવટે વીરુ ઉર્ફે માનસિંહ જાટવની હત્યાની યોજના બનાવી હતી.

# કેદારનાથમાં ભૂસ્ખલન થતાં 5 શ્રદ્ધાળુ ખીણમાં ખાબક્યા, બેના મોત, 3 ઘાયલ

કેદારનાથ

ગૌરીકુંડ-કેદારનાથ પગપાળા માર્ગ પર જંગલચટ્ટીમાં ભૂસ્ખલનના કારણે પાંચ શ્રદ્ધાળુઓ ખીણમાં પડી ગયા હોવાના અહેવાલ મળ્યા છે. આ દુર્ઘટનામાં બેના મોત અને ત્રણ ઘાયલ થયા છે. બચાવ કામગીરી ચાલુ છે.

જિલ્લા આપત્તિ નિવારણ અધિકારીએ દુર્ઘટનાની જાણકારી આપતાં કહ્યું કે, ભૂસ્ખલનના કારણે શ્રદ્ધાળુઓ ખીણમાં પડી ગયા હતા. જેમાં બેના મોત થયા છે. ઉત્તરાખંડમાં છેલ્લા કેટલાક દિવસથી સતત વરસાદ થઈ રહ્યો છે. જેના લીધે ભૂસ્ખલનની દુર્ઘટના વધી છે.

હવામાન વિભાગ દ્વારા જાહેર પૂર્વાનુમાન અનુસાર, બાગેશ્વર અને પિથોરાગઢ જિલ્લાના અમુક વિસ્તારોમાં ભારે વરસાદના કારણે યલો એલર્ટ જાહેર કરાયું છે. અન્ય જિલ્લામાં પણ ભારે પવન સાથે વરસાદની સંભાવના દર્શાવાઈ છે. 23 જૂન સુધી વરસાદની સ્થિતિ રહેવાનો અંદાજ છે. કેદારનાથમાં રવિવારે પણ વરસાદના કારણે અનેક વિસ્તારોમાં ભૂસ્ખલનની ઘટના બની હતી. જેનો સંપૂર્ણ કાટમાળ દૂર કરતાં બે દિવસ થયા હતા. ભૂસ્ખલનના કારણે કેદારનાથ યાત્રા કામચલાઉ ધોરણે સ્થગિત કરવામાં આવી હતી. જેમાં 1નું મોત અને બે ઘાયલ થયા હતા.

# કેદારનાથમાં 47 દિવસમાં જ શ્રદ્ધાળુઓના દર્શનનો આંકડો 11 લાખની પાર પહોંચ્યો

કેદારનાથ

કરોડો હિન્દુઓની આસ્થાના કેન્દ્ર કેદારનાથમાં રેકોર્ડ બ્રેક શ્રદ્ધાળુઓ દર્શન કરવા પહોંચી રહ્યા છે. છેલ્લા વર્ષોની તુલનામાં આ વર્ષે જે રીતે યાત્રાની રફ્તાર વધી રહી છે, યાત્રાકાળના માત્ર 47 દિવસમાં જ શ્રદ્ધાળુઓના દર્શનનો આંકડો 11 લાખની પાર પહોંચી ગયો છે. પાછલા વર્ષોની વાત કરીએ તો આ આંકડો 2023માં 70 દિવસમાં પાર થયો હતો, જ્યારે 2024માં 117 દિવસમાં. આ વર્ષે છેલ્લા બે વર્ષના આખી સીઝનના રેકોર્ડ તૂટવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. શ્રદ્ધાળુની સંખ્યામાં વધવાથી પર્યટન અને યાત્રાધામોને વેગ મળવાની સાથે પર્યટન સાથે સંકળાયેલા વ્યવસાયીઓના ચહેરા પર રોનક દેખાઈ રહી છે.

# ક્યુએસ વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગ 2026માં ભારતની 50, IIT દિલ્હીની મોટી છલાંગ

નવી દિલ્હી

QS વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગ 2026 ની યાદી જાહેર કરવામાં આવી છે. ગયા વર્ષની સરખામણીમાં આ વખતે લગભગ 50% ભારતીય યુનિવર્સિટીઓના રેન્કિંગમાં સુધારો થયો છે, જેમાં ભારતમાં આઈઆઈટી દિલ્હી ટોચ પર છે. વૈશ્વિક સ્તરે, મેસેચ્યુસેટ્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (MIT) એ આ વર્ષે 14મી વખત 'વર્લ્ડ બેસ્ટ યુનિવર્સીટી'નું સ્થાન જાળવી રાખ્યું છે.

8 વર્ષમાં પહેલી વાર આઈઆઈટી દિલ્હી QS વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગ 2026માં આઈઆઈટી બોમ્બેને પાછળ છોડીને ટોચની યુનિવર્સીટી બની આઈઆઈટી બોમ્બે ગયા વર્ષે ભારતની ટોપ યુનિવર્સીટીમાં 118મા રેન્કિંગ સાથે પ્રથમ સ્થાને હતું. જે હવે 11 ક્રમ નીચે આવીને 129મુ સ્થાન ધરાવે છે.

આ ત્રણ પછી, આઈઆઈટી ખડગપુર અને IISc બેંગ્લોરે ચોથું અને પાંચમું સ્થાન મેળવ્યું છે. દિલ્હી યુનિવર્સિટી (DU) એ પણ તેના રેન્કિંગમાં સુધારો કર્યો છે. તે હવે 328મા સ્થાને પહોંચી ગઈ છે, ભારત 54 યુનિવર્સિટી સાથે ચોથા સ્થાને છે, જે અમેરિકા (192), યુકે (90) અને ચીન (72) પછી આવે છે.

# ટેક્નિકલ ખામીને લીધે એર ઈન્ડિયાની અઠવાડિયામાં 86 ફ્લાઈટ કેન્સલ થઈ

નવી દિલ્હી

એક દિવસ પહેલા DGCAએ માહિતી આપતા જણાવ્યું હતું કે, એક અઠવાડિયામાં એર ઈન્ડિયાના 86 ઉડાનો રદ થઈ ગઈ છે. ત્યારે હવે આ સંખ્યામાં હજુ વધારો થયો છે. આજે એર ઈન્ડિયાની વધુ ત્રણ ઈન્ટરનેશનલ ઉડાનો ટેક્નિકલ ખામી અને અન્ય સમસ્યાઓના કારણે રદ થઈ છે. આજે એર ઈન્ડિયાની ત્રણ ઉડાનો રદ થઈ છે. જેમાં ટેક્નિકલ ખામી, મેન્ટેનન્સ અને સુરક્ષા સંબંધીત કારણો જણાવાયા છે. ખાસ વાત એ છે કે તેમાંથી બે ઉડાનોમાં મુસાફર પહેલાથી જ વિમાનમાં સવાર થઈ ચૂક્યા હતા. જ્યારબાદ ઉતારાયા. એર ઈન્ડિયા હાલના દિવસોમાં ગંભીર ટેક્નિકલ પડકારોનો સામનો કરી રહ્યું છે.

# ભારત-ઈંગ્લેન્ડ વચ્ચે આજથી પાંચ ટેસ્ટ મેચની શ્રેણી શરૂ

## શુભમન ગિલ અને હેડ કોચ ગંભીરની પ્રતિષ્ઠા દાવ ઉપર લાગશે

લીડ્સ । ભારત અને યજમાન ઈંગ્લેન્ડ વચ્ચે શુક્રવારથી પાંચ ટેસ્ટ મેચની શ્રોણીનો પ્રારંભ થશે અને આ સિરીઝને તેંડુલકર-એન્ડરસન ટ્રોફી તરીકે ઓળખવામાં આવશે. ટ્રોફીનું ગુરુવારે સત્તાવાર રીતે અનાવરણ કરવામાં આવ્યું હતું. ભારતીય ટીમમાં રોહિત શર્મા અને વિરાટ કોહલી નહીં હોવાના કારણે ત્રીજા ક્રમના બેટ્સમેન ઉપર તમામની નજર રહેશે. સુકાની શુભમન ગિલ ચોથા ક્રમે બેટિંગ કરશે. આ મેચનો બપોરે ૩:૩૦ વાગ્યાથી પ્રારંભ થશે. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે કુલ ૧૩૬ ટેસ્ટ મેચો રમાઇ છે જેમાં ભારતે ૩૫ તથા ઈંગ્લેન્ડે ૫૧ મેચ જીતી છે. ૫૦ ટેસ્ટ ડ્રો રહી છે. ઈંગ્લેન્ડની ધરતી ઉપર ભારત માત્ર નવ ટેસ્ટ મેચ જીતી શક્યું છે. કોહલીના નેતૃત્વમાં ભારતે સર્વાધિક ત્રણ ટેસ્ટ ઈંગ્લેન્ડમાં જીતી છે.


તેંડુલકર-એન્ડરસન ટ્રોફીનું અનાવરણ

### ટીમ ઈન્ડિયાને મોટો ઝટકો : ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ પહેલાં જ કરુણ નાયર ઈજાગ્રસ્ત થયો

ટીમ ઈન્ડિયા અને ઈંગ્લેન્ડ વચ્ચે 5 ટેસ્ટ મેચની સિરીઝની પહેલી મેચ 20 જૂનથી લીડ્સ, ઈંગ્લેન્ડમાં રમાશે. આ ટેસ્ટમાં 33 વર્ષીય બેટર કરુણ નાયર રમે તેવી શક્યતા છે. પરંતુ આ મેચ શરૂ થાય તે પહેલા આ ખેલાડી અંગે એક મોટી અપડેટ સામે આવી છે. 18 જૂનના રોજ, નેટ પ્રેક્ટિસ દરમિયાન પ્રસિદ્ધ કૃષ્ણાના શોર્ટ બોલનો સામનો કરતી વખતે તેને ઈજા થઈ હતી. કરુણને પેટ પર બોલ વાગ્યો હતો. જોકે, આ ઈજા હળવી હતી અને કોઈ ગંભીર સમસ્યા નહોતી. નેટમાં ફાસ્ટ બોલર પ્રસિદ્ધ કૃષ્ણાનો સામનો કરતી વખતે કરુણ નાયરને પાંસળીમાં ઈજા થઈ હતી.

## WTC ૨૦૨૫-૨૭નો પ્રારંભ, નવ ટીમો વચ્ચે બે વર્ષમાં ૭૧ ટેસ્ટ રમાશે

**દુબઇ**

આઈસીસીએ ૨૦૨૫-૨૭ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ચોથી સાઈકલના કાર્યક્રમની જાહેરાત કરી દીધી છે જેમાં બે વર્ષના ગાળામાં નવ ટીમો વચ્ચે ૭૧ મેચો રમાશે. નવી ડબલ્યૂટીસી સિઝનનો ૧૭મી જૂને શ્રાીલંકા અને બાંગ્લાદેશ વચ્ચે ગાલે ખાતે રમાનારી ટેસ્ટ સાથે પ્રારંભ થશે.

ઓસ્ટ્રેલિયન ટીમ સર્વાધિક ૨૨ ટેસ્ટ મેચ રમશે. ઈંગ્લેન્ડ ૨૧ મેચ સાથે બીજા સ્થાને છે. આ બંને ટીમો ૨૦૨૫ના અંતમાં ઓસ્ટ્રેલિયાની ધરતી ઉપર રમાનારી એશિઝ શ્રોણીમાં એકબીજા સામે ટકરાશે. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયશિપમાં ભારતીય ટીમ ૧૮ ટેસ્ટ (ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા સામે પાંચ-પાંચ તથા વેસ્ટ ઈન્ડિઝ, સાઉથ આફ્રિકા, શ્રાીલંકા અને ન્યૂઝીલેન્ડ સામે ૨-૨ ટેસ્ટ) રમશે. તેમાં નવ ટેસ્ટ ઘરઆંગણે તથા નવ વિદેશની ધરતી ઉપર રમશે. ચોથી ડબ્લ્યૂટીસી સાઈકલમાં ભારતીય ટીમ બાંગ્લાદેશ અને પાકિસ્તાન સામે એક પણ ટેસ્ટ મેચ રમશે નહીં. ડબ્લ્યૂટીસી સાઈકલમાં બાંગ્લાદેશ ૧૨, ન્યૂઝીલેન્ડ ૧૬, પાકિસ્તાન ૧૩, સાઉથ આફ્રિકા ૧૪, શ્રાીલંકા ૧૨ તથા વેસ્ટ ઈન્ડિઝ ૧૪ ટેસ્ટ મેચ રમશે જેમાં ભારત સામેની બે ટેસ્ટ પણ સામેલ છે.

# ભારત-પાકિસ્તાન વચ્ચે રમાશે ક્રિકેટ મેચ... ICCએ જાહેર કર્યો મહિલા વન-ડે વર્લ્ડકપ-2025નો કાર્યક્રમ

## રાઉન્ડ રોબિન ફોર્મેટના આધારે રમાશે મેચો

**દુબઈ**

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ બોર્ડે મહિલા વન-ડે વર્લ્ડકપ-2025નો કાર્યક્રમ જાહેર કર્યો છે. આ ટુર્નામેન્ટ દરમિયાન બે સેમિફાઈનલ અને એક ફાઈનલ સહિત કુલ 31 મેચો રમાવાની છે, જેમાં ભારત-પાકિસ્તાન સહિત કુલ 8 ટીમો ભાગ લેશે. શેડ્યૂલ મુજબ 30 સપ્ટેમ્બર-2025થી વર્લ્ડકપનો પ્રારંભ થશે અને 02 નવેમ્બર-2025ના રોજ ફાઈનલ મેચ રમાશે. ભારત અને પાકિસ્તાન વચ્ચે પાંચમી ઓક્ટોબર-2025ના રોજ મેચ રમાશે. બંને ટીમો વચ્ચે શ્રીલંકાના કોલંબોના આર.પ્રેમદાસા સ્ટેડિયમમાં મેચ રમાશે. ટુર્નામેન્ટ રાઉન્ડ રોબિન ફોર્મેટના આધારે રમાશે, જેમાં તમામ ટીમો એકબીજા સામે એકવખત મુકાબલો કરશે. પછી પોઈન્ટ ટેબલના આધારે લીગ રાઉન્ડની ટૉપ-ચાર ટીમો સેમીફાઈનલમાં પહોંચશે. ત્યારબાદ પોઈન્ટ ટેબલના આધારે ટોપર ટીમો ચોથા સ્થાને રહેલી ટીમ સામે મેચ રમશે. મહિલા વન-ડે વર્લ્ડકપ-2025ની મેચો શરૂ થાય તે પહેલા તમામ ટીમો બે-બે વોર્મ અપ મેચ રમશે, જેની શરૂઆત 24 સપ્ટેમ્બરથી થશે.

### આઈસીસીએ 2026 T20 વર્લ્ડ કપની જાહેરાત કરી પ્રથમ મેચ ઈંગ્લેન્ડ અને શ્રીલંકા વચ્ચે રમાશે

મહિલા T20 વર્લ્ડ કપ 2026નું આયોજન ઈંગ્લેન્ડમાં થવાનું છે. ત્યારે ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડ (ECB)એ વર્લ્ડ કપનું શેડ્યૂલ જાહેર કર્યું છે , જે પ્રમાણે ટૂર્નામેન્ટની પહેલી મેચ ઈંગ્લેન્ડ અને શ્રીલંકા વચ્ચે રમાશે. ટુર્નામેન્ટ 12 જૂનથી શરૂ થશે, જ્યારે T20 વર્લ્ડ કપની ફાઈનલ મેચ 5 જુલાઈએ લોર્ડ્સ ખાતે રમાશે. જણાવી દઈએ કે, વર્લ્ડ કપમાં કુલ 12 ટીમો ભાગ લેશે, જેને 6-6 ટીમોના બે ગ્રૂપમાં વહેંચવામાં આવી છે. મહત્ત્વપૂર્ણ સમાચાર એ છે કે ભારત અને પાકિસ્તાન એક જ ગ્રુપમાં છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે મહિલા T20 વર્લ્ડ કપ 2026ની મહત્વપૂર્ણ મેચ 14 જૂને એજબેસ્ટન ખાતે રમાશે. આ મેચ ભારતીય સમય મુજબ બપોરે 2:30 વાગ્યે શરૂ થશે. તમને જણાવી દઈએ કે, આ ટુર્નામેન્ટમાં કુલ 12 ટીમોને બે ગ્રુપમાં વહેંચવામાં આવી છે. આ ટુર્નામેન્ટમાં ભારત અને પાકિસ્તાન બે વાર ટકરાઈ શકે છે. ગ્રુપ સ્ટેજ ઉપરાંત, બંને ટીમો સેમીફાઈનલ અથવા ફાઈનલમાં પણ ટકરાઈ શકે છે.

**વિમેન્સ વન-ડે વર્લ્ડ કપનો કાર્યક્રમ**

| | | |
|---|---|---|
| ૩૦મી સપ્ટેમ્બર | ભારત વિ. શ્રીલંકા | બેંગ્લુરૂ |
| પહેલી ઓક્ટોબર | ઓસ્ટ્રેલિયા વિ. ન્યૂઝીલેન્ડ | ઇન્દોર |
| બીજી ઓક્ટોબર | બાંગ્લાદેશ વિ. પાકિસ્તાન | કોલંબો |
| ચોથી ઓક્ટોબર | ઓસ્ટ્રેલિયા વિ. શ્રીલંકા | કોલંબો |
| પાંચમી ઓક્ટોબર | ભારત વિ. પાકિસ્તાન | કોલંબો |
| છઠ્ઠી ઓક્ટોબર | ન્યૂઝીલેન્ડ વિ. સાઉથ આફ્રિકા | ઇન્દોર |
| સાતમી ઓક્ટોબર | ઇંગ્લેન્ડ વિ. બાંગ્લાદેશ | ગુવાહાટી |
| આઠમી ઓક્ટોબર | ઓસ્ટ્રેલિયા વિ. પાકિસ્તાન | કોલંબો |
| નવમી ઓક્ટોબર | ભારત વિ. સાઉથ આફ્રિકા | વિઝાગ |
| ૧૦મી ઓક્ટોબર | ન્યૂઝીલેન્ડ વિ. બાંગ્લાદેશ | વિઝાગ |
| ૧૧મી ઓક્ટોબર | ઇંગ્લેન્ડ વિ. શ્રીલંકા | ગુવાહાટી |
| ૧૨મી ઓક્ટોબર | ભારત વિ. ઓસ્ટ્રેલિયા | વિઝાગ |
| ૧૩મી ઓક્ટોબર | સાઉથ આફ્રિકા વિ. બાંગ્લાદેશ | વિઝાગ |
| ૧૪મી ઓક્ટોબર | ન્યૂઝીલેન્ડ વિ. શ્રીલંકા | કોલંબો |
| ૧૫મી ઓક્ટોબર | ઇંગ્લેન્ડ વિ. પાકિસ્તાન | કોલંબો |
| ૧૬મી ઓક્ટોબર | ઓસ્ટ્રેલિયા વિ. બાંગ્લાદેશ | વિઝાગ |
| ૧૭મી ઓક્ટોબર | સાઉથ આફ્રિકા વિ. શ્રીલંકા | કોલંબો |
| ૧૮મી ઓક્ટોબર | ન્યૂઝીલેન્ડ વિ. પાકિસ્તાન | કોલંબો |
| ૧૯મી ઓક્ટોબર | ભારત વિ. ઇંગ્લેન્ડ | ઇન્દોર |
| ૨૦મી ઓક્ટોબર | શ્રીલંકા વિ. બાંગ્લાદેશ | કોલંબો |
| ૨૧મી ઓક્ટોબર | સાઉથ આફ્રિકા વિ. પાકિસ્તાન | કોલંબો |
| ૨૨મી ઓક્ટોબર | ઓસ્ટ્રેલિયા વિ. ઇંગ્લેન્ડ | ઇન્દોર |
| ૨૩મી ઓક્ટોબર | ભારત વિ. ન્યૂઝીલેન્ડ | ગુવાહાટી |
| ૨૪મી ઓક્ટોબર | પાકિસ્તાન વિ. શ્રીલંકા | કોલંબો |
| ૨૫મી ઓક્ટોબર | ઓસ્ટ્રેલિયા વિ. સાઉથ આફ્રિકા | ઇન્દોર |
| ૨૬મી ઓક્ટોબર | ઇંગ્લેન્ડ વિ. ન્યૂઝીલેન્ડ | ગુવાહાટી |
| ૨૬મી ઓક્ટોબર | ભારત વિ. બાંગ્લાદેશ | બેંગ્લુરૂ |
| ૨૯મી ઓક્ટોબર | પ્રથમ સેમિફાઇનલ | ગુવાહાટી/કોલંબો |
| ૩૦મી ઓક્ટોબર | બીજી સેમિફાઇનલ | બેંગ્લુરૂ |
| બીજી નવેમ્બર | ફાઇનલ | બેંગ્લુરૂ/કોલંબો |

## નાની ટીમોને પ્રોત્સાહન આપવા ICC ચાર દિવસની ટેસ્ટ રમાડશે

**દુબઈ**

આઈસીસી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં ચાર દિવસીય ટેસ્ટ મેચને મંજૂરી આપવા માટે તૈયાર છે જેના કારણે નાના દેશોની ટીમોને વધારે રમવા તથા લાંબી સિરીઝ રમવામાં મદદ મળશે. વર્તમાન ડબ્લ્યૂટીસી સાઈકલમાં આઈસીસી દ્વારા માત્ર પાંચ દિવસીય ટેસ્ટ મેચને મંજૂરી આપવામાં આવી છે અને આ કારણથી નાની સિરીઝ ઉપર વધારે ધ્યાન આપવામાં આવી રહ્યું છે. શ્રીલંકા અને બાંગ્લાદેશ વચ્ચેની મંગળવારથી શરૂ થયેલી બે ટેસ્ટની શ્રેણી સાથે ૨૦૨૫-૨૭ની સાઈકલનો પ્રારંભ થઈ ચૂક્યો છે. નવ દેશો વચ્ચે રમાનારી ૨૭માંથી ૧૭ ટેસ્ટ શ્રેણી માત્ર ૨-૨ મેચ રમશે. છ શ્રેણીમાં ૩-૩ ટેસ્ટ રમાશે. ઈંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા અને ભારત તમામ એકબીજા સામે પાંચ-પાંચ ટેસ્ટની એક-એક શ્રેણી રમશે.

## મેચમાં ત્રણ સુપર ઓવર, નેધરલેન્ડ્સે નેપાળને હરાવીને નવો રેકોર્ડ સજ્યો

**ગ્લાસ્ગો (સ્કોટલેન્ડ)**

નેધરલેન્ડ્સે ટી૨૦ ઈન્ટરનેશનલ ત્રિકોણીય શ્રેણીની મેચમાં નેપાળને ત્રીજી સુપર ઓવરમાં હરાવીને નવો રેકોર્ડ નોંધાવ્યો હતો. ટી૨૦ અથવા લિસ્ટ-એ ક્રિકેટના ઈતિહાસમાં કોઈ એક મેચનું પરિણામ ત્રીજી સુપર ઓવરમાં આવ્યું હોય તેવું પ્રથમ વખત બન્યું છે. માઈકલ લેવિટે આ મેચની ત્રીજી સુપર ઓવરમાં સિક્સર ફટકારીને નેધરલેન્ડ્સને વિજય અપાવ્યો હતો. નેધરલેન્ડ્સે પ્રથમ બેટિંગ કરીને ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૫૨ રન બનાવ્યા હતા. જવાબમાં નેપાળ પણ આઠ વિકેટે ૧૫૨ રન કરતા મેચ ટાઈ પડી હતી.

પ્રથમ સુપર ઓવરમાં કુશાલે ૧૮ રન બનાવીને નેપાળને ૧૯ રને પહોંચાડયું હતું પરંતુ નેધરલેન્ડ્સના ઓપનર મેક્સ ઓહોવે છગ્ગો અને ચોગ્ગા ફટકારીને સ્કોર સરભર કર્યો હતો. નેધરલેન્ડ્સે બીજી સુપર ઓવરમાં ૧૭ રન બનાવ્યા હતા જવાબમાં નેપાળેના દીપેન્દ્રસિંહે છેલ્લા બોલે છગ્ગો સુપર ઓવર ટાઈ પડી હતી. નેપાળે ત્રીજી સુપર ઓવરમાં પ્રથમ બેટિંગ કરી હતી પરંતુ એક પણ રન નોંધાવ્યો નહોતો. નેધરલેન્ડ્સને વિજય માટે માત્ર એક રનની જરૂર હતી. લેવિટે સંદીપના પ્રથમ બોલે જ છગ્ગો ફટકારીને મેચનો રોમાંચક અંત આણ્યો હતો. આ ત્રિકોણીય શ્રેણીમાં યજમાન સ્કોટલેન્ડ ત્રીજી ટીમ છે.

## BCCIને ઝટકો : કોચી ટસ્કર્સને 538 કરોડ ચુકવવા કોર્ટનો આદેશ

**કેરળ**

પૂર્વ IPL ફ્રેન્ચાઈઝી કોચી ટસ્કર્સ કેરળ અને બીસીસીઆઈ વચ્ચે ચાલી રહેલી કાનૂની લડાઈમાં બીસીસીઆઈને મોટો ઝટકો લાગ્યો છે. બોમ્બે હાઈકોર્ટે બીસીસીઆઈને કોચી ટસ્કર્સને 538 કરોડ રૂપિયા ચૂકવવાનો આદેશ આપ્યો છે. તમને જણાવી દઈએ કે, ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડએ 2011માં IPL ટીમ કોચી ટસ્કર્સ કેરળને ટર્મિનેટ (બહાર) કરી દીધી હતી. ત્યાર બાદથી જ ટીમ માલિકો અને બીસીસીઆઈ વચ્ચે આ મામલો કોર્ટમાં ચાલી રહ્યો હતો. હવે બોમ્બે હાઈકોર્ટે ચુકાદો આપ્યો છે કે, બીસીસીઆઈએ ટીમ માલિકોને 538 કરોડ રૂપિયા ચૂકવવા પડશે, કારણ કે ટીમને નિયમો પ્રમાણે કોઈ નક્કર કારણ વિના બહાર કરવામાં આવી હતી.

# ઈરાન-ઈઝરાયલ યુદ્ધમાં US ઝંપલાવશે : ટ્રમ્પની હુમલાની મંજૂરી

## ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનેઈએ કહ્યું, અમેરિકા હુમલામાં જોડાશે તો ખરાબ પરિણામો આવશે

**વોશિંગ્ટન**

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન પર હુમલો કરવાની યોજનાને મંજૂરી આપી દીધી છે. તેમણે અંતિમ આદેશની રાહ જોવાનું કહ્યું છે. ટ્રમ્પે તેમના વરિષ્ઠ સાથીદારો સાથે એક મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. આ દરમિયાન તેમણે હુમલા કરવાની મંજૂરી આપી હતી. ટ્રમ્પે સ્પષ્ટ કહ્યું હતું કે અંતિમ આદેશ પછી હુમલો કરવામાં આવશે અને આ દરમિયાન તેમણે ઈરાન તેના પરમાણુ કાર્યક્રમને છોડી દેવા માટે સંમત થાય છે કે નહીં તે જોવાનું કહ્યું હતું.

એક જાણીતા અમેરિકન મીડિયાના અહેવાલમાં આ દાવો કરવામાં આવ્યો છે. તેમાં બેઠકમાં હાજર ત્રણ લોકો દ્વારા આપવામાં આવેલી માહિતીને ટાંકીને આ જાણકારી અપાઈ છે. અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, "પ્રમુખ ટ્રમ્પને આશા છે કે ઈઝરાયલી હુમલાઓમાં અમેરિકાની સંડોવણીના ભયને કારણે તેહરાન તેનો પરમાણુ કાર્યક્રમ છોડી દેશે."

ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનેઈ તેમની ધમકીઓને નકારી કાઢી ચુક્યા હતા અને ટ્રમ્પને ધમકી આપી હતી કે જો અમેરિકા ઈઝરાયલના હુમલામાં જોડાશે તો તેના "ખરાબ પરિણામો" આવશે. તેમણે કહ્યું કે ઈરાન ક્યારેય ઝૂકશે નહીં. તેમણે ચેતવણી આપી હતી કે કોઈપણ અમેરિકન લશ્કરી હસ્તક્ષેપનો સખત જવાબ આપવામાં આવશે, જેનાથી અમેરિકાને "ભરપાઈ ન થઈ શકે તેવું નુકસાન" થશે.

## ચીને ઈરાનને વિમાનથી શસ્ત્રો મોકલ્યાં

ઇઝરાયલી સંરક્ષણ દળોના જણાવ્યા પ્રમાણે ઈરાનનાં હાઈપરસોનિક મિસાઇલ્સના હુમલામાં ૨૦થી વધુ લોકો માર્યા ગયા છે, ૬૦૦થી વધુ ઘાયલ થયા છે. ઈરાને કહ્યું કે ઇઝરાયલી હુમલામાં ૨૨૦થી વધુનાં મૃત્યુ થયા છે, જ્યારે ૧૮૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે. ગત શુક્રવારે એટલે કે ૧૩મી જૂને ઇઝરાયલી સેનાએ સવારના જ 'ઓપરેશન-રાઈઝિંગ-લાયન' લૉન્ચ કરી ઈરાનનાં સૈન્ય મથકો અને પરમાણુ કેન્દ્રો ઉપર જોરદાર હુમલા કર્યા હતા. દરમિયાન તેવા સમાચાર મળ્યા છે કે જેવો ઇઝરાયલે ઈરાન પર હુમલો કર્યો તેની પહેલાના દિવસે જ ચીનનાં એક માલવાહક વિમાને ઉડાન ભરી હતી. તેની પહેલાના દિવસે પણ એક કાર્ગો પ્લેન પણ ઈરાનને શસ્ત્રો પહોંચાડયા હતા. તેના આગળના સોમવારે પણ એક કાર્ગો પ્લેન ચીને ઈરાનને શસ્ત્રો ભરી મોકલ્યું હતું.

# પાકિસ્તાનમાં વિસ્ફોટથી જાફર ટ્રેનના છ કોચ પાટા પરથી ઉતરતા નાસભાગ

**ઈસ્લામાબાદ**




પાકિસ્તાનમાં બુધવારે રેલવે સ્ટેશન પાસે ભયાનક વિસ્ફોટ થયો છે. અહીં ટ્રેક પર રખાયેલો બોંબ ધડાકા ભેર ફૂટતા જાફર એક્સપ્રેસના છ કોચ પાટા પરથી ઉતરી ગયા છે. વિસ્ફોટ એટલો ભયાનક હતો કે, સ્ટેશન પરની છત પર ઉડી ગઈ છે. ઘટના સ્થળ અશાંત બલૂચિસ્તાનની નજીક જ આવેલું છે. ઘટનામાં કેટલાક લોકોના મોત થયા, તેની કોઈ માહિતી સામે આવી નથી.

સિંધ પ્રાંતના જૈકોબાબાદમાં પશુ માર્કેટ પાસે આવેલા રેલવે ટ્રેક પર વિસ્ફોટ થયા બાદ ભારે અફરાતફરી મચી ગઈ હતી. જાફર એક્સપ્રેસ પાટા પર ઉતરી જતા અનેક મુસાફરોને ઈજા થઈ હોવાના અહેવાલો સામે આવ્યા છે. ધડાકા બાદ પોલીસની ટુકડીએ વિસ્તારને ઘેરી લીધો છે. અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ધડાકાના કારણોની તપાસ શરૂ કરી દીધી છે.

# ઈન્ડોનેશિયામાં જવાળામુખી ફાટતાં હજારોનું સ્થળાંતર ઉડ્ડયનો રદ, અનેક સ્થળોએ રાખ-કાટમાળના ઢગલા





લેમ્બાટા : ઈન્ડોનેશિયાનો જ્વાળામુખી માઉન્ટ લેવોટોબિ લાકિ લાકિ ધુમાડાના ગોટેગોટા સાથે બુધવારે ફરીથી ફાટતા રાખના ઢગલા થઈ ગયા હતા. જ્વાળામુખી ફાટતા ગામોને ખાલી કરવા પડયા તથા બાલિના રિસોર્ટ ટાપુ ખાતે જતી-આવતી ફ્લાઈટો સાથેના વિમાન-ઉડ્ડયનો રદ કરવા પડયા. જ્વાળામુખી ફાટતાં લોકોને જે સ્થળ છોડી દેવા માટે ભલામણ કરવામાં આવે છે એ જોખમી સ્થળ, જ્વાળામુખીના મુખથી આઠ કિલોમીટરના વિસ્તારમાં પથરાયું હતું.

# એક સાથે વૈશ્વિક પ્રગતિ માટે કાર્યરત બની રહીએ : G7 મીટમાં વડાપ્રધાન મોદીએ કહ્યું

## દ.કોરિયા, મેક્સિકો, દ.આફ્રિકા, ફ્રાંસ, બ્રિટન, ઈટાલી, ઓસ્ટ્રેલિયાના અગ્રણીઓએ ચર્ચા કરી

**લંડન**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિશ્વના કેટલાયે દેશોના અગ્રણીઓ સાથેની તેઓની મુલાકાતને સફળ ગણાવી હતી અને વિશ્વનાં ઉજ્જ્વળ ભવિષ્ય માટે વિશ્વ સમક્ષ રહેલા પડકારોને પરાસ્ત કરવા એલાન આપ્યું હતું.

કેનેડાનાં કેનાસ્કીમાં પર્વતીય પાશ્વાદભૂમિકામાં યોજાયેલી જી-૭ દેશોની શિખર પરિષદમાં કેનેડાના વડાપ્રધાન કાર્નીનાં વિશેષ આમંત્રણથી ઉપસ્થિત રહેલા નરેન્દ્ર મોદીએ તેઓનાં વક્તવ્યમાં ઋતુ પરિવર્તન, વિકાસ, વૈશ્વિક સલામતી અને શાંતિ સાથે વિકાસ અંગે વાત કરી હતી. આ ઉપરાંત તેઓએ વિશ્વના અગ્રીમ દેશોના અગ્રણીઓ પૈકી તમામ સાથે એક-થી-એક મંત્રણા પણ કરી હતી. તેઓ દક્ષિણ કોરિયા, મેક્ષિકો, દક્ષિણ આફ્રિકા, ફ્રાંસ, બ્રિટન, ઈટાલી અને અન્ય દેશોના અગ્રણીઓ સાથેની મંત્રણામાં દ્વિપક્ષીય તેમજ બહુપક્ષીય વાટાઘાટો કરી હતી. ફ્રાંસના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રો, બ્રિટિશ પી.એમ. કીર સ્ટારમેર, ઈટાલીનાં વડાપ્રધાન જ્યોર્જિયા મેલોની અને ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થની આલ્બાનીઝ સાથે તો લંબાણપૂર્વક મંત્રણા કરી હતી.

જ્યોર્જિયા મેલોનીએ ભારત સાથેની ઈટાલીની મૈત્રી ઉપર ઘણો જ ભાર મૂક્યો હતો અને કહ્યું હતું કે તેથી બંને દેશોની જનતાને ઘણો જ લાભ થઈ રહ્યો છે. આલ્બાનીઝ સાથેની મંત્રણાને તેમજ જર્મનીના ચાન્સેલર મર્ઝ સાથેની મંત્રણામાં તેઓએ દ્વિપક્ષીય સંબંધો મજબૂત કરવા પ્રતિબદ્ધતા દર્શાવી હતી.

# ભારત-ક્રોએશિયા વચ્ચે મહત્ત્વપૂર્ણ કરારો મોદીએ કહ્યું, આતંકવાદ માનવતાનો દુશ્મન

**ઝગરેબ**




વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હાલ ક્રોએશિયાની મુલાકાતે છે, ત્યારે ભારત અને ક્રોએશિયા વચ્ચે ઘણા મહત્ત્વપૂર્ણ કરારો થયા છે. આ દરમિયાન વડાપ્રધાન મોદીએ સંબોધન કર્યું છે અને સ્વાગત બદલ ક્રોએશિયાના વડાપ્રધાન આંદ્રેજ પ્લેંકોવિકનો આભાર માન્યો છે. તેમણે કહ્યું કે, 'આ ઐતિહાસિક ધરતી પર ઉત્સાહ, આત્મીયતા અને સ્નેહ સાથે સ્વાગત થયું છે, તે બદલ હું વડાપ્રધાન પ્લેંકોવિક અને ક્રોએશિયા સરકારનો આભાર માનું છું. બંને દેશો લોકશાહી, રૂલ ઓફ લૉ અને સમાનતા જેવા સમાન મૂલ્યો સાથે જોડાયેલા છે. તેમણે કહ્યું કે, 'ભારતના લોકો અને ક્રોએશિયાના લોકોએ મને અને પીએમ આંદ્રેજને સતત ત્રીજી વખત સેવા કરવાની તક આપી. અમે પ્રજાના વિશ્વાસ સાથે અમારા ત્રીજા કાર્યકાળમાં અમારા દ્વિપક્ષીય સંબંધોને ત્રણ ઘણો વધુ વેગ આપવાનો નિર્ણય કર્યો છે.

# ઓસ્ટ્રેલિયામાં એક નવો 'નેશનલ ઈનોવેશન વિઝા' શરૂ કરાયો

**મેલબોર્ન**

ઓસ્ટ્રેલિયા દુનિયાના સૌથી ટેલેન્ટેડ, ઈનોવેટિવ અને ક્રિએટીવ લોકોને અહીં સ્થાયી કરવા માંગે છે. અહીંની સરકાર ઈચ્છે છે કે આવા લોકો દેશમાં આવે અને ઓસ્ટ્રેલિયન અર્થતંત્રમાં યોગદાન આપે. આ માટે, એક નવો 'નેશનલ ઈનોવેશન વિઝા' શરૂ કરવામાં આવ્યો હતો.

આ વિઝા દ્વારા, એવા લોકોને દેશમાં લાવવાની યોજના છે જેમણે ઈનોવેશન, શિક્ષણ, આર્ટ્સ, રોકાણ અને રમતગમતમાં શાનદાર પ્રદર્શન કર્યું છે. આ વિઝા કુશળ લોકોને આપવામાં આવશે જેથી તેઓ દેશના અર્થતંત્રમાં યોગદાન આપી શકે. ન્યુ સાઉથ વેલ્સ અને સાઉથ ઓસ્ટ્રેલિયા જેવા બે રાજ્યોએ નવા નેશનલ ઈનોવેશન વિઝા માટે ક્રાઈટેરિયા જાહેર કર્યા છે. જે લોકો આ ક્રાઈટેરિયા પૂર્ણ કરે છે તેમને વિઝા આપવામાં આવશે જેથી તેઓ કામ કરી શકે.

# સ્વિસ બેંકોમાં 3 ગણા વધ્યા ભારતીયોના પૈસા, ગ્રાહકોની રકમમાં 11 ટકાનો ઉછાળો

**બર્ન**

સ્વીટઝર્લેન્ડની સેન્ટ્રલ બેંક દ્વારા ગુરુવારે જાહેર કરાયેલા તાજેતરના આંકડા અનુસાર, સ્વિસ બેંકોમાં ભારતીયો દ્વારા રાખવામાં આવેલા નાણા 2024 માં ત્રણ ગણા વધીને 3.5 અબજ સ્વિસ ફ્રેંક (લગભગ 37,600 કરોડ) થવાના છે. આ ઉછાળો મુખ્યત્વે સ્થાનિક શાખાઓ અને અન્ય નાણાકીય સંસ્થાઓ દ્વારા જમા કરાયેલી મોટી રકમને કારણે છે, જ્યારે ભારતીય ગ્રાહકોના વ્યક્તિગત ખાતામાં રહેલી રકમમાં માત્ર 11% નો વધારો થયો છે.

SNB એ સ્પષ્ટતા કરી છે કે આ આંકડા બેંકો દ્વારા સત્તાવાર રીતે રિપોર્ટ કરવામાં આવ્યા છે અને કથિત કાળા નાણાને પ્રતિબિંબિત કરતા નથી. તેમાં ત્રીજા દેશોમાં સંસ્થાઓ દ્વારા ભારતીયો દ્વારા રાખવામાં આવેલા ભંડોળનો સમાવેશ થતો નથી. સ્વિસ અધિકારીઓએ વારંવાર કહ્યું છે કે ભારતીય રહેવાસીઓ દ્વારા સ્વિટ્ઝર્લેન્ડમાં રાખવામાં આવેલી સંપત્તિઓને આપમેળે કાળા નાણા ગણી શકાય નહીં. 2023 માં સ્વિસ બેંકોમાં ભારતીયો દ્વારા રાખવામાં આવેલા ભંડોળમાં 70% નો મોટો ઘટાડો થયો હતો, જેના કારણે રકમ ઘટીને 1.04 અબજ સ્વિસ ફ્રેંક થઈ ગઈ હતી.

# ભારતને S-400 મિસાઈલ સિસ્ટમની ડિલિવરી આપવા પ્રતિબદ્ધ છીએ : રશિયા

**નવી દિલ્હી**

વિશ્વમાં જિઓ-પોલિટિકલ ટેન્શન સતત વધી રહ્યું છે. ઈરાન- ઈઝ્રાયલ અને રશિયા-યુક્રેન વચ્ચે ભીષણ યુદ્ધ ચાલી રહ્યું છે. વિશ્વમાં યુદ્ધની સ્થિતિ વચ્ચે રશિયા ભારતને S-400 મિસાઈલ સિસ્ટમની ડિલિવરી આપવા પ્રતિબદ્ધ છે. દેશના રક્ષા સચિવ રાજેશ કુમાર સિંહે મીડિયા સાથે ઈન્ટરવ્યૂમાં વૈશ્વિક પડકારોની સપ્લાય ચેઈન અને ભારતની સ્ટ્રેટેજી પર અસર મુદ્દે જવાબ આપતી વખતે આ અંગે જણાવ્યું હતું. સિંહે જણાવ્યું કે, યુદ્ધની સ્થિતિ વચ્ચે રશિયા આગામી વર્ષેS-400મિસાઈલ સિસ્ટમની ડિલિવરી આપવા પ્રતિબદ્ધ છે. જેમાં થોડો વિલંબ થવાની સંભાવના જોવા મળી રહી છે. ભારત કોન્ટ્રાક્ટને સમયસર પૂર્ણ કરવા ઉપરાંત તેની ક્ષમતાઓમાં વધારો કરવા પર ફોકસ કરી રહ્યું છે.

# સ્કારબોરોમાં શોકસભા : અમદાવાદ પ્લેન દુર્ઘટનાના પીડિતોને શ્રદ્ધાંજલિ



**ઓન્ટેરિયો**

૧૨ જૂન, ૨૦૨૫ના રોજ અમદાવાદમાં થયેલી વિમાન દુર્ઘટનામાં થયેલા 279 લોકોના મોત થયા હતા. આ ઘટનામાં કમભાગી લોકોના આત્માની શાંતિ માટે

શનિવાર, 14 જૂન, 2025ના રોજ શ્રી રાધાકૃષ્ણ મંદિર, સ્કારબોરો, ઓન્ટારિયો ખાતે એક શોકસભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં શાંતિ અને ઉપચાર માટે ખાસ પ્રાર્થના, સુંદરકાંડ અને શાંતિ પાઠ કરાયા હતા. મિસિસગાના દંત ચિકિત્સક ડૉ. નિરાલી પટેલ સહિત તમામે પીડિતોને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ આપી હતી.

ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીને પણ યાદ કરાયા હતા. આ સાથે જ પીડિતોના પરિવારને ભગવાન આઘાત સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના કરાઈ હતી. જીતુભાઈ જોશીએ ગીતા સાર અને ભક્તિમય ભજનોનું પઠન કર્યું હતુ. હર્ષિદાબેને શાંતિ પાઠ કર્યો હતો. મંદિરનાં પૂજારી શર્માજીએ મૃતકોને શ્રદ્ધાંજલિ આપી હતી. જે બાદ ૧૫૦થી વધુ સભ્યો એક ઊંડા ભાવ સાથે દીપ પ્રગટાવવા ઉભા થયા હતા.

દરેક વ્યક્તિએ દિવંગતોના આત્માઓ માટે શાંતિ, પ્રકાશ અને આશાના પ્રતીક તરીકે દિવા પ્રગટાવ્યા હતા. સૌએ એવી લાગણી વ્યક્ત કરી હતી કે, પીડિતોના માથે આવી પડેલી આ આફત સમયે અમે તમામ પીડિતોના પરિવાર સાથે છે.

# 3 વર્ષમાં મહિલાઓમાં સ્પોર્ટ્સ પ્રત્યેની ધારણામાં સુધારો થયો

**ટોરોન્ટો**

કેનેડામાં મહિલા સ્પોર્ટ્સના વિસ્ફોટક વિકાસ અંગેનો નવો ડેટા તેની વધતી જતી લોકપ્રિયતા પર ભાર મૂકે છે, પરંતુ તે પણ દર્શાવે છે કે, તેનું માળખાકીય સમર્થન હજુ પણ પાછળ છે. ટોર્ક સ્ટ્રેટેજીસ ખાતે સ્ટ્રેટેજી અને ગ્રોથના વાઈસ પ્રેસિડેન્ટ જેસિકા ડોહર્ટીએ બુધવારે સવારે ટોરોન્ટોના એવરગ્રીન બ્રિક વર્ક્સ ખાતે espnWસમિટ કેનેડામાં એક નવા રાષ્ટ્રીય સર્વેક્ષણના તારણો રજૂ કર્યા હતા. અભ્યાસના મુખ્ય તારણો પૈકી એક એ છે કે, ૬૦ ટકા કેનેડિયનો માને છે કે, છેલ્લા ત્રણ વર્ષમાં મહિલા સ્પોર્ટ્સ પ્રત્યેની ધારણામાં સુધારો થયો છે. છેલ્લા ત્રણ વર્ષમાં કેનેડામાં ત્રણ વ્યાવસાયિક મહિલા સ્પોર્ટ્સ મિલકતો શરૂ કરવામાં આવી છે. અહેવાલ મુજબ, 41 ટકા કેનેડિયનો મહિલા સ્પોર્ટ્સને રાષ્ટ્રીય રોકાણ તરીકે જુએ છે. બધી જાતિઓમાં લોકપ્રિયતામાં વધારો, મોટાભાગે, પ્રોફેશનલ વિમેન્સ હોકી લીગ, સોકરની નોર્ધન સુપર લીગની સ્થાપના અને 2026 સીઝન માટે મહિલા રાષ્ટ્રીય બાસ્કેટબોલ એસોસિએશન ટોરોન્ટોમાં વિસ્તરણ કરશે તેવી જાહેરાતને કારણે થયો હતો. જોકે, અહેવાલમાં એ પણ જાણવા મળ્યું છે કે, 30 ટકાથી વધુ ચાહકો માને છે કે મીડિયા, સ્પોન્સરશિપ અને નીતિમાં રોકાણનો અભાવ છે.

# ટેક્સ કાપ : દરેક પરિવાર આવતા વર્ષે $ 280ની બચત કરી કરશે

## કર કાપ પુરતો ન હોવાની કન્ઝર્વેટિવિસ પાર્ટીની દલીલ

**ટોરોન્ટો**

લિબરલ સરકારના આયોજિત આવકવેરામાં કાપથી સરેરાશ કેનેડિયન પરિવાર આવતા વર્ષે તેમના કર ઉપર $280 બચાવશે, એમ સંસદીય બજેટ અધિકારીએ બુધવારે પ્રકાશિત કરેલા વિશ્લેષણમાં જણાવ્યું હતું. પરંતુ કેટલાક વરિષ્ઠ અને સિંગલ કેનેડિયનો ઓછી બચત કરે તેવી અપેક્ષા છે, જેના કારણે કન્ઝર્વેટિવ્સ તરફથી ટીકા થઈ રહી છે જેઓ દલીલ કરે છે કે કર કાપ પૂરતો નથી. લિબરલ દરખાસ્ત આ વર્ષે કેનેડિયનોની કરપાત્ર આવકના પ્રથમ $ 57,375 પર કર દર 15 ટકાથી ઘટાડીને 14.5 ટકા કરશે અને આવતા વર્ષે 14 ટકા કરશે. વસંત ફેડરલ ચૂંટણી દરમિયાન આ વચન લિબરલ ઝુંબેશનો આધારસ્તંભ હતું. તે સમયે, વડાપ્રધાન માર્ક કાર્નીની યોજનામાં બેવડી આવક ધરાવતા પરિવાર માટે $825 સુધીની વાર્ષિક બચતનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો. ગયા મહિનાના અંતમાં જ્યારે કાયદો વેઝ એન્ડ મીન્સ પ્રસ્તાવ દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો, ત્યારે ફાઈનાન્સ કેનેડાએ પ્રતિ દંપતી $ 840ની મહત્તમ કર બચતનો અંદાજ લગાવ્યો હતો.



# CLUB CERAMIC

**Porcelain Tiles : Premium Quality and Best Price**

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

**MONTREAL**
3590, Rue Griffith, Saint Laurent, QC, H4T 1A7
Phone: +1-514-260-2242 / +1-514-813-3850

**OTTAWA**
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

**CAMBRIDGE**
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-542-1508 , +1-647-527-6030

https://clubceramic.com Email : sales@clubceramic.com

# MOTEL for SALE

## NIRAJ PANCHOLI, REALTOR®

Mechanical Engineer (Ahmedabad, India)

**Cell: 647-866-2790**

Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011

Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



**MOTEL KING: Specializing in Selling Motels with Proven Records of Many SOLD Motels**

**SOLD OVER 50 Hotels & Motels in ON. TOP 75 Producers & Centurion Producer Awards Winner**

**Urgent Listing Require: Motels & Hotels**
**Any Size, Any Price, Any Location**
Qualified Buyers Having
**40% To 50% Down Payment,**
Are Ready To Sign The Offer And
CLOSE the Deal ASAP

**78 Room Hotel Ramada by Wyndham - $6.99 Million - SOLD**

**54 ROOM HOTEL – Gananoque (1000 Islands) ON - $3.2 Million**
Spread on 7 Acres of land with Indoor and outdoor swimming pool, restaurant & bar (currently closed- only serves breakfast) banquet hall, party room, execellent business from the tour buses. Current owner runs it seasonal only (form April to October only). Great future potential to grow.

**16 ROOM MOTEL – Near Sudbury - $1.2 Million**
Recently Renovated Rooms, Indoor corridor – easy ONE MAN operation. Right on Hwy 17 & snow mibile trail. No competition, Huge area of Restaraunt and Bar (closed). Year round business.
**Ideal for couple/semi-retired lifestyle, work limited hours & still make great profit**

**17 ROOM MOTEL – Chatham - $1.7M**
Renovated and upgraded Owner's House and Motel Rooms. All aminites close by. Year round bunineess with repeat customers. Very low operating costs.

**Coming up For Sale – Motels & Hotels**
12 Room Motel – Near North Bay / Hwy 11
35 Room Motel – 8 Hrs North / Hwy 11
54 Room Hotel – 3 Hrs East / Hwy 401
43 Room Motel & Pizza Store – 8 Hrs North
Super 8 by Wyndham – 2 hrs from GTA

**21 ROOM MOTEL– Gravenhurst - $1.7M**
All rooms 100% occuplied by the long-term customers. Restaurant (currenlty closed) Buyer to assum everyone staying there AS IS. 3 Acres of land, all muncipal services – opportunity for future development

**Motel Jobs AND Working Partner opportunity available**
Front Desk, Housekeeping, General work
Must speak good english for front desk
**(must be on WP, PR or Citizen)**
Acomodation + Compititive Salary

**Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office: 905-366-8100**